



# અમદાવાદ એક્સપ્રેસ


Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654






**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 42.00 | 28.00 |
| વડોદરા | 42.00 | 28.00 |
| સુરત | 38.00 | 28.00 |







**08** MAY-2024 WEDNESDAY







**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 73511.85 | ▼ | 383.69 |
| નિફ્ટી | 22302.50 | ▼ | 140.20 |
| સોનું | 71,124.00 | ▼ | 245.00 |
| ચાંદી | 82,850.00 | ▼ | 105.00 |


વર્ષ-13 । અંક-173 । વિક્રમ સંવત-2080 । ચૈત્ર વદ-15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## લોકસભા ચુંટણી 2024 : ત્રીજા તબક્કામાં લોકશાહીના પર્વનો ભારે ઉત્સાહ જોવા મળ્યો

# દેશના 11 રાજ્યની 93 બેઠક પર સરેરાશ 65 ટકા મતદાન

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

લોકસભા ચૂંટણી 2024ના ત્રીજા તબક્કા માટે આજે(7 મે) 11 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 93 બેઠકો પર મતદાન યોજાયું હતું. ત્રીજા તબક્કામાં લોકશાહીના પર્વનો ભારે ઉત્સાહ જોવા મળ્યો. લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં દેશની 93 બેઠકો પર મતદાન થયું હતું. આ બેઠકો પર સરેરાશ 65 ટકા જેટલું મતદાન થયું છે. આસામમાં સૌથી વધુ 73 અને મહારાષ્ટ્રમાં સૌથી ઓછું 62 ટકા વોટિંગ થયું છે. આજે ગુજરાતની 25 બેઠકો, મહારાષ્ટ્રની 11, ઉત્તર પ્રદેશની 10, કર્ણાટકની 28 માંથી બાકી રહેલી 14, છત્તીસગઢની સાત, બિહારની પાંચ, બંગાળ તેમજ આસામની ચાર-ચાર અને ગોવાની બે બેઠકો પર મતદાન યોજાયું હતું. આ ઉપરાંત દમણ-દીવ અને દાદરા નગર હવેલીની બન્ને બેઠકો પર તેમજ મધ્ય પ્રદેશની 9 બેઠકો પર પણ ત્રીજા તબક્કાનું મતદાન થયું હતું. આમ, કુલ ત્રણ તબક્કામાં દેશની કુલ 280 બેઠકો પર મતદાન સંપન્ન થયું છે. હવે બાકીના ચાર તબક્કામાં 263 બેઠકો પર મતદાન થશે. ત્રીજા તબક્કામાં મુખ્ય મતદાર વિસ્તારોમાં ગુજરાતની ગાંધીનગર બેઠક અને મહારાષ્ટ્રની બારામતી બેઠકનો સમાવેશ થાય છે. ગાંધીનગરથી ગૃહમંત્રી અમિત શાહ ચૂંટણી લડી રહ્યા છે અને બારામતીથી શરદ પવારની પુત્રી સુપ્રિયા સુલે તેમના પિતરાઈ ભાઈ અજિત પવારની પત્ની સુનેત્રા પવાર સામે ચૂંટણી લડી રહી છે. ત્રીજા તબક્કાની અન્ય હોટ બેઠકોમાં મધ્યપ્રદેશની વિદિશા અને ગુનાનો સમાવેશ છે. ભાજપે વિદિશાથી પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને ટિકિટ આપી છે. તેમની સામે કોંગ્રેસના ઉમેદવાર ભાનુ પ્રતાપ શર્મા ચૂંટણી મેદાનમાં છે.

## મોદીએ અમદાવાદમાં મતદાન કર્યું : PMએ મતદારોને કહ્યું- તબિયતનું ધ્યાન રાખો, ખુબ જ પાણી પીઓ

| બેઠક | સરેરાશ મતદાન |
|---|---|
| આસામ | 75.30% |
| બિહાર | 56.55% |
| છત્તીસગઢ | 67.16% |
| ગોવા | 74.43% |
| ગુજરાત | 57.00% |
| કર્ણાટક | 68.69% |
| મધ્યપ્રદેશ | 63.36% |
| મહારાષ્ટ્ર | 54.98% |
| ઉત્તર પ્રદેશ | 57.34% |
| પશ્ચિમ બંગાળ | 73.93% |

ગાંધીનગર સંવાદદાતા
વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાનમાં અમદાવાદના નિશાન વિદ્યાલયના મતદાન કેન્દ્ર પરથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને મતદાન કર્યું હતું. વડાપ્રધાનએ લોકશાહી ના આ ચુનાવ મહાપર્વ માં સૌ નાગરિકોને ઉમળકા ભેર મતદાન કરવા અપીલ પણ કરી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત ભાઈ શાહ પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.




## ભરઉનાળે હીટવેવની વચ્ચે મતદાન...



હવામાનને ધ્યાનમાં રાખીને ભારતના ચૂંટણી પંચે પણ મતદારોને હીટવેવ અને ગરમીથી બચાવવા માટે જરૂરી પગલાં લીધા છે. એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે જેમાં આયોગની સાથે હવામાન વિભાગ, એનડીએમએ અને આરોગ્ય મંત્રાલયના લોકો સામેલ છે. છેલ્લા દસ વર્ષમાં 2014 અને 2019ની છેલ્લી બે લોકસભા ચૂંટણી આ ગરમ દાયકામાં યોજાઈ હતી. 2014માં વૈશ્વિક સરેરાશ તાપમાન એક ડિગ્રી સેલ્સિયસ પર પહોંચ્યું હતું, જ્યારે 2019માં તે વધીને 1.2 ડિગ્રી સેલ્સિયસ થયું હતું. ભારતમાં હાલ લોકશાહીનો તહેવાર કહી શકાય એવી લોકસભાની ચૂંટણી ચાલી રહી છે. આ વખતે, એપ્રિલમાં ઉનાળાની સિઝનની શરૂઆતથી, ભારતમાં હીટવેવની શરૂઆત થઈ છે.

## બિહાર અને છત્તીસગઢમાં ચૂંટણી દરમિયાન 3નાં મોત

- બિહારમાં વોટિંગ દરમિયાન હાર્ટ-એટેકથી બે લોકોનાં મોતના સમાચાર
- મુર્શિદાબાદના બીજેપી અને ટીએમસી સમર્થક વચ્ચે ઘર્ષણ
- સંભલમાં લાઠીચાર્જ કરાયો, પોલીસે દોડાવી દોડાવીને માર્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

સંભલમાં પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. પોલીસે લોકોને દોડાવીને માર માર્યો હતો. પોલીસનું કહેવું છે કે- બધા મતદાનને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, તેથી હળવા બળનો ઉપયોગ કરવો પડ્યો. યુપીમાં આજે સંભલ, હાથરસ, આગ્રા, ફતેહપુર સીકરી, ફિરોઝાબાદ, મૈનપુરી, એટા, બદાઉન, બરેલી અને આમલામાં મતદાન થયું હતું. ફિરોઝાબાદ પોલીસે 42 નકલી મતદારોને પકડ્યા હતા. મૈનપુરીમાં ભાજપના કાર્યકરો પર અજાણ્યા લોકોએ હુમલો કર્યો હતો. જેમાં કારનો કાચ તૂટી ગયો હતો. જોકે કોઈને ઈજા થઈ ન હતી. સપા પ્રમુખ અખિલેશ યાદવે પત્ની ડિમ્પલ યાદવ સાથે સૈફઈમાં મતદાન કર્યું હતું. 10 બેઠકો માટે 100 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. જેમાં 8 મહિલા ઉમેદવારો છે. 1.78 કરોડ મતદારો તેમના ભાવિનો નિર્ણય કરશે. ત્રીજા તબક્કામાં મુલાયમ પરિવારના ત્રણ સભ્યો ચૂંટણી મેદાનમાં છે. મૈનપુરીથી ડિમ્પલ યાદવ, ફિરોઝાબાદથી અક્ષય યાદવ અને બદાઉનથી આદિત્ય યાદવની પ્રતિષ્ઠા દાવ પર છે. મોદી સરકારના કેબિનેટ મંત્રી એસપી સિંહ બઘેલ (આગ્રા) અને યોગી સરકારના બે કેબિનેટ મંત્રી જયવીર સિંહ (મૈનપુરી) અને અનુપ પ્રધાન વાલ્મિકી (હાથરસ) સામે પોતાને સાબિત કરવાનો પડકાર છે.

## Quick Read

### BSP સુપ્રીમો માયાવતીએ ભત્રીજા આકાશ આનંદને રાષ્ટ્રીય સંયોજક પદથી હટાવી દીધા

લખનૌ | બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ તેમના ભત્રીજા આકાશ આનંદને પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને તેમના અનુગામી પદ પરથી હટાવી દીધા છે. માયાવતીએ પોતાની પોસ્ટમાં લખ્યું, 'એ વાત જાણીતી છે કે બસપા એક પાર્ટી હોવા સાથે બાબા સાહેબ ડૉ. ભીમરાવ આંબેડકરના સ્વાભિમાન અને સામાજિક પરિવર્તનનું આંદોલન પણ છે, જેના માટે મેં અને કાંશીરામજીએ અમારું આખું જીવન સમર્પિત કર્યું છે અને તેને વેગ આપવા માટે નવી પેઢીને પણ તૈયાર કરવામાં આવી રહી છે.

### કાશ્મીરના કુલગામમાં 2 આતંકવાદીઓ ઠાર: લશ્કર કમાન્ડર બાસિત ડારનું મોત

શ્રીનગર | જમ્મુ-કાશ્મીરના કુલગામમાં મંગળવારે એક એન્કાઉન્ટર દરમિયાન સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા હતા. એન્કાઉન્ટર હજુ ચાલુ છે. માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ ઓપરેશન પૂર્ણ થયા બાદ કરવામાં આવશે. લશ્કરનો ટોચનો કમાન્ડર બાસિત ડાર એન્કાઉન્ટરમાં માર્યો ગયો હોવાના અહેવાલ છે. એન્કાઉન્ટર દરમિયાન, સુરક્ષા દળોએ તે ઘરને બ્લાસ્ટ કર્યું જ્યાં આતંકવાદીઓ છુપાયેલા હતા.

### પતંજલિ પર સવાલ ઉઠાવી રહ્યા છો પરંતુ તમે શું કરી રહ્યા છો? હવે સુપ્રીમે IMAની ઝાટકણી કાઢી

નવી દિલ્હી । બાબા રામદેવની કંપની પતંજલિ આયુર્વેદ સામે ભ્રામક જાહેરાતનો કેસ દાખલ કરનાર IMAની જ હવે સુપ્રીમ કોર્ટે ઝાટકણી કાઢી છે. કોર્ટની ફટકાર બાદ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણે અંગત રીતે માફી માંગી હતી. ત્યારબાદ અખબારોમાં જાહેરાતો દ્વારા પણ માફી માગવામાં આવી હતી. ત્યારબાદ IMA અધ્યક્ષ ડો. આરવી અશોકને ઈન્ટરવ્યુમાં એક નિવેદન આપ્યું હતુ, જેના કારણે તેઓ ટાર્ગેટ પર છે.

### જબલપુરમાં લગ્નમાં બહેનની વિદાય થાય તે પહેલાં જ 5 ભાઈઓના મોતથી આક્રંદ

જબલપુર | સગીરોની નાદાની લગ્ન વાળા ઘર માટે એટલી ભારે પડી છે કે તેનો ઘા જીવનભર નહીં ભરાશે. લગ્નમાં બહેનની વિદાય થાય તે પહેલાં જ 5 ભાઈઓના મોત થઈ ગયા છે. બહેનના લગ્નની જાન આવવાની હતી અને ટ્રેક્ટર નીચે ડબાઈ જતાં પાંચ ભાઈઓના મોત થઈ ગયા છે. તેમાં ત્રણ સગા ભાઈ અને બે પિતરાઈ ભાઈઓ હતા. જેમાં ચારની ઉંમર તો 12 થી 15 વર્ષની જ હતી. બીજી તરફ સંબંધીઓના બે બાળકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ગમખ્વાર અકસ્માત જબલપુર-નરસિંહપુર રોડ પર ચારગવાંના તિનેટા ગામમાં થયો હતો.

# હરિયાણાની ભાજપ સરકાર પર સંકટ

## ભાજપ સરકાર લઘુમતીમાં આવી, 3 અપક્ષ ધારાસભ્યોએ સમર્થન પરત લીધું

(એજન્સી) રોહતક । તા. 07

હરિયાણામાં લોકસભા ચૂંટણી વચ્ચે ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. રાજ્યમાં જેજેપી સાથે ગઠબંધન તૂટ્યા બાદ ભાજપની સરકાર બનાવનાર 3 અપક્ષ ધારાસભ્યોએ કોંગ્રેસને સમર્થન આપ્યું છે. સમર્થન કરનારા અપક્ષ ધારાસભ્યોમાં પુંડરીના ધારાસભ્ય રણધીર ગોલન, નીલોખેરીના ધારાસભ્ય ધર્મપાલ ગોંદર અને ચરખી દાદરીના ધારાસભ્ય સોમવીર સાંગવાનનો સમાવેશ થાય છે. જણાવી દઈએ કે, હરિયાણા વિધાનસભા 90 ધારાસભ્યો વાળી વિધાનસભા છે. હાલ, વિધાનસભામાં 88 ધારાસભ્ય છે. જેમાંથી ભાજપના 40, કોંગ્રેસના 30 અને જેજેપીના 10 ધારાસભ્ય છે. આ સિવાય હરિયાણા લોકહિત પાર્ટીના એક, ઈનેલોના એક ધારાસભ્ય છે.




### હુડ્ડાએ કહ્યું, CM રાજીનામું આપે

અપક્ષ ધારાસભ્યોના આ નિર્ણયથી હરિયાણાનું રાજકારણ ગરમાયું છે. પૂર્વ સીએમ ભૂપેન્દ્ર હુડ્ડાએ માગ કરી હતી કે હરિયાણાની ભાજપ સરકાર લઘુમતીમાં આવી ગઈ છે. તેથી સીએમ નાયબ સૈનીએ રાજીનામું આપીને વિધાનસભા ચૂંટણી કરાવવી જોઈએ. રોહતકમાં પૂર્વ સીએમ ભૂપેન્દ્ર હુડ્ડાની હાજરીમાં ત્રણેયએ કોંગ્રેસને સમર્થન જાહેર કર્યું. બાદશાહપુરના રાકેશ દૌલતાબાદ પણ કોંગ્રેસને સમર્થન આપે તેવી ચર્ચા છે પરંતુ તેઓ અહીં જોવા મળ્યા નથી.

### ત્રણેય અપક્ષ ધારાસભ્યની ભાજપ સરકારથી હતી નારાજગી

ભૂપેન્દ્ર સિંહ અને પ્રદેશ અધ્યક્ષ ઉદય ભાન ધારાસભ્યોએ કોંગ્રેસને સમર્થ આપવા અંગે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તો હવે બાદશાહપુરથી ધારાસભ્ય રાકેશ દોલતાબાદ પણ પોતાનું સમર્થન કોંગ્રેસને આપી શકે છે. માનવામાં આવી રહ્યું છે કે, આ તમામ એવા ધારાસભ્ય છે જેમને મંત્રીમંડળમાં જગ્યા ન મળવાના કારણે ઘણા દિવસોથી ભાજપથી નારાજ હતા.

## કર્ણાટક સેક્સ સ્કેન્ડલ પર મોદી પહેલીવાર બોલ્યા

# પ્રજ્વલ જેવા લોકો માટે ઝીરો ટોલરન્સ નીતિ : વડાપ્રધાન મોદી

### તેને દેશ છોડવાની મંજૂરી કર્ણાટક સરકારે આપી

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

કર્ણાટક સેક્સ સ્કેન્ડલ પર પીએમ નરેન્દ્ર મોદીએ પહેલીવાર ચર્ચા કરી. તેમણે કહ્યું- પ્રજ્વલ જેવા લોકો માટે ઝીરો ટોલરન્સ નીતિ છે. કર્ણાટક સરકારે તેને દેશ છોડવાની મંજૂરી આપી દીધી છે. આ કાયદો-વ્યવસ્થાનો મુદ્દો છે. જો ઘટના ગુજરાતમાં બની હોત તો તેના માટે ગુજરાત સરકાર જવાબદાર હોત. આ જ રીતે મામલામાં કાર્યવાહી કરવા માટે કર્ણાટક સરકાર જવાબદાર છે. સોમવારે પ્રકાશિત ટાઈમ્સ નાઉ નવભારત સાથેના ઈન્ટરવ્યૂમાં મોદીએ કહ્યું- આવા અત્યાચારોને બક્ષવામાં નહીં આવે. કડક સજા થવી જોઈએ. મહિલાઓના 2 હજાર-3 હજાર વીડિયો વાયરલ થયા છે, તે તાજેતરના ન હોવા જોઈએ. આ વીડિયો તે સમયનો છે જ્યારે JDS અને કોંગ્રેસ સાથે હતા. તેમણે આ વીડિયોને ભેગો કરીને રાખ્યા હતા. હકીકતમાં, 28 એપ્રિલના રોજ, હાસન, કર્ણાટકના JDS સાંસદ પ્રજ્વલ રેવન્નાની વિરુદ્ધ તેમના જૂની ઘરની નોકરાણીએ જાતીય સતામણીની ફરિયાદ નોંધાવી હતી.

## સોનિયા ગાંધીનો વીડિયો સંદેશ જાહેર

# આવો માહોલ મોદી અને ભાજપની નિયતના કારણે ઉભો થયો : સોનિયા

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

લોકસભા ચૂંટણીનાં ત્રીજા તબક્કામાં ગુજરાતની 25 બેઠકો સહિત 11 રાજ્યોની 93 બેઠકો પર મતદાન શાંતિપૂર્ણ સંપન્ન થઈ ગયું છે. આ દરમિયાન કોંગ્રેસના રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીએ એક વીડિયો મેસેજ જાહેર કર્યો છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પર નિસાન સાધ્યુ છે અને કોંગ્રેસને વોટ આપવા લોકોને અપીલ કરી છે. ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણી (Lok Sabha Elections 2024)ના ત્રીજા તબક્કામાં આજે દેશના 11 રાજ્યોની 93 બેઠકો પર થયેલું મતદાન



શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું છે. ત્રીજા તબક્કામાં કુલ 1351થી વધુ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થયું છે, જેમાં 120 મહિલાઓનો પણ સમાવેશ થાય છે.

### તેમનું ધ્યાન માત્ર સત્તા મેળવવા તરફ...

સોનિયા ગાંધીએ કહ્યું કે, 'મારા વ્હાલા ભાઈઓ અને બહેનો... આજે દેશના તમામ ખૂણામાં યુવાઓ બેરોજગારીનો, મહિલાઓ અત્યાચારનો, દલિતો, આદિવાસીઓ, પછાત લોકો અને લઘુમતીઓ ગંભીર ભેદભાવનો સામનો કરી રહ્યા છે. આવું વાતાવરણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી (PM Narendra Modi) અને BJPના નીતિના કારણે સર્જાયું છે. તેમનું ધ્યાન કોઈપણ ભોગે સત્તા મેળવવા પર જ છે. તેમણે રાજકીય લાભ માટે નફરતને પ્રોત્સાહન આપ્યું છે.'

### સોનિયા ગાંધીએ ન્યાય પત્રનો કર્યો ઉલ્લેખ

તેમણે કહ્યું કે, 'કોંગ્રેસ પક્ષ અને મેં હંમેશા તમામની પ્રગતિ અને વંચિતોના ન્યાય તેમજ દેશને મજબૂત કરવા માટે સંઘર્ષ કર્યો છે. અમારા ન્યાય પત્ર અને અમારી ગેરંટીનો મુખ્ય હેતુ દેશને એક કરવાનો અને ગરીબો, મહિલાઓ, ખેડૂતો, શ્રમિકો અને વંચિત સમુદાયોને શક્તિ આપવાનો છે. કોંગ્રેસ અને INDIA ગઠબંધન બંધારણ અને લોકશાહીની રક્ષા કરવા માટે સમર્પિત છે. તમામના ઉજ્જવળ ભવિષ્ય માટે કોંગ્રેસ (Congress)ને મત આપો અને સાથે મળીને મજબૂત અને અખંડ ભારતનું નિર્માણ કરો.'

## બંગાળ શિક્ષક ભરતી કૌભાંડ એ સિસ્ટેમેટિક છેતરપીંડી : સુપ્રીમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડ પર સુપ્રીમ કોર્ટમાં મંગળવારે (7 મે) સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે તેને સિસ્ટેમેટિક છેતરપિંડી ગણાવી હતી. કોર્ટે કહ્યું કે આજે નોકરીઓની અછત છે. જનતાનો ભરોસો ઊઠી જાય તો કંઈ બચતું નથી. કોર્ટે ઠપકો આપતાં એમ પણ કહ્યું કે રાજ્ય સરકાર પાસે બતાવવા માટે કંઈ નથી કે ડેટા તેમના અધિકારીઓ દ્વારા જાળવવામાં આવ્યો હતો અને તેની ઉપલબ્ધતા વિશે પૂછવામાં આવ્યું હતું.



ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચ બંગાળ શિક્ષક ભરતી કૌભાંડની સુનાવણી કરી રહી છે.

## કેજરીવાલની જામીન અરજી પર સુપ્રીમે ચુકાદો અનામત રાખ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

દિલ્હી દારૂ કૌભાંડમાં ધરપકડ કરાયેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર આજે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી થઈ હતી. જેમાં કેજરીવાલે ધરપકડને કોર્ટમાં પડકારી હતી. આ કેસની સુનાવણી જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેંચ દ્વારા કરાઈ હતી. જોકે આજે અરવિંદ કેજરીવાલના વચગાળાના જામીન પર નિર્ણય આવ્યો નથી. સુપ્રીમ કોર્ટે જામીન અંગે કોઈ નિર્ણય આપ્યો નથી. આ તપાસ બાબતે ED વતી એડિશનલ



સોલિસિટર જનરલ એસવી રાજુએ કહ્યું હતું કે જ્યારે અમે તપાસ શરૂ કરી ત્યારે અમારી તપાસ સીધી કેજરીવાલ સામે નહોતી.

# પશ્ચિમ બંગાળમાં વરસાદને કારણે 12ના મોત થયા

## વાવાઝોડાને કારણે અનેક જગ્યાએ વૃક્ષો પડી ગયા, રેલવે સેવાને અસર, 10 મે સુધી ભારે વરસાદનું એલર્ટ

(એજન્સી) કોલકાતા । તા. 07

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું છે કે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે અત્યાર સુધીમાં 12 લોકોના મોત થયા છે. સોશિયલ મીડિયા પર શોક વ્યક્ત કરતા સીએમએ કહ્યું કે વીજળી પડવાથી પૂર્વ બર્ધમાનમાં 5 અને પશ્ચિમ મેદિનીપુર અને પુરુલિયામાં 2-2 લોકોના મોત થયા છે. નાદિયામાં દીવાલ ધરાશાયી થવાને કારણે બે લોકોના મોત અને દક્ષિણ 24 પરગણામાં ઝાડ પડવાને કારણે એક વ્યક્તિનું મોત થયું હતું. હવામાન વિભાગે 10 મે સુધી રાજ્યમાં આવા જ



વાવાઝોડાની આગાહી કરી છે. મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા મમતા બેનર્જીએ કહ્યું કે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ પીડિતોના પરિવારોને રાહત અને વળતર આપશે.

### બંગાળની ખાડીમાં ભેજના કારણે હવામાન બદલાયું છે

ભારે વરસાદના કારણે રેલ અને હવાઈ સેવાને પણ અસર પહોંચી છે. પૂર્વ રેલવેના સિયાલદહ ડિવિઝનની સિયાલદહ-કેનિંગ લાઈન પર ભારે પવનના કારણે વીજ તાર પડી જવાને કારણે લગભગ એક કલાક સુધી ટ્રેન સેવાને અસર થઈ હતી. ખરાબ હવામાનને કારણે કોલકાતા તરફ જતી ત્રણ ફ્લાઈટને બીજી તરફ ડાયવર્ટ કરવી પડી હતી. કોલકાતાથી રાંચી જતી ફ્લાઈટ ભારે પવનના કારણે ટેકઓફ થઈ શકી ન હતી.

# ચાણસ્માના સરદારપુરા ગામે મતદાન કરવા માટેના મતદારો પૂરાવા રજુ કરતા હોવા છતાં મતદાન નહી કરવા દેવાયાના પ્રિસાઈડિંગ કર્મચારી ઉપર કથિત આક્ષેપ

નીતિન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા ના સરદારપુરા ગામે સવારે ૭ વાગે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન શરૂ થયું હતું પરંતું બપોરના સમયે મતદારો મતદાન કરવા આવ્યા ત્યારે તેમની પાસે ચૂંટણી કામગીરી સંભાળતા પ્રિસાઈન્ડીંગ કર્મચારી એ મતદાન કરવા માટે ના ચૂંટણીના પંચ દ્વારા નિયત કરતા પુરાવા માગતા મતદારો પાસે તે પુરાવાઓ નહી મળવાના આભાવે મતદાન કરવા પુરાવા રજુ કરવાનું કહેતા મતદારો નીકળી ગયા હતા પરંતુ સરદારપુરાના જાગૃત નાગરિકો દ્વારા પ્રિસાઈડીંગ દ્વારા મતદારો પાસે પુરતા પુરાવા હોવા છતાં મતદાન નહીં કરવા દઈ મતાધિકારથી વંચીત રખાયા સાથેના અન્ય કથિત આક્ષેપો જેવાકે કોગ્રેશને મત આપવો હોય તો તમે મતદાન કરવા માટે જે પુરાવો લઈને આવ્યા હોય તે માન્ય રાખી મતદાન કરવા દઈએ જેવા ગંભીર કથિત આક્ષેપો સાથેની સરદારપુરાના જાગૃત નાગરીકો અને મતદારો એ તેમના હસ્તાક્ષરવાળી લેખિત રજૂઆત ચૂંટણી અધિકારી ચાણસ્મા ને લેખિત રજૂઆત કરતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સરદારપુરા ગામે મતદારો દ્વારા મતદાન કરવાના પુરાવા રજૂ કર્યા છતાં પ્રિંસાઈડીંગ કર્મચારી દ્વારા મતદાન નહી કરવા દઈ મતાધિકારથી વંચીત રહેલા મતદારો અને ગામના જાગૃત નાગરિકોએ પ્રિસાઈડીંગ પર કથિત આક્ષેપો કરતાં જાણાવ્યું હતું કે અમારી પાસે મતદાન કરવા માટે પૂરાવાઓ હતા છતાં મતદાનથી વંચિત રખાયા છે. અને તમે કોગ્રેશને મત આપવાના હોય તો તમે મતદાન કરવા માટે સાથે લાવેલા પુરવા ને માન્ય રાખીશું તેવો ગંભીર કથિત આક્ષેપ કર્યો હતો જ્યારે સરદારપુરા ગામે ચૂંટણી કામ માં મુકવામાં આવેલા અને સરદારપુરા ના જાગ્રૃત નાગરિકો દ્વારા પ્રિસાઈડીંગ કર્મચારી ઠાકોરે જણાવ્યુ હતુ કે મે ચૂંટણી પંચના નિયમાનુસર મતદાન કરવા માટેના માન્ય રાખવામાં આવેલ પુરાવાઓ માગ્યા હતા તમેતે લેતા આવો એ જ મતદારોને કહ્યું છે. મારા પર કરવામાં આવેલા અન્ય આક્ષેપો બિલકુલ ખોટા હોવાનું જણાવ્યું હતુ જ્યારે મામલતદાર ના મામલતદાર ને સરદારપુરા ની ઘટના અંગે ની જાણકારી મેળવવા વારંવાર ફોન કરવા છતાં તેમનો ફોન રીસીવ થયો નથી.

# હરિત ઝવેરી જ્વેલર્સ આ અક્ષય તૃતીયા પર "શુભ – એન્ટિક હેરિટેજ જ્વેલ્સ" રજૂ કરી રહ્યું છે

## સોનાની શાશ્વત સુંદરતા અને કાયમી મૂલ્યની ઉજવણી કરો

(એજન્સી) અમદાવાદ | તા. 27

અક્ષય તૃતીયા, સમૃદ્ધિનો પર્યાય છે, જેનો અર્થ સંસ્કૃતમાં 'અવિનાશી અથવા શાશ્વત' થાય છે - જે ક્યારેય ઘટતું નથી. અક્ષય તૃતીયા પર સોનું ખરીદવું એ એક લોકપ્રિય પ્રવૃત્તિ છે, કારણ કે તે સંપત્તિ અને સમૃદ્ધિનું પ્રતીક છે.આ દિવસે, સોનાના દાગીના ખરીદવામાં આવે છે અને પહેરવામાં આવે છે જે ક્યારેય સમાપ્ત ન થનારા સારા નસીબનું પ્રતીક છે. ભારતીય સંસ્કૃતિમાં ઊંડે ઊંડે જડેલા સોનામાં રોકાણ હવે વૈશ્વિક વલણ તરીકે ઉભરી રહ્યું છે, કારણ કે વિશ્વ તેના શાશ્વત મૂલ્ય અને મહત્વને સમજે છે.ખાસ દિવસ



માટે, હરિત ઝવેરી જ્વેલર્સે આ પરંપરાના સારને માન આપતા "શુભ - એન્ટિક હેરિટેજ જ્વેલ્સ" સંગ્રહનું અનાવરણ કર્યું. શુભ એ સૌભાગ્યની અનુભૂતિનું પ્રતીક છે જે અક્ષય તૃતીયાનું પ્રતીક છે. 22 કેરેટ સોનાથી બનેલું, તેમનું કલેક્શન પેઢીઓના વારસા અને પરંપરાથી પ્રેરિત છે. દરેક ભાગ ઝીણવટભરી કારીગરી સાથે હેરિટેજ ડિઝાઇનની કાલાતીત સુંદરતાને પ્રતિબિંબિત કરે છે. જ્યારે તમે એન્ટિક હેરલૂમ જ્વેલરીની તેમની શ્રેણીની શોધખોળ કરો ત્યારે સોનાના વારસા અને કાયમી મૂલ્યને સ્વીકારો. હરિત ઝવેરી જ્વેલર્સ સાથે આ અક્ષય તૃતીયાની ઉજવણી કરો કારણ કે તમે નવી અને કાયમી સમૃદ્ધિની શરૂઆત કરો છો.

# નર્મદા જિલ્લો મતદાન માં ફરી અગ્રેસર...નર્મદા જિલ્લામાં સરેરાશ 82 % મતદાન નોંધાયું

ભરત શાહ : રાજપીપળા

લોકસભા 2024 ની ચૂંટણીનાં ત્રીજા તબક્કનું મતદાન શાંતિ પૂર્ણ રીતે થયું કોઈ પણ બનાવ વગર મતદાન થતાં આદિવાસી બહુલ વસ્તી વાળા વિસ્તારોમાં વહેલી સવાર થી સતત મતદાન કરવા મતદારોનો ધસારો રહ્યો.નર્મદા જિલ્લાના 616 મતદાન મથકો પર મતદાન શાંતિ પૂર્ણ રીતે થતા તંત્રમાં એક ખુશી ની લહેર પણ ફેલાઈ હતી.

નર્મદા જિલ્લામાં ફરી એકવાર ત્રીજા તબક્કામાં અને ગુજરાત રાજ્યમાં નર્મદા જિલ્લો મતદાનમાં



અગ્રેસર રહ્યો. જિલ્લામાં સરેરાશ 82 % મતદાન નોંધાયું મતદાન પૂર્ણ થતાં અંદાજિત મતદાન નાંદોદ વિધાનસભા (છોટાઉદેપુર ) - 74% અને ડેડીયાપાડા વિધાનસભા ( ભરૂચ ) 82 % નોંધાયું છે. નર્મદા જિલ્લામાં 45 ડિગ્રી તાપમાન વચ્ચે તમામ મથકોમાં હિટવેવ ની અસર પણ જોવા મળી છતાં આદિવાસી વિસ્તારોમાં સૌથી ઊંચું મતદાન જોવા મળ્યું હતું. જ્યારે રાજપીપળા શહેર માં નીચું મતદાન થયું. મતદાન પૂર્ણ થતાં evm મશીનો શીલ થયા.મોડી રાત્રે evm મશીનો છોટાઉદેપુર અને ભરૂચ નાં સ્ટ્રોંગ રૂમો પહોંચાડી દેવામાં આવ્યા હતા. હવે 4 જૂન નાં રોજ જોવા મળશે કે મતદારો કોને પસંદ કર્યા અને કોને જાકારો આપ્યો છે.


# 74-લાલપુર આદર્શ મતદાન મથક ખાતે મતદારો માટે છાસ વિતરણનું આયોજન



વિશાલ જે હરવરા જામનગર

, જામનગર જિલ્લામાં મતદાન મથકો ખાતે લોકોને ગરમીમાં રાહત મળી રહે તે માટે જે તે સેન્ટર પર છાંયડો, પીવાના પાણીની વ્યવસ્થા, પંખાઓ, ઓઆરએસ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ત્યારે જામનગર જિલ્લાના 74-લાલપુર-4 શ્રી એલ.એલ.એ. મહેતા ગર્લ્સ હાઈસ્કૂલ આદર્શ મતદાન મથક ખાતે લોકોને ગરમીથી રાહત મળી રહે તે હેતુથી છાસ વિતરણ કરવામાં આવી રહ્યું છે.

# કચ્છ મોરબી લોકસભા બેઠક પર મતદારોએ દાખવી નિરસતા



આજે તારીખ 7 મેના યોજાયેલી લોકસભાની ચુંટણીમાં કચ્છ મોરબી બેઠક માટે મતદાન પ્રત્યે લોકોમાં નિરસતા જોવા મળી હતી વળી હાલ પ્રખર ગરમી પડી રહી હોઈ લોકોએ મતદાન કરવા ટાળ્યું હોય એવું લાગી રહ્યું હતું કચ્છ લોકસભા બેઠક પર સવારે 7થી સાંજના 5 વાગ્યા સુધી માત્ર 48.96 ટકા જેટલું જ મતદાન નોંધાયું હતું જેમાં રાજ્યની સૌથી મોટી અબડાસા વિધાનસભા બેઠક પર 44.34 ટકા મતદાન, માંડવી વિધાનસભા બેઠક પર 56.03 ટકા મતદાન, ગાંધીધામ વિધાનસભા બેઠક પર 41.01 ટકા મતદાનm રાપર વિધાનસભા બેઠક પર 42.68 ટકા મતદાન જ્યારે મોરબી વિધાનસભા બેઠક પર 52.25 ટકા જેટલું મતદાન થયું હતું.

# અમરેલીના ઇશ્વરિયા ગામે કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાએ પરિવાર સાથે મતદાન કર્યું



અશોક મણવર : અમરેલી


અમરેલી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત અમરેલી સહિત સમગ્ર રાજ્યમાં મતદાન પ્રક્રિયા શરુ છે. કેન્દ્રીય પશુપાલન મત્સ્યોદ્યોગ અને ડેરી ઉદ્યોગ મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ અમરેલી જિલ્લાના ઈશ્વરિયા, તેમના વતન ખાતે સહ પરિવાર મતદાન કરી, નાગરિક તરીકેની તેમની ફરજ નિભાવી હતી. કેન્દ્રીય મંત્રીશ્રીની સાથે ઈશ્વરિયાના ગ્રામજનોએ પણ મતદાન કરવામાં આવેલ.

# નડગખાદી ગામની સીમમાં મતદાન આપવા જઈ રહેલા યુવકોને અકસ્માત નડ્યો, બેનાં મોત નિપજ્યા

સુશીલ પવાર : ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઈ આહવા રોડ પર આવેલ નડગખાદી ગામની સીમમાં બે મોટરસાયકલ સામસામે અથડાતા અકસ્માત સર્જાયો હતો.જેમાંથી એક મોટર સાયકલ પર સવાર યુવક મતદાન આપવા જઈ રહ્યો હતો. ત્યારે અકસ્માતમાં બે યુવકોનું મોત નીપજ્યુ હતુ. આહવા નવી વેરિયસ કોલોની ખાતે રહેતા સંજય જયરામ સહારે (ઉ. વ.૩૨ ) સ્પ્લેન્ડર પ્લસ મોટર સાઈકલ રજી. નં. GJ 30 B 1950 પર સવાર થઈને વલસાડથી પોતાના ગામ આહવા ખાતે મતદાન કરવા માટે જતા હતા.ત્યારે આહવા તરફથી કિશોરભાઈ ચતુરભાઈ પવાર (રહે. દાવદહાડ, તા.આહવા જી.ડાંગ) પોતાના કબજાની હોંડા કંપનીની સપ્લેડર મોટર સાઈકલ નં.GJ 21 BN 8922 પર ત્રણ સવારી બેસાડી પુરઝડપે ગફલતભરી રીતે રોંગ સાઈડમાં હંકારી લાવી રહ્યા હતા.તે દરમિયાન સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા કિશોર પવાર એ મોટર સાઈકલ સ્લીપ ખવડાવી દીધી હતી.અને વઘઈ તરફથી આવતા સંજય સહારેની રોડની સાઈડે સલેન્ડર પ્લસ મોટર સાઈકલ સાથે અથડાવી દેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કિશોર પવારની મોટરસાયકલ ખાડામાં ખાબકી જતા મોટરસાયકલ પર પાછળ બેસેલ રતનભાઈ રમેશભાઈ પવાર અને ચુનીલાલ દેવજીભાઈ શેવરે ને શરીરનાં ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનુ મોત નિપજ્યુ હતુ.

# કામરેજ તાલુકાના જોખા ગામના 103 વર્ષની વયના વયોવૃદ્ધ મોતીભાઈ પટેલે મતદાન કર્યું



સુરતઃ કામરેજ તાલુકાના જોખા ગામના ૧૦૩ વર્ષની વયના વયોવૃદ્ધ મોતીભાઈ પટેલે યુવાનોને શરમાવે તેવા ઉત્સાહથી લોકસભા ચૂંટણીમાં મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરી હતી, અને અન્ય મતદારો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા હતા. તેમણે ઘરેબેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની સુવિધા મળતી હોવા છતાં તા.૭મી એ મતદાન મથક પર જ મતદાન કરવાનો આગ્રહ રાખ્યો હતો. પરિવાર સાથે નિવૃત્ત જીવન વિતાવતા મોતીભાઈને પૌત્ર નિલેશભાઈ મતદાન કરવા માટે બુથ પર વ્હીલચેરમાં લઈ આવ્યા હતા.

# અમરેલીના વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયાએ દેવરાજિયામાં મતદાન કર્યુ

અશોક મણવર : અમરેલી




અમરેલી ૧૪- લોકસભાની સામાન્ય ચૂંટણી માટે મતદાન થયું હતું. મંગળવારે યોજાયેલી મતદાન પ્રક્રિયા અંતર્ગત અમરેલી-વડિયા-કુંકાવાવના મતવિસ્તારના ધારાસભ્યશ્રી અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરિયાએ સહ પરિવાર અમરેલી તાલુકાના દેવરાજિયા ગામ, તેમના વતન ખાતે મતદાન કરવામા આવેલ.

# તિલકવાડાના વંઢ ગામના પાટિયા પાસે સુતેલા 35 વર્ષીય યુવકને દીપડા એ ખોરાક બનાવ્યો



ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના વંઢ ગામ પાસે સૂઈ રહેલા યુવાન પર દીપડા એ હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યો હતો. મળતી માહિતી મુજબ તિલકવાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાએ આતંક મચાવ્યો છે. છેલ્લા કેટલાક સમય થી તાલુકાના અનેક વિસ્તારોમાં દિપાડાએ પશુ ઓને શિકાર બનાવ્યા હોવાની ઘટનાઓ સામે આવે રહી છે. ત્યારે હાલ વધુ એક ઘટના સામે આવી છે આ ઘટનામાં તિલકવાડા તાલુકાના દેવલીયા ચોકડી નજીક વંઢ ગામના પાટયા પાસે સુઈ રહેલા 35 વર્ષીય યુવક પર હુમલો કરી દીપડા એ શિકાર બનાવ્યો હતો, આ ઘટના ને પગલે વિસ્તાર માં ડર નો માહોલ જોવા મળી રહ્યો છે ઉલ્લેખની એ છે કે તિલકવાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાએ આતંક મચાવ્યો છે લાગે છે કે તાલુકામાં દીપડાઓ ની વસ્તી માં વધારો થયો છે કારણ કે વારંવાર આ દીપડાઓ પશુઓને શિકાર બનાવી રહયા હોવાની ઘટનાઓ આવી રહી છે.

# નર્મદાના એકતાનગરમાં આદર્શ મતદાન મથકને જંગલ સફારીની થીમ અપાઈ



ભરત શાહ : રાજપીપળા

તા. ૭. ૨૧- છોટાઉદેપુર સંસદિય મતવિભાગમાં સમાવિષ્ટ નર્મદા જિલ્લાના ૧૪૮-નાંદોદ વિધાનસભા મતવિસ્તારમાં આવતા એકતાનગર-૧ મતદાન મથકને આદર્શ મતદાન મથક તરીકે વિકસાવવામાં આવ્યું છે. જેની થીમ જંગલ સફારી રાખવામાં આવી છે. અહીં વન્ય પ્રાણી-પક્ષીઓની આબેહુબ રેપ્લિકા મતદારોમાં આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. અહીં મતદારોને આવકારવા માટે ખાસ રેડ કાર્પેટ પણ પાથરવામાં આવી છે. આ સમગ્ર થીમના નિર્માણ કાર્યમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તા મંડળ દ્વારા સહયોગ પુરો પાડવામાં આવ્યો છે. જે મતદારોને ઉત્સાહભેર મતદાન કરવા માટે પ્રેરિત કરી રહ્યું છે. અહીં રીંછ, અજગર, સિંહબાળ, હરણ, મોર, ઝરખ, દીપડાની રેપ્લિકા મૂકવામાં આવી છે. વન્ય જીવો અને જંગલના સંરક્ષણ પ્રત્યે જાગૃતતા આવે તેવી રીતે આ રેપ્લિકા મુકવામાં આવી છે.



જામનગર ના ગ્રામ્ય વિસ્તારમાં શાંતિપૂર્ણ વાતાવરણ માં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ઉમેદવારો ના ભાવિ થયા ઈવીએમ થયા શીલ.

# IPLના વ્યસ્ત સ્કેડ્યુઅલ વચ્ચે પણ ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજા જામનગર મતદાન કરવા પહોંચ્યા

વિશાલ જે હરવરા : જામનગર

મતદાન કરવુએ દરેક નાગરિકની ફરજ છે. ત્યારે ભારતીય ક્રિકેટર રવિન્દ્ર જાડેજા આઈપીએલના વ્યસ્ત સ્કેડ્યુઅલ વચ્ચે પણ જામનગરની પંચવટી કોલેજ ખાતેના મતદાન મથક પર મતદાન કરવા પહોંચ્યા હતા. અને દેશના દરેક નાગરિકને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરી હતી.

# અમરેલીના બગસરામાં 'સખી મતદાન મથક' ખાતે રણછોડભાઈ પાધરાએ સહપરિવાર સાથે મતદાન કર્યુ



અશોક મણવર : અમરેલી


અમરેલીના બગસરા-૧૦ 'સખી મતદાન મથક' ખાતે શ્રી રણછોડભાઈ પાધરા અને શ્રીમતી ધોળીબેન, પાધરા દંપતિએ પોતાના પુત્ર, પુત્રવધુ અને પુત્રી સહિત સહપરિવાર સાથે મતદાન કરીને 'મારો પરિવાર, મતદાતા પરિવાર'ના ઉમદા વિચારને સાર્થક કર્યો હતો અને લોકશાહીના મહાપર્વની ઉજવણી કરવામાં આવી.

## મતદાન માટે ફર્સ્ટ ટાઈમ વોટર્સમાં જોવા મળ્યો અનેરો ઉત્સાહ

ગાંધીનગર સંવાદદાતા : વિજયવીર યાદવ

અમદાવાદ જિલ્લાના યુવા મતદારો પૈકી એક કૃતિ જૈને લોકશાહીના પર્વમાં સહભાગી થવાના અનેરા આનંદ સાથે પહેલીવાર મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. કૃતિ જૈન જણાવે છે કે, "લોકશાહીના આ તહેવારની ઘણી આતુરતાથી રાહ જોઈ રહી હતી, કેમ કે આ મારા જીવનકાળની પહેલી ચૂંટણી છે.





હેતવી મહેતા
જીવન મા પ્રથમ વખત મત
આપવા નો લ્હાવો લીધો
મારો મત મારો અધિકાર



અમદાવાદ પશ્ચિમ લોકસભાની બેઠક મા 71 વર્ષ ની ઉમર મા પણ હર્ષ અને ઉલ્લાસ સાથે પ્રેમીલા બા એ મત આપ્યો



રાજપીપલામાં ૧૦૧ વર્ષના વયસ્ક મતદારે મતદાન કેન્દ્ર ઉપર જઈ મતદાન કરી યુવાનોને પ્રેરણા આપી હતી.
(ભરત શાહ,રાજપીપળા)

# ખાંભાના પચપચીયા ગામે વરરાજાએ મતદાન કર્યુ

અશોક મણવર : અમરેલી



અમરેલી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત સાવરકુંડલા-૨૪ મતદાન મથક પર સાવરકુંડલાના કેવડા ખાતેના કિન્નર મઠમાં રહેતા અન્ય જાતિના નાગરિકોએ મતદાન કર્યુ હતું. મતદાન કરી લોકશાહીના મહા પર્વની ઉજવણી કરી તેમણે મતદાનનું મહત્વ જણાવી નાગરિકોને અચૂક મતદાનનો સંદેશ પ્રસરાવ્યો હતો. બગસરા, રાજુલા સહિતના વિસ્તારના વરિષ્ઠ નાગરિકોએ મતદાન કરી અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. ખાંભાના પચપચીયા ગામે વરરાજાએ મતદાન કરી નાગરિક તરીકેની તેમની ફરજ અદા કરી હતી. દિવ્યાંગોએ મતદાન કરી અચૂક મતદાન નાગરિકની ફરજ અને અધિકાર સંદેશ વ્યક્ત કરવામાં આવેલ.

# અરવલ્લીમાં અશક્ત મતદારોને મદદ કરતી પોલીસની માનવતાની તસ્વીર

રાકેશ મહેતા : ધનસુરા



અરવલ્લી જિલ્લામાં મતદાન કરવા પહોંચતા મતદારો અને પોલિંગ બુથ પર સુરક્ષા વ્યવસ્થા જાળવવા માટે પોલીસ જવાનોની ટિમો તૈનાત કરવામા આવી છે ત્યારે સુરક્ષા સાથે પોલીસ જવાનો દ્વારા અશક્ત અને દિવ્યાંગ મતદારોને મતદાન કરાવવા માટે મદદ કરવામા આવી રહી છે.અરવલ્લી જિલ્લાના મતદાન મથકો ઉપર અશક્ત મતદાર ચાલી ન શકતા પોલીસ જવાન દ્વારા તેને ઊંચકીને મતદાન મથકથી બહાર સુધી પહોચાડવામાં મદદ કરવામા આવી હતી .અન્ય મતદારોને પણ મદદ કરવામાં આવી હતી. આ દર્શયો જોનારા લોકોએ પોલીસની માનવ સેવાને બિરદાવી હતી.


**ઉત્તર મધ્ય રેલવે**

ટેન્ડર નોટિસ નંબર :-એનસીઆર/ એસએંડટી-ઈપીસી-એલટીઈ-નવી દિલ્હી-હાવડા
તારીખ :- 08-03-2024

**શુદ્ધિપત્ર સંખ્યા 2**

**કામનું નામ:-** ભારતીય રેલ્વેના નવી દિલ્હી-હાવડા રૂટ (કાનપુર-લખનૌ સેક્શન સહિત) પર LTE (લાંબા ગાળાના મૂલ્યાંકન) આધારિત MTRCની જોગવાઈ. યોગ્ય ટેન્ડર નંબર માટે **કોરિજેન્ડમ-2** જારી કરવામાં આવ્યો છે. વિગતવાર માહિતી માટે **www.ireps.gov.in** સાઈટની મુલાકાત લો.
424/24 (D)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**

જેમ ટેન્ડર નોટિસ નંબર :- GEM/2024/B/4912566 તારીખ :- 06-05-2024

ઈ-ટેન્ડર સૂચના

ભારતના રાષ્ટ્રપતિ વતી, નીચેના કામ માટે સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, ડિવિઝનલ રેલવે મેનેજર ઑફિસ, નોર્થ સેન્ટ્રલ રેલવે, ઝાંસી દ્વારા ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે.

**નામ સાથે કામનું સ્થળ:-** ઝાંસી વિભાગના 18 અલગ-અલગ સ્ટેશન (વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ગ્વાલિયર, બાંદા, મોરેના, ડાબરા, દાતિયા, ભીંડ, ઓરાઈ, લલિતપુર, પુખરાયન, ખજુરાહો, ચિત્રકૂટ ધામ કારવી, મહોબા, ઓરછા, હરપાલપુર, તિલક , છતરપુર, ઘાટમપુર ખાતે સ્થિત 24 ઈન્ક્વાયરી કાઉન્ટરોના કામ માટે મેનપાવર આધારે કોન્ટ્રાક્ટની ફાળવણી.

| કાર્યનું અંદાજીત ખર્ચ (3 વર્ષ માટે ) | બાના રકમ :- |
|---|---|
| રૂ: 6,07,80,384/- | રૂ: 4,54,000/- |

**કોન્ટ્રાક્ટ નો સમયગાળો :-** 3 વર્ષ, **ઈ-ટેન્ડર ખુલવાની તારીખ અને સમય :-** 27-05-2024 એ 12:00 વાગ્યે **વેબસાઈટ અને ટેન્ડર ની પૂર્ણ માહિતી જોઈ શકાય છે :-** ઈ-ટેન્ડર ની પૂર્ણ માહિતી (ઈ-ટેન્ડર **ફોર્મ સાથે** ) વેબસાઈટ www.ireps.gov.in પર ટેન્ડર ખુલવાની તારીખ 27-05-2024 એ 13:00 વાગ્યા સુધી ઉપલબ્ધ છે અને ઈ-ટેન્ડર સૂચના ઉત્તર મધ્ય રેલવે ની વેબસાઈટ www.ncr.indianrailways.gov.in પર પણ જોઈ શકાય છે
812/24 (ADM)

@CPRONCR North central railways @ cproncrly @northcentralrailway www.ncr.indianrailways.gov.in

**ઉત્તર મધ્ય રેલવે**

નંબર :- JHS/ELG/W/T44/2023-24/RT2 તારીખ:- 06-05-2024

ટેન્ડર નોટિસ

ભારતના વરિષ્ઠ વિભાગીય વિદ્યુત ઈજનેર (જનરલ), ઉત્તર મધ્ય રેલ્વેના પ્રમુખ માટે અને વતી, ઝાંસી નીચેના કામ માટે ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ)દ્વારા ખુલ્લા ટેન્ડરો આમંત્રિત કરે છે.

| ટેન્ડર કિંમત :- રૂ: 6007260.30 | અર્નેસ્ટ મની :- રૂ: 120200/- |
|---|---|

**વર્ણન:-** ત્રણ વર્ષના સમયગાળા માટે SSE/ELM-EAST/JHS, WEST/JHS, DRM ઓફિસ/ JHS, DSL શેડ/JHS અને LAR ડેપોના અધિકારક્ષેત્ર હેઠળના ઝાંસી ડિવિઝનના એસી એકમો અને વોટર કૂલર્સનો વાર્ષિક જાળવણી કરાર.

**ટેન્ડર ડોક્યુમેન્ટ કિંમત :-** શૂન્ય, **પૂર્ણ કરવાની અવધિ :-** 3 વર્ષ (36 મહિના ), **ટેન્ડર બંધ થવાની તારીખ :-** 28-05-2024 (15:00 કલાકે), **ટેન્ડર ખુલવાની તારીખ અને સમય :-** 28-05-2024 (15:30 કલાકે ) જો ટેન્ડર ખોલવાની તારીખ રજા હોય અથવા વેબસાઈટમાં તકનીકી સમસ્યા હોય, તો ટેન્ડરો તે જ રીતે બીજા કામકાજના દિવસે ખોલવામાં આવશે. ઉપરોક્ત ઈ-ટેન્ડરોના ટેન્ડર દસ્તાવેજો સાથેની સંપૂર્ણ માહિતી ટેન્ડર ખોલવાની નિયત તારીખે 15:00 કલાક સુધી વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. ટેન્ડરર 28-05-2024 સુધી ટેન્ડર ઓનલાઈન સબમિટ કરશે (15:00 કલાકે) સંપૂર્ણ વિગતો અને ટેન્ડર સબમિટ કરવા માટે ભારતીય રેલવેની વેબસાઈટ **https://www.ireps.gov.in** પર જોઈ શકાશે.
813/24 (AN)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR

**ઉત્તર મધ્ય રેલવે**

ઓપન ટેન્ડર નંઃ- JHS-RCNK-EL-MANN-24-25-01

ઈ-ટેન્ડર સૂચના

નીચે જણાવેલ કામ માટે ભારતના રાષ્ટ્રપતિ વતી અનુભવી અથવા રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો પાસેથી ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે.

**કાર્યનું નામ :-** મેનિંગ, શેડ્યૂલ મેન્ટેનન્સ, 33/11 kv સબસ્ટેશનની સ્વીચ રૂમ ઈક્વિપમેન્ટ્સ સાથે બ્રેકડાઉન એટેન્ડ/રિક્ટિફિકેશન વર્ક અને સ્કોપ વર્ક્સ મુજબ આરસીએનકે ઝાંસીમાં શેડ સપ્લાય.

| કાર્યનું અંદાજીત ખર્ચ :- રૂ : 97,12,812.48/- (18% જીએસટી સાથે ) | બિડ અનામત :- રૂ: 1,94,300/- |
|---|---|

**પૂર્ણ કરવાની અવધિ :** 24 મહિના, **ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :-** 27-05-2024 એ 11:00 કલાક ., ટેન્ડર તેમજ ટેન્ડર ફોર્મેટ અંગેની સંપૂર્ણ માહિતી વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે .
806/24(DG)

North central railways @CPRONCR @northcentralrailway www.ncr.indianrailways.gov.in

**ઉત્તર મધ્ય રેલવે**

ટેન્ડર નોટિસ નંબર :- 1920242025 તારીખ :- 02-05-2024

ઈ-ટેન્ડર સૂચના

ડિવિઝનલ રેલ્વે મેનેજર (એન્જિનિયરીંગ)/ઉત્તર મધ્ય રેલ્વે/પ્રયાગરાજ ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી 29-05-2024 ના રોજ 13:30 કલાક સુધી નીચેના કામ માટે નિયત કરેલ ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે.

| ટેન્ડર નંબર :- 40 | અંદાજીત ખર્ચ રૂ :- રૂ: 76,49,534.73 | બિડ અનામત :- રૂ: 153000.00 |
|---|---|---|

**કામનું નામ :-** મદદનીશ વિભાગીય ઈજનેર/ઉત્તર મધ્ય રેલવે/ચુનાર હેઠળ બ્લોક A, બ્લોક B અને 555 DDU ક્રૂ રનિંગ રૂમના ગ્રાઉન્ડ ફ્લોરનું નવીનીકરણ અને ભારે સમારકામ.

**કાર્ય પૂર્ણ કરવાની અવધિ :-** 08 મહિના , **ટેન્ડર ખુલવાની તારીખ :-**29-05-2024 , **સમાન કાર્ય માટે પાત્રતા માપદંડો:-** કોઈ સિવિલ ઈજીનિયરીંગ કાર્ય, **નોંધ :-** 1 ઓનલાઈન ટેન્ડર ટેન્ડર ખુલવાની તારીખ એ 13:30 સુધી પ્રસ્તુત કરી શકાશે . 2. ઉપરોક્ત ઈ-ટેન્ડરનું પૂર્ણ વિવરણ ટેન્ડર ફોર્મ સાથે વેબસાઈટ **www.ireps.gov.in** પર સમય 13:30 વાગ્યા સુધી ટેન્ડર ખુલવાની તારીખ સુધી ઉપલબ્ધ છે
789/24 (AN)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @ CPRONCR


OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### વાયરલ ઈન્ફેક્શનનાં દર્દીઓ વધતા ફોગીંગ સહિતની કામગીરી ઝડપી કરાઈ...

# રોગચાળો યથાવત:શરદી-ઉધરસનાં 741 સહિત વિવિધ રોગના 1316 કેસ નોંધાયા



(એજન્સી) રાજકોટ | તા.07

રાજકોટમાં હાલ ગરમીમાં નોંધપાત્ર વધારો થવા છતાં શરદી-ઉધરસ અને તાવ સહિત વાયરલ ઈન્ફેક્શનનાં કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં મેલેરિયાનો 1 સહિત વિવિધ રોગોનાં મળીને કુલ 1316 કેસ નોંધાયા છે તો તાપમાનનો પારો પણ વધતા આરોગ્ય વિભાગ દોડતું થયું છે. ગત સપ્તાહે વિવિધ રોગનાં કુલ 1400 કરતા વધુ કેસ નોંધાયા હતા. જેની સામે ચાલુ સપ્તાહે 1316 કેસ સામે આવ્યા છે. જેમાં મેલેરિયા જેવા રોગનો દર્દી પણ સામે આવતા આરોગ્ય વિભાગની ચિંતા વધી છે. જોકે, આ આંકડાઓ માત્ર મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોનાં છે. ત્યારે નાના-મોટા ખાનગી ક્લિનિકો ધ્યાનમાં રાખીએ તો આંકડો 5 ગણો એટલે કે, 6,500 કરતા વધુ હોવાની શક્યતા છે.

પ્રાપ્ત વિગત મુજબ છેલ્લા એકાદ સપ્તાહથી શહેરની સૌથી મોટી સિવિલ હોસ્પિટલ તેમજ મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં દર્દીઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા લાંબી કતારો જોવા મળી હતી. અને મનપાનાં ચોપડે વિવિધ રોગોનાં 1316 કેસ નોંધાયા હતા. જેમાં શરદી- ઉધરસનાં ગત સપ્તાહનાં 879 કેસ સામે આ સપ્તાહે 741 કેસ, ઝાડા-ઉલટીનાં 258 સામે 229 અને સામાન્ય તાવનાં 328 સામે 345 કેસ સામેલ છે. મચ્છરજન્ય રોગચાળામાં મેલેરિયાનો પણ 1 કેસ સામે આવ્યો છે. જેને લઈને ફોગીંગ સહિતની કામગીરી ઝડપી કરવામાં આવી છે.

આરોગ્ય અધિકારી ડો. જયેશ વાકાણીનાં જણાવ્યા હાલ વાયરલ ઈન્ફેક્શનના કેસોમાં વધારો નોંધાયો છે. લોકોએ બપોરના સમયે બિનજરૂરી બહાર નીકળવાનું ટાળવું જોઈએ. તેમજ બહારનો ખોરાક લેવાથી દૂર રહેવાની સાથે ગરમ પાણીનું સેવન કરવું જોઈએ. સામાન્ય સૂકી ઉધરસ માટે હળદરનો ઉપયોગ કરવો જોઈએ. ઉપરાંત જો કોઈપણ પ્રકારે તબિયત વધુ લથડતી લાગે તો તરત જ મનપાનાં આરોગ્ય કેન્દ્રો અથવા સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાંત ડૉક્ટર્સની સલાહ લઈ તે મુજબની દવા કરવી જરૂરી છે. પરિવારમાં કોઈ એક વ્યક્તિ બીમાર હોય તો અન્ય તેની સાથે અન્ય લોકો પણ માસ્કનો ઉપયોગ કરે તે હિતાવહ છે.

રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ઘનિષ્ઠ પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં વાહક નિયંત્રણની કામગીરી હેઠળ 56 મેલેરિયા ફિલ્ડવર્કર, 415 અર્બન આશા અને 115 વી.બી.ડી વોલેન્ટીયર્સ દ્વારા તા. 29 એપ્રિલથી તા. 5 મે દરમિયાન અનેક ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી અને 435 ઘરોમાં ફોગીંગ સહિતની કામગીરી કરવામાં આવી છે.

## ન્યૂઝ કોર્નર

### હુકુમ:દુષ્કર્મના આરોપીની જામીન અરજી નામંજૂર

ભાવનગર | મેન્ટલી રિટાયર્ડ યુવતી સાથે દુષ્કર્મ આચરવાના બનાવમાં સંડોવાયેલા આરોપીએ 30 દિવસના વચગાળાના જામીન મેળવવા માટે અરજી મુકતા ન્યાયાધીશે અરજદારની અરજી નામંજૂર કરી હતી અને ચૂકાદામાં નોંધ્યું હતું કે,આરોપીને જામીન આપવામાં આવશે તો તે ફરાર થઇ જશે તે શક્યતાને નકારી શકાય તેમ નથી. ઉલ્લેખનીય છે કે, મેન્ટલી રિટાયર્ડ યુવતી સાથે દુષ્કર્મ આચરવાના બનાવમાં બોરતળાવ પોલીસે નરેશ ચૌહાણ નામના આરોપીની ધરપકડ કરી હતી.

### ટ્રકમાં 9 ભેંસને કતલખાને લઈ જતા બે શખ્સ ઝડપાયા

અમરેલી | અમરેલીના લાઠી ચોકડી નજીકથી ટ્રકમાં ગેરકાયદેસર રીતે 9 ભેંસને કતલખાને લઈ જતા બે શખ્સને પોલીસે ઝડપી લીધા હતા. તેમની પાસેથી પોલીસ ભેંસ અને ટ્રક મળી કુલ 7.15 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ઝડપાયેલા બંને સામે કાર્યવાહી હાથ ધરી હતી. લાઠી ચોકડી નજીક પેટ્રોલીંગમાં હતી. તેમની પાસેથી રૂપિયા 4 લાખની કિંમતનો ટ્રક અને રૂપિયા 315000ની કિંમતની 9 ભેંસો મળી કુલ રૂપિયા 715000નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

### ખંઢેરી પાસે બેકાબૂ કારે ઠોકરે લેતા યુવકનું મોત નિપજ્યું

રાજકોટ | રાજકોટ જિલ્લાના પડધરી નજીક ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમ પાસે હિટ એન્ડ રનના બનાવમાં બેકાબૂ કારે ઠોકરે લેતા યુવકને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો જેનું સારવાર દરમિયાન મોત નીપજતા પોલીસે અકસ્માત કરી નાસી જનાર કારચાલક સામે ગુનો નોંધવાની તેમજ તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ખંઢેરી નજીક ખેતમજૂરી કામ કરતો અને ત્યાં જ રહેતો મૂળ રાજસ્થાની મુકેશભાઇ કડવાજી ભગોરા (ઉ.40) રવિવારે રાત્રે પગપાળા રોડ ક્રોસ કરવા જતા બેકાબૂ કારે ઠોકરે લેતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# બીગ સેલ નામની દુકાનમાં આકસ્મિક આગ

### ગોધરાની કપડાં, પ્લાસ્ટિક અને કટલરીના સેલમાં આગ લાગતા અફરાતફરી મચી; ફાયર બ્રિગેડે તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી



(એજન્સી) પંચમહાલ | તા.07

ગોધરા શહેરના લાલબાગ બસ સ્ટેન્ડની પાછળ આવેલા કપડાં, પ્લાસ્ટિક અને કટલરીના સાધનોના સેલમાં આકસ્મિક આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી. આગના બનાવને લઈને સેલના માલિકે તાત્કાલિક ગોધરા ફાયર બ્રિગેડના જવાનોને જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી અને આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. ગોધરા શહેરના લાલબાગ ગ્રાઉન્ડ પાસે બીગ સેલ નામની દુકાનમાં આકસ્મિક આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી. સેલના માલિકે તાત્કાલિક ગોધરા ફાયર બ્રિગેડ જવાનોને જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને કાબૂ લીધી હતી.

જ્યારે આગના બનાવને લઈને અંદર રહેલા કપડાં, પ્લાસ્ટિક સહિત સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જ્યારે ફાયર બ્રિગેડની ટીમ સમયસર પહોંચતા સેલમાં લાગેલી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં લીધી હતી. જેને લઈને સેલમાં રહેલા સરસમાનમાં ઓછું નુકસાન થતા સેલના સંચાલકે રાહતનો શ્વાસ લીધો હતો.

### આરોપી એક સંતાનનો પિતા, રેપ બાદ બાળકીને મારી નાંખવાની ધમકી આપી હતી

# કતારગામમાં 29 વર્ષીય યુવકે 13 વર્ષની કિશોરીને ગર્ભવતી બનાવી, યુવકની ધરપકડ

### બાળકીને પેટમાં દુખાવો થતા માતા હોસ્પિટલ લઈ જતા બળાત્કાર થયાંનું ખુલ્યું

(એજન્સી) સુરત | તા.07



કતારગામમાં 29 વર્ષના યુવકે 13 વર્ષની કિશોરી સાથે દુષ્કર્મ આચરીને ગર્ભવતી બનાવ્યા બાદ મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ બન્યો હતો. કતારગામ ચામુંડાનગરમાં પ્રદીપ પ્રેમજી પ્રજાપતિ પત્ની અને 5 માસના બાળક સાથે રહે છે.પ્રદીપ અગાઉ ઓટો પાર્ટસની દુકાન ચલાવતો હતો. જોકે, દુકાન બંધ કરી દેતા હાલ બેકાર હતો. 6 માસ પહેલા બાળકીના માતા-પિતા કામ માટે બહાર ગયા ત્યારે 13 વર્ષની કિશોરી પર યુવકે નજર બગડી હતી. તેણે પહેલા કિશોરી સાથે વાત શરૂ કરી બાદમાં અડપલા કરતો હતો. એક દિવસ કિશોરીને બોલાવીને બળાત્કાર ગુજાર્યો હતો.

પ્રદીપે હવસ સંતોષી લીધા બાદ કિશોરીને જો આ અંગે કોઇને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ધમકીથી ગભરાયેલી કિશોરીએ કોઇને વાત કરી ન હતી. બે દિવસ અગાઉ કિશોરીને પેટમાં દુખાવો થયો હતો. જેથી તેની માતા સારવાર માટે હોસ્પિટલમાં લઇ ગઇ હતા. જ્યાં તપાસ્યા બાદ ડોક્ટરે કિશોરીને 6 માસનો ગર્ભ હોવાનું કહેતા માતા-પિતાના પગ તળેની જમીન ખસી ગઇ હતી. ઘરે ગયા બાદ માતાએ પુછતા તેણીએ પ્રદીપ પ્રજાપતિએ આચરેલા કુકર્મની સઘળી હકીકત જણાવી હતી. આખરે માતાએ કતારગામ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો નોંધી પીએસઆઇ એસ.આર.પટેલે હવસખોરની ધરપકડ કરી છે.

# તપાસ:કતારગામની 38 વર્ષીય મહિલા સહિત 3ના બેભાન થયા બાદ મોત...

સુરત | શહેરમાં 38 વર્ષીય મહિલા સહિત વધુ ત્રણ લોકોના અચાનક બેભાન થયા બાદ મોત નિપજ્યા છે. ભાવનગરના વલ્લભીપુરના વતની તુષારભાઈ શુક્લા કર્મકાંડ કરી ગુજરાન ચલાવે છે. તેમના 38 વર્ષીય પત્ની નુતનબાલા રવિવારે રાત્રે ઘરે અચાનક બેભાન થઈ જતા તેમને સ્મીમેરમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કરાયા હતા.

બીજા બનાવમાં પુણા મેહુલ ટાઉન પાર્ક સોસાયટી ખાતે રહેતા 45 વર્ષીય રામચંદ્ર ભાખર યાર્નના કારખાનામાં કામ કરતા હતા. રવિવારે મોડી રાત્રે તબીયત લથડ્યા બાદ તેઓ અચાનક બેભાન થઈ જતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

ત્રીજા બનાવમાં મગદલ્લા રણછોડ રત્ન નગર ખાતે રહેતા 35 વર્ષીય દિપક વિજયપાલ મિશ્ર યુપીના અમેઠીન વતની હતા. તેઓ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા હતા. રવિવારે રાત્રે ઘરે ટેરેસ પર સુઈ ગયા બાદ સવારે તેઓ ટેરેસ પરથી મૃત હાલતમાં મળી આવ્યા હતા. ચહેરાનો ભાગ કાળો થયો હોવાથી પોલીસે ફોરેન્સીક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

# પતંજલિના સ્ટોર રૂમમાં ACમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી

(એજન્સી) વડોદરા | તા.07

શહેરના હરણી રોડ વિસ્તારમાં સંગમ ચાર રસ્તા પાસે આવેલા પતંજલિ સ્ટોરના સ્ટોર રૂમમાં સોમવારે સવારે અચાનક આગ લાગતાં દોડધામ મચી ગઈ હતી. બનાવને પગલે રાહદારીઓ અને વાહન ચાલકોમાં પણ ગભરાટનો મહાલો છવાયો હતો. આ બનાવ અંગે ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતાં લાશ્કરો સ્થળ પર દોડી ગયા હતા અને આગ પર કાબૂ મેળવ્યો હતો.

સ્ટોર રૂમના એસીમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર ઘટના અંગે ફાયરબ્રિગેડ દ્વારા જાણવા મળ્યા મુજબ, સંગમ ચાર રસ્તા પાસે મેઈન રોડ પર પતંજલિ સ્ટોર આવેલો છે. સ્ટોરના ઉપરના માળે દવાખાનું આવેલું છે. દરમિયાન સ્ટોરની પાછળના ભાગે આવેલા સ્ટોર રૂમમાં અંદાજે 11:30 વાગ્યાના સોમવારે એસીમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી. આગની જ્વાળાઓ ફોલ સીલિંગ દ્વારા વિવિધ પ્રોડક્ટનાં બોક્સમાં પ્રસરતાં નાસભાગ મચી હતી.

મુખ્ય માર્ગ પર આવેલા સ્ટોરમાં આગ લાગવાને પગલે રાહદારીઓ અને વાહન ચાલકોમાં પણ ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. જોકે ફાયરબ્રિગેડ દ્વારા ગણતરીની મિનિટોમાં આગ પર કાબૂ મેળવી લેવાયો હતો.

# બેગમપુરામાં રદ કરાયેલા પાવરથી ભાગીદારે 6 કરોડની મિલકત પચાવી પાડી, 2 સામે ગુનો

(એજન્સી) સુરત | તા.07

સલાબતપુરા બદરમિયાં સ્ટ્રીટ ખાતે યાસીન પેલેસ તેમજ હાલ મુંબઈ અંધેરી ખાતે રહેતા રૂબી તસ્નીમ મહેંદી હસન શેખે વર્ષ 2012માં તેના કૌટુંબિક સગા એવા જાવેદ શેખ, જુનેદ શેખ, સાલેહાબાનું શેખ, નુરજહાં શેખ, શાહીનબાનું શેખ સાથે ભાગીદારીમાં ગેલેક્ષી ઓર્ગેનાઇઝર્સના નામે પ્રોપર્ટી લે-વેચની પેઢી બનાવી હતી. વર્ષ 2013માં આ પેઢીએ નાની બેગમવાડી ખાતે 6 કરોડની એક મિલકત ખરીદી હતી. આ ભાગીદારો પૈકીના જાવેદ શેખ, જુનેદ શેખ (રહે.યાસીન પેલેસ, રેશમવાડ)એ રૂબીની જાણ બહાર પાવર ઓફ એટર્ની બનાવી હતી.





આ અંગે રૂબી સહિતના ભાગીદારોને જાણ થતા તેમણે 26 જૂન 2019ના રોજ જુનેદ અને જાવેદને નોટિસ આપી પાવર રદ કરાવી દીધો હતો. તે છતાં આ બંને ભાઈઓએ પાવર ઓફ એટર્નીનો દુરૂપયોગ કરીને પાલિકામાં પાવર રજુ કરીને 2022માં પ્લાન મંજૂર કરાવીને રજા ચિઠ્ઠી મેળવી લઈ બાંધકામ શરૂ કર્યું હતું. જેની જાણ થતા રૂબી તસ્નીમ શેખે સલાબતપુરા પોલીસમાં બંને ભાઈઓ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

# 1 હજાર મજૂરી આપવાની લાલચે 2.13 કરોડના સોનાની ચોરી કરાવી

(એજન્સી) વડોદરા | તા.07

અમદાવાદ-પૂરી એક્સપ્રેસમાંથી 6 વર્ષ પૂર્વે ₹2.13 કરોડના સોનાની ચોરીના વોન્ટેડ આરોપીને રેલવે પોલીસ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યો છે. એક દિવસની મજૂરીના 1 હજાર રૂપિયા આપવાની લાલચે ગેંગે સંજય જાધવને ચોરીમાં સામેલ કર્યો હોવાની કબૂલાત તેણે પોલીસ સામે કરી હતી. આ બનાવમાં પોલીસે અગાઉ રૂપિયા 1.76 કરોડનો મુદ્દામાલ પકડી 3 આરોપીને પકડ્યા હતા જેમાંથી 1 હજુ ફરાર છે.

2018ની 12 જુલાઈએ બે સોની વેપારી ધંધાના પ્રમોશન માટે સોનાના દાગીના લઈને રાયપુરથી અમદાવાદ પૂરી એક્સપ્રેસમાં જઇ રહ્યા હતા. ડીંડોઈયા રેલવે સ્ટેશન બાદ વેપારી રૂા. 2.13 કરોડની કિંમતના 6.927 કિલો સોનાના દાગીના ભરેલી બેગ સીટની નીચે સાંકળથી બાંધીને સૂઇ ગયા હતા. આણંદ રેલવે સ્ટેશને વેપારી ઉઠતાં બેગ ન જોતા ચોંક્યા હતા. આણંદ રેલવે પોલીસે તપાસ હાથ ધરી હતી. દોઢ માસની તપાસમાં પોલીસે સોની વેપારીના ચોરાયેલા દાગીના પૈકી 5.858 કિલો દાગીના સહિત રૂા.1.76 કરોડના મુદ્દામાલ સાથે સુત્રધાર પંડિત અર્જુન પવાર (વડર) (રહે. જવળા, મહારાષ્ટ્ર) અને રમેશ ઉર્ફ ગોટીયા શિવાજી જાદવ (રહે. ખડકી જાતેગાંવ, મહારાષ્ટ્ર) અને મહારાષ્ટ્રના સુભાષ યશવંત જાદવ (વડર)ની ધરપકડ કરી હતી.

**બ્રેકિંગ ન્યૂઝ**

### દિવાળીપુરામાં કારચાલકે કાબૂ ગુમાવતાં રોડ વચ્ચે પલટી ગઇ

વડોદરા | દિવાળીપુરા રામેશ્વર મહાદેવના મંદિર પાસે સોમવારે એક કાર પલ્ટી ખાઈ જતા ટ્રાફિક જામ થયો હતો. સદનસિબે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નહોતી. જોકે ઘટનામાં કારને ભારે નુકસાન પહોંચ્યું હતું. મળતી વિગતો મુજબ, દિવાળીપુરા રામેશ્વર મહાદેવના મંદિર નજીક સોમવારે સાડા અગિયાર વાગ્યાની આસપાસ એક કાર પસાર થતી હતી. ત્યારે કારચાલકે અચાનકથી સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવી દેતા કાર પલ્ટી ખાઈ ગઈ હતી. જોકે કારચાલક સલામત કારમાંથી બહાર નીકળી ગયો હોવાનું જણાયું હતું. સદનસિબે તેને કોઈ ઈજા થઈ નહોતી.

### રિંગરોડ બ્રિજ પર રોંગસાઈડ આવેલી ટ્રકે અડફેટે લેતા બાઇક સવારનું મોત

સુરત | અમરોલીનો 24 વર્ષીય રાકેશ પ્રજાપતિ રવિવારે તેના મિત્રો સાથે ડુમસથી પરત ફરી રહ્યો હતો, તે વખતે રાકેશ અને તેના મિત્રો રિંગરોડ બ્રિજ પરથી પસાર થતા હતા. ત્યારે સહારાદરવાજા તરફથી પુરપાટ આવેલી ટ્રકે રાકેશ અને તેના મિત્ર સૌરભને અડફેટમાં લીધા હતા. ગંભીર રીતે ઘવાયેલા રાકેશને તાત્કાલિક સ્મીમેર લઈ જતા તબીબે મૃત જાહેર કર્યો હતો. સલાબતપુરા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ટ્રક ચાલકની ધરપકડ કરી હતી.

# નવસારી બેઠક પર બે અપક્ષ સહિત 3 ઉમેદવારના એજન્ટ ભાજપના અગ્રણી નીકળ્યા

(એજન્સી) સુરત | તા.07

સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીના રચાયેલા ડ્રામા અને અપક્ષ સભ્યોને બેસાડી દેવાના રાજકીય કાવાદાવા બાદ ભાજપ ઉમેદવાર બિનહરીફ બન્યા હતાં, આ વિવાદ બાદ નવસારી બેઠકમાં પણ બે અપક્ષ અને એક લીગ પાર્ટીના એમ ત્રણ ઉમેદવારના એજન્ટ તરીકે ભાજપના જ અગ્રણીઓ હોવાનું બહાર આવતાં વધુ એક વિવાદ ઉભો થયો છે.

નવસારી લોકસભા બેઠકમાં ભાજપ, કોંગ્રેસ સહિતના પક્ષના અને અપક્ષ મળી કુલ 14 ઉમેદવારો છે. તેમાં, મુખ્ય પક્ષ કોંગ્રેસના ઉમેદવાર નૈષધ દેસાઈ ના ચૂંટણી એજન્ટ ચંદ્રશેખર નાયક છે. સી. આર.પાટીલ ના ચૂંટણી એજન્ટ તરીકે પરેશ પટેલ છે. પરંતુ બે અપક્ષ અને એક લીગ પાર્ટીના ઉમેદવારોના એજન્ટ તરીકેની ભૂમિકામાં ભાજપના અગ્રણી હોઈ કોંગ્રેસના અસલમ સાઈકલવાલાએ ભાજપ ના કાવાદાવા અંગે આંગળી ચીંધી છે. નવસારી બેઠક પર લીગ પાર્ટીના રમઝાન મંસુરીના ચૂંટણી એજન્ટ ભાજપના ઉપપ્રમુખ છોટુ એકનાથ પાટીલ છે. જ્યારે અન્ય બે અપક્ષ ઉમેદવારમાં કાઝી હુસનોદ્દીનના ચૂંટણી એજન્ટ તરીકે પાલિકાના કોર્પોરેટર અમિતસિંગ રાજપૂત છે તથા બીજા અપક્ષ ઉમેદવાર મુહમ્મદ નિસારના ચૂંટણી એજન્ટ તરીકે નવસારી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ અશોક ગજેરા છે. આ અંગે કોંગ્રેસના માજી કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણીમાં ભાજપ સમર્પિત મુસ્લિમ અપક્ષ ઉમેદવારોના મુખ્ય ચૂંટણી એજન્ટ બનતા ભાજપના પદાધિકારીઓ શરમ અનુભવતા નથી.

તેમણે આક્ષેપ લગાવ્યો હતો કે ચૂંટણીમાં મુસ્લિમ અપક્ષ ઉમેદવારોને ભાજપનું પુરતું આર્થિકબળ પુરું પાડવાનું ઉત્તમ ઉદાહરણ નવસારી લોકસભામાં અપક્ષ ઉમેદવારો છે.


### સુરતના દાંડી રોડની ફાઉન્ટેનહેડ સ્કૂલને પણ બોમ્બથી ઉડાવવાની ધમકી...

# દાંડી રોડની ફાઉન્ટેનહેડ સ્કૂલને પણ બોમ્બથી ઉડાવવાની ધમકી

(એજન્સી) સુરત | તા.07

લોકસભાની ચૂંટણી અંતર્ગત મતદાનના ગણતરીના કલાકો અગાઉ અમદાવાદની નવ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યા મેઈલની સાથે સુરતના દાંડી રોડની ફાઉન્ટેનહેડ સ્કૂલમાં બોમ્બ બ્લાસ્ટની ધમકીનો ઉલ્લેખ હોવાથી દોડતી થયેલી પોલીસે બોમ્બ ડિસ્પોઝલ સ્કોર્ડ અને ડોગ સ્કોર્ડની મદદથી તપાસ હાથ ધરી હતી પરંતુ એક પણ વસ્તુ શંકાસ્પદ મળી ન હતી.

બે દિવસ અગાઉ દેશના પાટનગર દિલ્હીની સ્કૂલમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી આપતા મેઈલ આવ્યા હતા. દિલ્હીમાં જે રીતે અજાણ્યા મેઈલ આઈડી પરથી મેઈલ આવ્યા હતા તેવી જ રીતે આજે અમદાવાદની નવ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યા મેઈલ આવ્યા હતા. મંગળવારે સવારે 7 વાગ્યે મતદાન શરૂ થવાનું છે તેના ગણતરીના કલાકો અગાઉ બોમ્બની ધમકીને પગલે દોડતી થયેલી અમદાવાદ પોલીસે સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું. બીજી તરફ ધમકી ભર્યા



મેઈલમાં સુરતની ફાઉન્ટેનહેડ સ્કૂલનો પણ ઉલ્લેખ હતો. જેથી અમદાવાદ પોલીસે સુરત પોલીસને જાણ કરતા દાંડી રોડના અંભેટા ગામ સ્થિત ફાઉન્ટેનહેડ સ્કૂલમાં તુરંત જ પાલ પોલીસ ઉપરાંત એસઓજીની ટીમ દોડી ગઇ હતી. પોલીસે તુરંત જ ડોગ સ્કોર્ડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કોર્ડની મદદ લઈ સ્કૂલમાં ચેકીંગ હાથ ધર્યુ હતું. પરંતુ ત્રણેક કલાકની જહેમત બાદ પોલીસને એક પણ વસ્તુ શંકાસ્પદ મળી ન હતી. ઉલ્લેખનીય છે કે સ્કૂલમાં હાલ વેકેશન છે પરંતુ ફાઉન્ટેનહેડ સ્કૂલમાં કેટલાક ધોરણની પરીક્ષા ચાલી રહી હતી. જો કે પોલીસ પહોંચી તે પહેલા પરીક્ષા પૂર્ણ થઇ ગઇ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમદાવાદની સાથે સુરતના દાંડી રોડની ફાઉન્ટેનહેડ સ્કૂલમાં બોમ્બ બ્લાસ્ટની ધમકીના મેઈલને પગલે પોલીસની સાથે એટીએસ અને સાયબર ક્રાઈમની ટીમ પણ તપાસમાં જોતરાય છે. બ્લાસ્ટની ધમકી ભર્યા મેઈલ કરવામાં આવ્યા હોવાથી મેઈલ કયાંથી આવ્યો અને સેન્ડર કોણ છે તે જાણવા માટે ટેક્નિકલ સર્વેલન્સ ચાલી રહ્યું છે. પરંતુ આશ્ચર્યની બાબત એ છે કે મહિના અગાઉ ડુમ્મસ રોડના વીઆર મોલમાં બ્લાસ્ટની ધમકીનો મેઈલ આવ્યો હતો. આ પ્રકરણમાં એટીએસ તો ઠીક પરંતુ સાયબર ક્રાઈમની ટીમને હજી સુધી મહત્વની કોઇ કડી મળી નથી.

# દાહોદ લોકસભા બેઠકના ઉમેદવાર જશવંતસિંહ ભાભોરે માતા-પિતાના આશીર્વાદ લઈને પોતાના વતન દાસા મુકામે પરિવાર સાથે મતદાન કર્યું




દાહોદ લોકસભા બેઠકના ઉમેદવાર જશવંતસિંહ ભાભોરે પરિવાર સાથે આવીને પોતાના વતન દાસા મુકામે મતદાન કર્યું હતું જશવંતસિંહ ભાભોરે આવીને તેમના માતા-પિતાના ચરણસ્પર્શ કરીને પોતાનો મત આપ્યો હતો સાથે સાથે જશવંતસિંહ ભાભોરના માતા પિતા તેમ જ પરિવારે પણ મતદાન કર્યું હતું મતદાન કર્યા પછી જશવંતસિંહ ભાભોરે પાંચ લાખની લીડ થી જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. (દિપક રાવલ )

## ન્યુઝ ફ્લેશ

### અમિત શાહનો 25.03 લાખ જ્યારે સોનલબેનનો 12.7 લાખ ચૂંટણીખર્ચ

ગાંધીનગર | લોકસભા ચૂંટણી જંગ ખેલતા ઉમેદવારોએ નિયમ પ્રમાણે મતદાન પહેલા ત્રણ વખત ખર્ચના હિસાબો રજુ કરવાના હોય છે અને ૯૫ લાખની મર્યાદામાં જ ખર્ચ કરવાનો હોય છે ત્યારે મતદાનના આગલા દિવસે સોમવાર સુધીમાં ભાજપના અમિત શાહે ૨૫.૦૩ લાખ રૂપિયા જ્યારે કોંગ્રેસના સોનલબેન પટેલે ૧૨.૭૮ લાખ રૂપિયા ખર્ચ રજુ કર્યો છે. જ્યારે ઈન્સાનીયત પાર્ટીના ઉમેદવારે ખર્ચના હિસાબો નહીં આપતા તંત્ર દ્વારા તેમને નોટિસ ફટકારવામાં આવી છે. ચૂંટણીમાં મતદારો રૂપિયાના જોરે ખરીદાય નહીં અને ન્યાયિક-તટસ્થ વાતાવરણમાં ચૂંટણી યોજાય તે માટે ઉમેદવારને ૯૫ લાખ રૂપિયાની મર્યાદામાં ખર્ચ કરવાની અનુમતી આપવામાં આવી હતી.

### કાર ડિવાઈડર સાથે અથડાતાં હોટલમાં જમી પરત ફરતાં યુવાનનું મોત,ત્રણ ઘાયલ

ગાંધીનગર | ગાંધીનગર સરખેજ હાઈવે ઉપર અડાલજ પાસે ગઈકાલે રાત્રે રાયસણની હોટલમાંથી પરત ફરતા ચાર મિત્રોની કાર ડિવાઈડર સાથે અથડાઈ હતી અને જે પૈકી એક યુવાનનું ગંભીર ઈજાઓને કારણે મોત થયું હતું. જ્યારે અન્ય ત્રણને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે અડાલજ પોલીસે ગુનો દાખલ કર્યો છે.આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે અમદાવાદનાં સોલા સાયન્સ સિટી રોડ વર્ટીસ ટાવરમાં રહેતા અને એમબીએનો અભ્યાસ કરતા સ્વપ્નિલ હેમેશકુમાર પારેખ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, ગત શનિવારના રોજ સાંજના સેટેલાઈટના જીમમાં સાથે કસરત કરવા જતા મિત્રો જાવેદખાન અને તેનો ભાઈ ઉમેશખાન, સાકીરખાન તેમજ સ્વપ્નિલે ગાંધીનગર પી.ડી.પી.યુ રોડ ઉપર આવેલ શાહી સગડી હોટલમાં જમવાનો પ્લાન બનાવ્યો હતો.

### દાહોદના પંદર શ્રમજીવીઓનું ધર્મ પરિવર્તન કરાવવાના મામલે હોબાળો

ગાંધીનગર | ગાંધીનગર શહેરના સેક્ટર ૫માં ગઈકાલે રાત્રે દાહોદના ૧૫ જેટલા શ્રમજીવીઓનું ધર્મ પરિવર્તન કરાવવામાં આવતું હોવાના મામલે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ત્યાં પહોંચીને હોબાળો મચાવી દેવામાં આવ્યો હતો અને તમામને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. જોકે અહીં એક ધર્મની પ્રાર્થના ચાલતી હોવાનું પોલીસની તપાસમાં બહાર આવ્યું છે. આ ઘટના અંગે મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સેક્ટર ૫માં રહેતા મૂળ દાહોદના ૧૫ જેટલા શ્રમજીવીને ક્રિશ્ચિયન ધર્મ અંગીકાર કરાવવામાં આવતો હોવાની જાણ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળને થતા આગેવાનો રાત્રે સેક્ટર ૫ના કોમશયલ કોમ્પ્લેક્સના ભોયરામાં પહોંચ્યા હતા અને ત્યાં હોબાળો મચાવી દીધો હતો. અહીં આ પંદર જેટલા વ્યક્તિઓને જય શ્રીરામના નારા સાથે સેક્ટર ૭ પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા.

## વલસાડ બેઠક માટે રેકોર્ડ બ્રેક મતદાન તરફ ડાંગની આગેકૂચ : 74.48 ટકા મતદાન

(એજન્સી) વલસાડ | તા.07



૨૬-વલસાડ (S.T.) સંસદિય મત વિસ્તારમાં સમાવિષ્ટ, ૧૭૩-ડાંગ (S.T.) વિધાનસભા મતદાર વિસ્તારમાં સાંજે ૫ વાગ્યા સુધીમાં અંદાજીત ૭૪.૪૮ ટકા જેટલુ મતદાન નોધાવા પામ્યું છે.પ્રાપ્ત વિગતો અનુસાર દેશમાં ચાલી રહેલી લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૨૪ અંતર્ગત તા.૭ મી મે-૨૦૨૪ નાં રોજ દેશમાં ત્રીજા ચરણના મતદાનની સાથે, ગુજરાતની ૨૬-વલસાડ (S.T.) બેઠક માટે પણ મતદાન યોજાવા પામ્યું હતું. જેમાં સમાવિષ્ટ ૧૭૩-ડાંગ (S.T.) વિધાનસભા મતદાર મંડળ માટે, સાંજે ૫ વાગ્યા સુધીમાં ૯૮,૬૨૫ પુરુષ મતદારો પૈકી ૭૪,૦૭૮ પુરુષ મતદારો, અને ૯૮,૩૮૧ સ્ત્રી મતદારો પૈકી ૭૨,૬૫૩ સ્ત્રી મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા, અહીં અંદાજીત ૭૪.૪૮ ટકા મતદાન નોધાવા પામ્યું છે.દરમિયાન જિલ્લા ચુંટણી તંત્રે અહીં વધુમાં વધુ મતદાન થાય તે માટેના હાથ ધરેલા પ્રયાસોને સારો પ્રતિસાદ મળવા પામ્યો હતો. અહીં દિવ્યાંગ મતદારોને તેમના ઘરેથી મતદાન મથક સુધી લાવવા, લઈ જવા માટે દસ જેટલા વિશેષ 'સક્ષમ રથ'ની વ્યવસ્થા આનુશાંગિક સાધન સામગ્રી સાથે કરવામાં આવી હતી. સાથે જિલ્લાના મતદારો નિર્ભિક થઈ, પારદર્શક રીતે મતદાન કરી શકે તે માટે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સહિત, લાઈવ વેબકાસ્ટિંગ, સી.સી.ટીવી કેમેરા, જિલ્લા કક્ષાએ વિવિધ કંટ્રોલ રૂમ જેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી, સમગ્ર પ્રક્રિયા ઉપર ચાપતી નજર રાખવામાં આવી હતી.આ ઉપરાંત ડાંગ જિલ્લામાં ચુંટણી પંચની માર્ગદર્શિકા મુજબ થીમ આધારિત મતદાન મથકો પણ ઉભા કરાયા હતા. જે અનુસાર જિલ્લમાં આદર્શ મતદાન મથક, યુવા મતદાન મથક, દિવ્યાંગ મતદાન મથક, સખી મતદાન મથક જેવા વિશેષ મતદાન મથકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. જિલ્લાના ૩૨૯ મતદાન મથકો ઉપર સવારના ૭ થી સાંજના ૬ વાગ્યા સુધી મતદાન યોજાઈ રહ્યું છે. જેના આખરી સત્તાવાર આંકડાઓ મોડી રાત્રે પ્રાપ્ત થઈ શકશે. ઉલ્લેખનીય છે કે, ૧૭૩-ડાંગ (એસ.ટી.) વિધાનસભા મતદાર વિસ્તારમાં ગત લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૧૪ દરમિયાન ૮૧.૩૩ ટકા, સને ૨૦૧૭ ની વિધાનસભાની ચૂંટણીમાં ૭૨.૬૪ ટકા, સને ૨૦૧૯ની લોકસભામાં ૮૧.૨૩, સને ૨૦૨૦ માં યોજાયેલી વિધાનસભાની પેટા ચુંટણીમાં ૭૩.૭૧ ટકા, અને સને ૨૦૨૨ ની વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ૬૮.૦૯ ટકા મતદાન નોંધાવા પામ્યું હતુ.સવારના ૭ થી સાંજના પાંચ વાગ્યા સુધીના મતદાનના આ આંકડાઓ જોતા, અને હજી એક કલાકનું મતદાન બાકી છે .

## પ્રેરણાત્મક મતદાન કરતા દાહોદ જિલ્લા હિન્દુ યુવા વાહિનીના અધ્યક્ષ રિન્કેશ પ્રજાપતિ



131 લીમખેડા વિધાનસભા મત વિસ્તારના દરેક બૂથમાં Assured Minimum Facilities નું અમલીકરણ કરવામાં આવેલ. જે અન્વયે બુથ નંબર ૧૭૯ લીમખેડા-૧માં સ્પેશ્યલ મતદાર દાહોદ જિલ્લા હિન્દુ યુવા વાહિની ના અધ્યક્ષ અને સનાતન વર્લ્ડ પરિવાર ગુજરાતના પ્રદેશ પ્રચારક રિન્કેશ પ્રજાપતિ દ્વારા વ્હીલચેર ઉપયોગ કરી મતદાન કરી અન્ય તમામ મતદારોને લોકશાહીના અવસરમાં પોતાનું યોગદાન આપી અવસરની ઉજવણીમાં અભિવૃદ્ધિ કરવા પ્રેરણા આપી.

## ધારી વિધાનસભાના ધારાસભ્ય જે વી કાકડીયાએ માદરે વતન ચલાલા પરા પ્રાથમિક શાળા ખાતે સજોડે મતદાન કર્યું



અશોક મણવર : અમરેલી

અમરેલી લોકસભા 2024 ચૂંટણી અંતર્ગત 1841 મતદાન મથકો પર 17,31,040 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે ત્યારે 9335 કર્મચારીઓ ફરજમાં રોકાયા છે તેવા સમયે ભાજપ કોગ્રેસ અપક્ષ સહિત અન્ય 8 ઉમેદવાર વચ્ચે ચુંટણી જંગ યોજાય રહ્યો છે અમરેલી લોકસભામાં વર્તમાન જીલ્લા પંચાયતના પ્રમુખ ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા અને કોગ્રેસ ગઠબંધનમાં કોગ્રેસના જીલ્લા પંચાયતના પુર્વ પ્રમુખ ઉમેદવાર જેનીબેન ઠુંમર વચ્ચે જામ્યો ચુંટણી જંગ કોણ થશે વિજેતા તેવી ચર્ચાએ જોર પકડ્યું અમરેલી લોકસભા મતવિસ્તારમાં 3 ટર્મથી ભાજપ માથી નારણભાઈ કાછડીયા વિજેતા થયા છે ત્યારે આ વખતે ભાજપ પાર્ટીએ નવાજ કાર્યકર્તાને ટીકીટ આપી છે ત્યારે અમરેલી જીલ્લામા 2022 ની વિધાનસભામાં પાંચ પાંચ ધારાસભ્ય ભાજપના વિજેતા જાહેર થયેલ તો

ધારી વિધાનસભામાં જે.વી.કાકડીયા સતત તણ વખતથી વિજેતા જાહેર થયા અમરેલી લોકસભા ચૂંટણી 2024 મા જીલ્લા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાર પ્રક્રીયા શરું છે ત્યારે લોકોમા મતદાર કરવા ભારે ઉત્સાહ જોવા મળ્યો ધારી વિધાનસભાના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ માદરે વતન ધારી તાલુકાના ચલાલા પરા પ્રાથમિક શાળા ખાતે સજોડે મતદાર કરી ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા વિજેતા થશે તેવો વિશ્વ વ્યકત કર્યો ..



## ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરિયાએ તેમના ધર્મપત્ની સાથે માદરે વતન લાઠીના ઝરખીયા ગામે મતદાન કર્યો

અશોક મણવર : અમરેલી

અમરેલી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત અમરેલી જિલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં સવારે ૭ વાગ્યાથી મતદાનનો પ્રારંભ થયો હતો. લાઠીના ઝરખીયા ખાતે શ્રી ભરતભાઈ સુતરિયાએ તેમના ધર્મપત્નીશ્રી સાથે ઉત્સાહપૂર્વક મતદાન કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાતમાં નાગરિકો ઉત્સાહ સાથે શાંતિપૂર્ણ માહોલમાં લોકશાહીના મહાપર્વમાં ભાગીદાર બનીને લોકશાહીને સશક્ત બનાવવા માટે પોતાના બહુમૂલ્ય મતનું દાન કરીને લોકશાહીને સશક્ત બનાવવા માટે યોગદાન આપ્યું હતું. અમરેલી જિલ્લામાં વરિષ્ઠ નાગરિકો, યુવાધન અને મહિલાઓએ મતદાન માટે બુથ પર પહોંચેલ.



## અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાએ અમરેલી ફોરવર્ડ ગર્લ્સ હાઇસ્કુલ ખાતેના મતદાન મથકથી મતદાન કરાયું

અશોક મણવર : અમરેલી

અમરેલી લોકસભા મતવિસ્તારમાં મતદાન પ્રક્રિયા અંતર્ગત અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયાએ મતદાન કરી તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જિલ્લા કલેક્ટરશ્રીએ અમરેલી શહેરમાં આવેલા જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ ખાતેના મતદાન મથકના રુમ નં.૦૨ ખાતે મતદાન કર્યુ હતુ. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ, ફોરવર્ડ હાઈસ્કુલના પ્રાંગણમાં પર્યવારણની થીમ પર તૈયાર કરવામાં આવેલા આદર્શ મતદાન મથકની મુલાકાત લીધેલ..



## કુંકાવાવના વાવડી મુકામે જેનીબેન ઠુંમરે પિતા વિરજીભાઇ ઠુંમર સાથે મતદાન કરી જીતનો વિશ્વાસ વક્ત કર્યો

અશોક મણવર : અમરેલી

અમરેલી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત અમરેલી સહિત સમગ્ર રાજ્યમાં મતદાન પ્રક્રિયા શરુ છે. શ્રી જેનીબેન ઠુંમરે પોતાના પિતા શ્રી વિરજીભાઈ ઠુંમર સાથે વતનમાં, અમરેલીના કુંકાવાવ તાલુકાના વાવડી રોડ મુકામે મતદાન કર્યું હતુ. અમરેલીમાં નાગરિકો ઉત્સાહ સાથે મતદાન કરવા પોતાના મતદાન મથક સુધી પહોંચી રહ્યા છે. લોકશાહીના મહાપર્વ - ચૂંટણીમાં મતદાન કરવા આવતા મતદારોને પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા જરુરી વ્યવસ્થાઓ કરવામાં આવેલ.



## 77 વર્ષની ઉંમરે મતદાન કરવા પગપાળા આવેલા વયોવૃદ્ધ હસમુખલાલ નવસારીવાળા

(એજન્સી) સુરત | તા.07

સુરતના ખટોદરા સ્થિત નગર પ્રાથમિક શાળાના બુથ પર મતદાન માટે પગપાળા આવેલા ૭૭ વર્ષના વયોવૃદ્ધ હસમુખલાલ છગનલાલ નવસારીવાળા મતદાન કરી અન્ય મતદારો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા હતા. દેશના આઝાદીના વર્ષ ૧૯૪૭માં તેમનો જન્મ થયો હતો. તેમનામાં નાનપણથી જ દેશપ્રેમની ભાવનાના બીજ રોપાયા હતા. તેઓ સુરતના ખટોદરાના શાસ્ત્રીનગરમાં પરિવાર સાથે રહી નિવૃત્ત જીવન વિતાવી રહ્યાં છે. તેઓ અગાઉ દરજી કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ બનતા હતા. તેમણે જણાવ્યું કે, આજ સુધીની મહતમ વિધાનસભા-લોકસભા-પંચાયત સહિતની ચૂંટણીઓમાં અવશ્ય મતદાન કર્યું છે. લોકશાહીમાં મતદાન કરવું એ જાગૃત્ત નાગરિક તરીકે આપણી ફરજ છે. મતદાનનું મહત્વ હું સમજુ છું, આપણા એક એક મત રાષ્ટ્રનિર્માણ માં ઉપયોગી બને છે, એટલે જ શક્ય તેટલા લોકોને મતદાન કરવા માટે પ્રેરિત કરવાનો પ્રયાસ કરું છું. કોઈ પણ કામ અર્થે શક્યત: પગપાળા ચાલીને જવાનું પસંદ કરું છું, જેનાથી સ્વાસ્થ્ય પણ જળવાઈ રહે છે.

## 7 મે 2024ના રોજ અમદાવાદ અને બ્રહ્મપુર વચ્ચે વિશેષ ટ્રેન દોડશે

(એજન્સી) અમદાવાદ | તા.07

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ અમદાવાદ-બ્રહ્મપુર-ઉધના સ્પેશિયલ ટ્રેન ખાસ ભાડા પર ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે.

ટ્રેન નંબર 09017/09018 અમદાવાદ-બ્રહ્મપુર-ઉધના સ્પેશિયલ ટ્રેન [2 ટ્રીપ્સ]

ટ્રેન નંબર 09017 અમદાવાદ-બ્રહ્મપુર સ્પેશિયલ અમદાવાદથી મંગળવાર, 07 મે 2024ના રોજ 19.15 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે 04.15 કલાકે બ્રહ્મપુર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09018 બ્રહ્મપુર-ઉધના સ્પેશિયલ ગુરુવાર, 9 મે 2024 ના રોજ બ્રહ્મપુરથી 07.30 કલાકે ઉપડશે અને બીજા દિવસે 19.00 કલાકે ઉધના પહોંચશે.

આ ટ્રેન રૂટમાં વડોદરા, સુરત, ઉધના, નંદુરબાર, જલગાંવ, ભુસાવલ, શેગાંવ, અકોલા, વર્ધા, નાગપુર, તુમસર રોડ, ગોંદિયા, દુર્ગ, રાયપુર, મહાસમુંદ, ખારિયાર રોડ, કાંટાબંજી, ટિટિલાગઢ, કેસિંગા, મુનિગુડા, રાયગડા, પાર્વતીપુરમ, બોબિલી, વિઝિયાનગરમ, શ્રીકાકુલમ રોડ અને પલાસા સ્ટેશન પર રોકાશે. ટ્રેન નંબર 09018 બ્રહ્મપુર-ઉધના સ્પેશિયલ ઉધના સ્ટેશન પર ટર્મિનેટ થશે. આ ટ્રેનના તમામ 20 કોચ સ્લીપર ક્લાસના હશે. ટ્રેન નંબર 09017 માટે બુકિંગ 07 મે 2024ના રોજ 12.00 કલાકે તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## ઉનાના વડવિયાળા ગામે સિંહણનું મોત માર્ગ અકસ્માતનાં લીધે થયું અને વન વિભાગે મોતનું કારણ ઈનફાઈટ દર્શાવ્યું !

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

ઉના ગીર ગઢડા રોડ ઉપર વડવિયાળા ગામે ટેલિફોન એક્સચેન્જ ની સામે વાહનની અડફેટે 3 વર્ષની સિંહણનું અકસ્માત નીપાજેલું.. તા.૩-૫-૨૦૨૪ ની રાતે આશરે ૧.૦૦ વાગ્યા આસપાસ રોડ ઉપર માદા સિંહ બાળનો કોઈ વાહન સાથે અથડામણમાં મોત નિપજ્યુ હતું.જેની જાણ જંગલ વિભાગને થતા આ બનાવને જંગલ વિભાગે ઈન ફાઈટનું કારણ આપીને અકસ્માતની ઘટનામાં ખપાવવાનો અને સાચી હકીકત છૂપાવવાનો પ્રયાસ કરેલ. આ અંગે જંગલ વિભાગના જસાધાર રેન્જના આરએફઓ ભરવાડએ તેમજ ફોરેસ્ટ ગાર્ડ હિતેષ બારોટેઆ બાબતને ના બતાવવા તેમજ સિંહણનું ઈન ફાઈટમાં મોત નિપજ્યું હોવાનું કહેલું આમ આ બનાવને ફોરેસ્ટ વિભાગના અધિકારીઓએ આ બનાવને ઈન ફાઈટમાં ખપાવવાની કોશિશ શા માટે કરેલ? બનાવની વિગત મેળવવા અનેક વાર ફોન કરવા છતાં પ્રેસ નોટ કે અન્ય વિગત આપી નહોતી.આ અંગે વન વિભાગના અધિકારીઓ પાસે માહિતી મેળવવા ફોન કરેલો ત્યારે સાચી માહિતી આપવાને બદલે અન્ય વાતોમાં ગુમરાહ કરેલ તેમજ સાચી માહિતી છુપાવવા કહેલું અને અવાર નવાર ફોન કર્યા બાદ પણ જસાધાર ઓફિસ સુધી મુલાકાત લીધા બાદ ત્યાં આર એફ ઓ હાજર ન હતા તેમ જ ટેલીફોનિક વાત કરતા બહાર હોવાનું કહેલ અને ૩૬ કલાક બાદ સાંજના સમયે ખોટી પ્રેસ નોટ જાહેર કરેલ જેમાં સાચી વિગત દર્શાવી ન હતી તેમજ પ્રેસ નોટ માં આખલાનો ઉલ્લેખ કરેલ તે અંગે વડવિયાળા ગ્રામજનો સંપર્ક સાધતા આજુબાજુ ના સ્થળ નજીક રહેતા લોકોએ જણાવેલ કે ત્યાં આવો કોઈ આખલો ઘાયલ થયેલ હાલતમાં કોઈએ જોયેલ ન હતો અને સ્થળ પર રોડની વચ્ચે સિંહનો વહી ગયેલ લોહી તેમ જ પારે વાહને બ્રેક મારતા ટાયર ના નિશાનો જોવા મળેલ અને સ્થાનિકો ના કહ્યા પ્રમાણે આ સિંહનું ટ્રક સાથે અકસ્માત થયાનું જાણવા મળ્યું હતુંજ્યારે વન વિભાગ દ્વારા પોતાનો લૂલો બચાવ કરવા કોઈપણ અધિકારીના સહી સિક્કા વગરની પ્રેસનો જાહેર કરેલ હતી.જેમાં જણાવ્યું હતું કે વડવિયાળા ગામ પાસે વહેલી સવારના સમયે આંખલાનું માળણ કરવા કોશિશ કરેલ તે સમયે મોત થયેલ જે અંગેની જાણ વન વિભાગ ના અધિકારીને થતા તાત્કાલિક સ્થળ પર દોડી આવેલ સ્થળ પર તપાસ કરતા એક આંખનો જીવતો મળી આવેલો તેના શરીર પર લાગેલા તાજા નિશાન પંજાના નવો તથા સિંહના દાંતના નિશાનો શરીરના ભાગે જોવા મળેલ અને બાજુના ભાગે સિંહણનો મૃતદે પડેલ તેની તપાસ કરતા સિંહણના શરીરના ભાગે મૂંડમારના નિશાન તેમ જ ગંભીર ઈજાના નિશાન જોવા મળતા સિંહ અને આખલા વચ્ચે અથડામણ થયેલ હોય જેમાં સિંહનું મોત નીપજતા સિંહણના મૃતદેહને પીએમ અર્થે જસાધાર ખસેડાઈ હતી.


## વન-વન્યપ્રાણીઓનાં જતનના દાવા પોકળ, ACFની 100માંથી 85 જગ્યા ખાલી

### વહિવટી પ્રક્રિયા માટે મુખ્ય અધિકારી વગર અનેક મુશ્કેલી

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

સરકાર દ્વારા વન અને વન્યપ્રાણીઓને બચાવવા માટે અને તેના વિકાસ માટે અનેક કામગીરી સારી રીતે કરવામાં આવતી હોવાના દાવાઓ કરવામાં આવે છે. હાલ વન વિભાગમાં વહિવટી પ્રક્રિયા માટે મુખ્ય પોસ્ટ એવી એસીએફની સમગ્ર ગુજરાતની ૧૦૦માંથી ૮૫ જગ્યાઓ ખાલી છે. માત્ર ૧૫ જેટલી જગ્યા પર રેગ્યુલર એસીએફ છે. બાકીની તમામ જગ્યાઓ ઈન્ચાર્જથી ચલાવવામાં આવી રહી છે. આવી સ્થિતિના કારણે વહિવટી પ્રક્રિયાઓમાં ખુબ મોટી સમસ્યાઓ ઉભી થઈ રહી છે. ગીર તથા તેની આસપાસનાં તમામ ડિવિઝનો સહિત ગુજરાતભર માંઆરએફઓને ચાર્જ આપી ગબડાવાતું ગાડું.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)** તમારા પ્રયત્નો રંગ લાવી રહ્યા છે. આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે.

**વૃષભ (બ,વ,ઉ)** લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે.

**મિથુન (ક,છ,ઘ)** આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે. હિંમત ના છોડવી વધારે સારું રહેશે.

**કર્ક (ડ,હ)** તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો.

**સિંહ (મ,ટ)** આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે.

**કન્યા (પ,ઠ,ણ)** સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે.

**તુલા (ર,ત)** આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા છોડી શકો છો.

**વૃશ્ચિક (ન,ય)** મિત્રો અને પ્રિયજનો માટે ચિંતા કરી શકો છો. કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને કિંમતી સમય બગાડો છો.

**ધન (ભ,ધ,ફ)** તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો. વિદ્યાર્થીઓના અભ્યાસમાં થોડી મુશ્કેલીઓ આવી શકે.

**મકર (ખ,જ)** આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે.

**કુંભ (ગ,શ,સ)** આજે ભાવનાત્મક અને લાગણી સંબંધિત કેટલીક બાબતો સામે આવશે. પરંતુ જો તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો.

**મીન (દ,ચ,ઝ,થ)** કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

## ન્યૂઝ ટ્રેક

### હવે સરળતાથી UPI ID બદલી શકાશે, જાણો આખી પદ્ધતિ

મુંબઇ | ગત કેટલાક દિવસોથી પેટીએમ ખૂબ ચર્ચામાં છે. દેશમાં લાખો લોકો ઓનલાઈન પેમેન્ટ માટે આ એપનો ઉપયોગ કરતા હોય છે. તાજેતરમાં આરબીઆઈએ આની પેમેન્ટસ બેંક વિરુદ્ધ આકરાં પગલાં ભર્યા હતા. આવા સમયે જ પેટીએમ પર સ્પેશિયલ સુવિધા શરૂ થઈ છે. જેનાથી યુઝર્સનું કામ ઘણું સરળ થઈ જશે. RBI દ્વારા Paytm પેમેન્ટ્સ બેંક સામે કરવામાં આવેલી કાર્યવાહી બાદ Paytmને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ કારણોસર કંપનીએ તેની ફાસ્ટેગ સેવા પણ બંધ કરવી પડી હતી. જો કે, પેટીએમને થર્ડ પાર્ટી એગ્રીગેટર તરીકે કામ કરવા માટે લાયસન્સ આપવામાં આવ્યું છે. આ સેવા ભારતમાં Google Pay અને WhatsApp Pay દ્વારા પ્રદાન કરવામાં આવે છે.

### 4 લાખથી વધુ રોકાણકારો વાળી આ સરકારી કંપની કરશે મફત શેરનું વિતરણ,

મુંબઇ | HPCL શેરની કિંમતઃ સરકારી તેલ કંપની હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) ના બોર્ડની એક મહત્વપૂર્ણ બેઠક 9 મેના રોજ યોજાવા જઈ રહી છે. આ બેઠકમાં શેરધારકોને બોનસ શેર આપવાની દરખાસ્ત પર વિચારણા કરવામાં આવશે અને તેની મંજૂરી લેવામાં આવશે. જો કે બોનસ ઈશ્યુની રેકોર્ડ ડેટ હજુ નક્કી કરવામાં આવી નથી. તમને જણાવી દઈએ કે આ ત્રીજી વખત હશે જ્યારે HPCL તેના શેરધારકોને બોનસ શેર આપશે. તેણે અગાઉ 2016 માં 2:1 ના ગુણોત્તરમાં બોનસ શેર જારી કર્યા હતા.

### આરપીજી ગ્રૂપના ચેરમેન હર્ષ ગોયેન્કાની રિટેલ ઇન્વેસ્ટર્સને ચેતવણી

# હર્ષદ મહેતા-કેતન પારેખ યુગનો ફરી પ્રારંભ પ્રમોટરો નફો વધારી પ્રાઈસ રિગિંગમાં પ્રવૃત્ત

(એજન્સી) નવી દિલ્હી | તા.07

આરપીજી ગ્રુપના ચેરમેન હર્ષ ગોયેન્કાએ રિટેલ ઈન્વેસ્ટર્સને ચેતવણી આપતા જણાવ્યું છે કે હર્ષદ મહેતા અને કેતન પારેખ દ્વારા જે પ્રકારે પ્રાઈસ રિગિંગ કરીને કૌભાંડ આચરવામાં આવ્યું હતું તે યુગ ફરીથી આવી ગયો છે અને હાલમાં શેરબજારમાં અભૂતપૂર્વ તેજી જોવા મળી રહી છે ત્યારે આવા કૌભાંડોને કારણે થતા જંગી નુકસાનથી બચવા માટે સાવચેત રહેવું હિતાવહ છે. ખાસ કરીને કોલકાતામાં ગુજરાતી તથા મારવાડી બ્રોકર્સ સાથેની સાંઠગાંઠથી કેટલાક પ્રમોટરો દ્વારા પ્રોફિટ એન્ટ્રીના માધ્યથી ખોટી રીતે વધુ પડતો ઊંચો નફો બતાવી તેમની કંપનીના શેરના ભાવને વાસ્તિવક ન હોય એવા ખૂબ જ ઊંચા સ્તરે લઈ જવામાં આવે છે. આવા સંજોગોમાં આવી ગેરરિતીથી નાના રોકાણકારોએ બચવું જોઈએ. ગોયેન્કાએ એક્સ પ્લેટફોર્મ પર એક પોસ્ટ મુકીને રિટેલ ઈન્વેસ્ટર્સને આ સલાહ આપી હતી. તેમણે પોસ્ટમાં જણાવ્યું હતું કે શેરબજારમાં હાલમાં



તેજીનો માહોલ છે ત્યારે હર્ષદ મહેતા અને કેતન પારેખ દ્વારા જે ગેરરીતિઓ આચરવામાં આવી હતી તે ફરીથી પ્રચતિલ બની છે અને ખાસ કરીને કોલકાતામાં તેનું ચલણ વધ્યું છે. તેમણે આ પોસ્ટથી સેબી અને કેન્દ્રિય નાણામંત્રાલયને પણ દરમિયાનગીરી કરી અને રિટેલ ઈન્વેસ્ટર્સને જંગી નુકસાન ભોગવવાનો વારો આવે તે પહેલાં આવા કૌભાંડોની તપાસ કરવા પણ અનુરોધ કર્યો હતો. શુક્રવારે શેરબજારમાં તીવ્ર કડાકો બોલ્યો અને દિવસમાં 1,600 પોઈન્ટ જેટલી ઉથલપાથલ પછી સેન્સેક્સ 74,000ની સપાટીથી નીચે બંધ રહ્યો અને વોલેટાલીટી ઈન્ડેક્સમાં 9 ટકાનો વધારો નોંધાયો તે પછી ગોયેન્કાએ આ પોસ્ટ મુકી હતી. 1990ના દશકામાં બેંકિગ સિસ્ટમમાં રહેલી છટકબારીઓનો ઉપયોગ કરીને હર્ષદ મહેતાઓ બેંકમાંથી મેળવેલી જંગી રકમનો ઉપયોગ કરી પસંદગીના શેરોમાં પ્રાઈસ રિગિંગ કર્યું હતું. આના પગલે આ શેરોમાં ખરીદી કરવા નાના રોકાણકારોમાં ઘેલછા ઊભી થઈ હતી અને પછી આ ગેરરીતિ બહાર આવતા આ શેરોના ભાવ ઘટતા આ રોકાણકારોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો. મહેતાએ આચરેલી આવી ગેરરીતિઓને પગલે એક સમયે સેન્સેક્સમાં પણ મોટો ઉછાળો નોંધાયો હતો. મહેતાએ છટકબારીનો ઉપયોગ કરી એકલી એસબીઆઈમાંથી જ ખોટી રીતે રૂ. 500 કરોડનું ભંડોળ મેળવ્યું હતું. ઘણી વખત કંપનીઓ દ્વારા કેટલાક ખર્ચા ઉધારવામાં જ આવતા નથી જેથી નફો વધારે દેખાય છે. કંપનીને કોઈ નુકસાન ગયું હોય તો તેને હિસાબના ચોપડામાં મોડું દર્શાવવામાં આવે છે. આ ઉપરાંત એકાઉન્ટિંગ માટેની પોલિસીમાં પણ ફેરફાર કરીને ઊંચો પ્રોફિટ દર્શાવવામાં આવે છે.

## બજેટ ઈ-કાર સાથે ચીનની લીપમોટર ભારતના બજારમાં ઝંપલાવાની તજવીજમાં

(એજન્સી) મુંબઈ | તા. 07



તાજેતરમાં ઈલોન મસ્કની ઈલેક્ટ્રિક વ્હિકલ કંપની ટેસ્લાના ભારત પ્રવેશની યોજના હાલ પૂરતી મુલત્વી રખાયા બાદ હવે વધુ એક કવાયતએ જન્મ લીધો છે. જે હેઠળ માધ્યમોમાં એ વાતની ચર્ચા જોરશોરથી થઈ રહી છે કે, એમજી અને બીવાયડી બાદ હવે ચીનની ત્રીજી કંપની ભારતમાં પર્દાપણ કરવા જઈ રહી છે. ચીનની ઈલેકટ્રીક વ્હીકલ કંપની લીપમોટર ભારતના બજારમાં પ્રવેશ કરવા જઈ રહી છે. લીપમોટર અને સ્ટેલેન્ટિસ ભારત પ્રવેશની યોજના અંગેની જાહેરાત વહેલી તકે કરે તેવી શકયતા છે. સંભવતઃ આ ઘોષણા આગામી કેટલાક સપ્તાહમાં થઈ શકે છે. જો ભારત સરકારની મંજૂરી મળી જશે તો લીપમોટર ભારતમાં બજેટ ઈલેક્ટ્રિક કાર લોન્ચ કરશે. નોંધનીય છે કે, ગત વર્ષે ઓક્ટોબરમાં સ્ટેલેન્ટિસે 20 ટકા હિસ્સો પ્રાપ્ત કરવા લીપમોટરમાં 1.6 અબજ ડોલરના રોકાણની યોજનાની જાહેરાત કરી હતી. લીપમોટર અને સ્ટેલેન્ટિસના સંયુક્ત સાહસ દ્વારા ભારતમાં પ્રવેશ સાથે ઈલેક્ટ્રિક વ્હીકલ વચ્ચેની હરિફાઈ વધુ તીવ્ર બનશે. લીપમોટર અને સ્ટેલેન્ટિસ ભારતમાં પોતાની યોજનાઓ માટે જાહેરાત કરે તેવી શકયતા છે અને આગામી કેટલાક સપ્તાહોમાં આ ઘોષણા થઈ શકે છે?જો સરકાર તરફથી મંજૂરી મળી જશે તો, ભારતમાં લીપમોટર્સની બજેટ ઈલેક્ટ્રીક કાર લોન્ચ કરવામાં આવશે?ગત વર્ષે ઓક્ટોબરમાં સ્ટેલેન્ટિસે 20 ટકા હિસ્સો પ્રાપ્ત કરવા લીપમોટરમાં 1.6 અબજ ડોલરના રોકાણની યોજનાની જાહેરાત કરી હતી?આ સોદો લીપમોટર ઈન્ટરનેશનલની રચનાની રૂપરેખા દર્શાવે છે.

## એપ્રિલમાં સેવા ક્ષેત્રની પ્રવૃત્તિ સાધારણ મંદ પડી પરંતુ માંગમાં મજબૂતાઇ જારી

(એજન્સી) મુંબઈ | તા. 07

ઉત્પાદન ક્ષેત્ર બાદ દેશની સેવા ક્ષેત્રની પ્રવૃત્તિ પણ માર્ચની સરખામણીએ એપ્રિલમાં સાધારણ મંદ પડી હતી. એસએન્ડપી ગ્લોબલ દ્વારા તૈયાર કરાયેલો એપ્રિલનો એચએસબીસી ઈન્ડિયા સર્વિસ પરચેઝિંગ મેનેજર્સ' ઈન્ડેક્સ ૬૦.૮૦ રહ્યો હતો જે માર્ચમાં ૬૧.૨૦ જોવા મળ્યો હતો. ૫૦થી ઉપરના ઈન્ડેક્સને જે તે ક્ષેત્રનું વિસ્તરણ ગણવામાં આવે છે. માર્ચની સરખામણીએ સાધારણ ઘટાડા છતાં એપ્રિલનો ઈન્ડેક્સ સન્માનજનક સપાટીએ છે. ઓગસ્ટ ૨૦૨૧થી સેવા ક્ષેત્રનો પીએમઆઈ સતત ૫૦થી ઉપર રહ્યા કરે છે. ઘરઆંગણે તથા વિદેશમાંથી મજબૂત માગને પરિણામે ઈન્ડેક્સ ઊંચો જોવા મળ્યો છે. મજબૂત માગને કારણે



વેપાર વિશ્વાસ પણ એપ્રિલમાં વધી ત્રણ મહિનાની ટોચે રહ્યો હતો. મજબૂત માગને કારણે નવો બિઝનેસ સબ-ઈન્ડેક્સ ત્રણ મહિનાની ઊંચી સપાટીએ રહ્યો હતો જે છેલ્લા ૧૪ વર્ષમાં ત્રીજો મોટો ઈન્ડેકસ છે. નિકાસ ઓર્ડર મજબૂત રહ્યા હતા પરંતુ માર્ચની સરખામણીએ તેમાં સાધારણ ઘટાડો જોવા મળ્યો હોવાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. વેપાર વિશ્વાસમાં વધારો થયો છે પરંતુ રોજગાર નિર્માણ કરવામાં તે સફળ રહ્યો નથી. કર્મચારીઓની ભરતી સ્થિર રહી હતી. કાચા માલ તથા ઊંચા લેબર કોસ્ટને કારણે સેવા પૂરી પાડવા પાછળના ખર્ચમાં વધારો થયો હતો. જો કે સેવા ક્ષેત્રની કંપનીઓ દ્વારા ગ્રાહકો પર ખર્ચ પસાર કરવાની માત્રા માર્ચની સરખામણીએ ધીમી રહી હતી.સેવા તથા ઉત્પાદન ક્ષેત્રનો મળી સંયુકત પીએમઆઈ જે માર્ચમાં ૬૧.૮૦ રહ્યો હતો તે એપ્રિલમાં ઘટી ૬૧.૫૦ આવ્યો હોવાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

## વારી એનર્જીસ લિમિટેડે અમિત પૈઠનકરની ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે નિયુક્તિ કરી

(એજન્સી) મુંબઈ | તા.07

વારી એનર્જીસ લિમિટેડે તેના નવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ) તરીકે શ્રી અમિત પૈઠનકરની નિયુક્તિની જાહેરાત કરી છે. બે દાયકા કરતાં વધુ સમયની કારકિર્દી ધરાવતા શ્રી પૈઠનકર તેમની પ્રેક્ટિસીસમાં વૃદ્ધિ, નવીનતા અને ટકાઉપણામાં નોંધપાત્ર અનુભવ લાવે છે. વારી એનર્જીસ લિમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકેની તેમની નવી ભૂમિકામાં શ્રી અમિત પૈઠનકર તેમના અનુભવ અને નેતૃત્વનો ઉપયોગ કરવાનો અને રિન્યૂએબલ એનર્જી સેક્ટરમાં વૃદ્ધિ માટે કંપનીને આગળ લઈ જવાનો પ્રયાસ કરશે. તેઓ ટકાઉ નવીનતા તરફ વારી એનર્જીસ



લિમિટેડને લઈ જવામાં તેમની નિપુણતાનો ઉપયોગ કરવાનો ઉદ્દેશ ધરાવે છે. વૃદ્ધિ, કાર્યક્ષમતા અને મજબૂત સંબંધો કેળવવાને પ્રાથમિકતા આપીને શ્રી પૈઠકરના પ્રયાસો વારી એનર્જીસ લિમિટેડને એવા સુધારા તરફ લઈ જવાનો રહેશે જે રિન્યૂએબલ એનર્જી સેક્ટરની સતત બદલાતી માંગ સાથે સુસંગત હોય. વારીમાં જોડાતા પહેલા શ્રી પૈઠનકર ઈમર્સન ઈલેક્ટ્રિક કંપની (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડના સાઉથ એશિયાના મેનેજિંગ ડિરેક્ટર અને અન્ય હોદ્દા પર હતા. તેમની શૈક્ષણિક લાયકાતમાં ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં પીએચ.ડી. અને માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનો સમાવેશ થાય છે.

## ચૂંટણીને કારણે સરકારી ખર્ચ અટકી પડતા લિક્વિડિટીની જોવાતી તાણ




(એજન્સી) મુંબઈ | તા.07

દેશમાં ૧૯ એપ્રિલથી શરૂ થયેલી લોકસભાની ચૂંટણી જે દોઢ મહિના સુધી ચાલવાની છે તે દરમિયાન દેશમાં નાણાં વ્યવસ્થામાં લિક્વિડિટીની ખેંચ ઊભી થવાની શકયતાને ધ્યાનમાં રાખી સરકાર સક્રિય બની હોવાનું જોવા મળે છે. ચૂંટણીને કારણે સરકારી ખર્ચ અટકી પડતા લિક્વિડિટીની તાણ જોવા મળી રહી છે. શુક્રવારે લીધેલા એક નિર્ણયમાં સરકારે રૂપિયા ૪૦,૦૦૦ કરોડના બોન્ડસના બાયબેકની જાહેરાત કરી હતી. બોન્ડસના બાયબેકથી નાણાં વ્યવસ્થામાં લિક્વિડિટીની તાણ હળવી થવાની અપેક્ષા છે. સામાન્ય રીતે ચૂંટણીના કાળ ખાસ કરીને લોકસભાની ચૂંટણીના ગાળામાં સરકાર દ્વારા માળખાકીય પ્રોજેકટસ તથા અન્ય કામો પાછળના ખર્ચ અટકી જતા હોય છે. ૧૯ એપ્રિલથી શરૂ થયેલી લોકસભાની ચૂંટણી ૧ જૂન સુધી ચાલવાની છે અને ૪ જૂનના પરિણામો આવશે. પરિણામો બાદ નવી સરકારની રચના પછી જ સરકારી મૂડીખર્ચ ફરી શરૂ થતા જોવા મળશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે દેશની બેન્કિંગ વ્યવસ્થામાં ૨૦ એપ્રિલથી જ લિક્વિડિટીની ખાધ જોવા મળી રહી છે. એપ્રિલ-જૂન ૨૦૨૩માં સરકારે રૂપિયા ૨.૭૮ લાખ કરોડનો ખર્ચ કર્યો હતો, પરંતુ વર્તમાન વર્ષમાં ચૂંટણીને કારણે આ ખર્ચ નોંધપાત્ર નીચો જોવા મળી રહ્યો છે એમ એક બેન્કરે જણાવ્યું હતું

## આ બે વર્ષમાં હાઉસિંગ લોનની બાકી રકમમાં રૂપિયા 10 લાખ કરોડનો વધારો

(એજન્સી) અમદાવાદ | તા. 07

હાઉસિંગ સેક્ટરની બાકી લોન છેલ્લા બે નાણાકીય વર્ષમાં લગભગ રૂ. ૧૦ લાખ કરોડ વધીને આ વર્ષે માર્ચમાં રેકોર્ડ રૂ. ૨૭.૨૩ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે. આ માહિતી આરબીઆઈના બેંક ક્રેડિટનું સેક્ટર વાઈઝ ડિસ્ટ્રિબ્યુશન ડેટામાં આપવામાં આવી છે.બેન્કિંગ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે કોરોના પછી રહેણાંક મિલકત બજારમાં ઉભરી રહેલી પેન્ટ-અપ માંગને કારણે હાઉસિંગ લોનની બાકી રકમ વધી છે. માર્ચ, ૨૦૨૪ માટે બેંક ધિરાણના ક્ષેત્રવાર વિતરણ પર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ડેટા અનુસાર, માર્ચ, ૨૦૨૪માં હાઉસિંગ (પ્રાયોરિટી સેક્ટર હાઉસિંગ સહિત) માટે બાકી ધિરાણ રૂ. ૨૭,૨૨,૭૨૦ કરોડ હતું. માર્ચ, ૨૦૨૩માં આ આંકડો રૂ. ૧૯,૮૮,૫૩૨ કરોડ અને માર્ચ, ૨૦૨૨માં રૂ. ૧૭,૨૬,૬૯૭ કરોડ હતો. ડેટામાં એ પણ બહાર આવ્યું છે કે માર્ચ ૨૦૨૪માં કોમર્શિયલ રિયલ એસ્ટેટ માટે બાકી લોન રૂ. ૪,૪૮,૧૪૫ કરોડ હતી. માર્ચ, ૨૦૨૨માં તે ૨,૯૭,૨૩૧ કરોડ રૂપિયા હતો. વિવિધ પ્રોપર્ટી કન્સલ્ટન્ટના અહેવાલો મુજબ, છેલ્લા બે નાણાકીય વર્ષમાં ઘરનું વેચાણ અને કિંમતો નોંધપાત્ર રીતે વધી છે. હાઉસિંગ લોનમાં ઉંચી વૃદ્ધિ રેસિડેન્શિયલ સેક્ટરના તમામ સેગમેન્ટમાં પિક-અપને કારણે છે. સરકારના પ્રયાસોને કારણે ખાસ કરીને એફોર્ડેબલ હાઉસિંગ સેગમેન્ટમાં તેજી જોવા મળી છે. હાઉસિંગ લોનની વૃદ્ધિ મજબૂત રહેશે, પરંતુ ઊંચા આધારને કારણે તે ઘટીને ૧૫-૨૦ ટકા થઈ શકે છે. બાકી રહેતી હાઉસિંગ લોનમાં વધારો મુખ્યત્વે છેલ્લા બે નાણાકીય વર્ષમાં રજૂ કરાયેલ અને વેચવામાં આવેલી મિલકતોના જથ્થાને કારણે થયો છે. આ નોંધપાત્ર વૃદ્ધિને કારણે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ થી, ટાયર ૧ શહેરોમાં ૫૦-૧૦૦ ટકા વચ્ચે ભાવ વધારો જોવા મળ્યો છે.

## યસ બેંક અને EBANX ભારતમાં ક્રોસ-બોર્ડર કોમર્સને સશક્ત બનાવવા વ્યૂહાત્મક ભાગીદારી જાહેર કરી

(એજન્સી) નવી દિલ્હી | તા. 07

ભારત અને કુરિટિબા, બ્રાઝિલ, 07 મે, 2024 - ભારતમાં અગ્રણી ખાનગી ક્ષેત્રની બેંક યસ બેંક અને ઊભરતા બજારોમાં પેમેન્ટ સોલ્યુશન્સમાં સ્પેશ્યલાઈઝ્ડ ગ્લોબલ ફિનટેક કંપની EBANX એ ગ્લોબલ ડિજિટલ ઈકોનોમી માટે ભારતમાં પેમેન્ટ પ્રોસેસિંગ માટે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી હતી.

આ સહયોગ ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે નોંધપાત્ર સીમાચિહ્ન રજૂ કરે છે જેનો હેતુ ક્રોસબોર્ડર પેમેન્ટ પ્રોસેસિંગને સરળ બનાવવાનો



અને ભારતમાં ગ્લોબલ મર્ચન્ટ્સ અને ભારતીય ગ્રાહકો માટે વૈશ્વિક વેપારની તકો વધારવાનો છે. આ ભાગીદારી વૈશ્વિક વેપારીઓને વિવિધ સ્કેલેબલ પેમેન્ટ સોલ્યુશન્સની સરળ એક્સેસ પૂરી પાડવા માટે યસ બેંકની ડિજિટલ ક્ષમતા સાથે ક્રોસ-બોર્ડર પેમેન્ટ્સમાં EBANX ના વ્યાપક વૈશ્વિક અનુભવ તથા કાર્યક્ષમતાનો લાભ લેશે જે નવીનતમ બિઝનેસ આર્કિટેક્ચર ફ્રેમવર્કમાં તથા લેટેસ્ટ રેગ્યુલેટરી ગાઈડલાઈન્સ સાથે સંરેખિત કરવા માટે બનાવવામાં આવ્યા છે. જેથી વેપારીઓને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓ પૈકીની એકમાં વેપારની તક મળે અને તેના ખૂબ જ ઝડપથી વિકસી રહેલા ડિજિટલ પેમેન્ટ ક્ષેત્રે અસરકારક રીતે આગળ વધી શકે. યસ બેંકના કન્ટ્રી હેડ - મલ્ટીનેશનલ એન્ડ ઈન્ટરનેશનલ બિઝનેસ ટ્રાન્ઝેક્શન બેંકિંગ, ગવર્મેન્ટ બેંકિંગ એન્ડ નોલેજ યુનિટ્સ શ્રી અજય રાજને આ ભાગીદારીના વ્યૂહાત્મક મહત્વ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે "EBANX સાથે જોડાણ ભારતીય ગ્રાહકો અને વૈશ્વિક વેપારીઓને ખૂબ જ ઝડપથી વિસ્તરી રહેલા વૈશ્વિક ડિજિટલ વેપાર બિઝનેસ વોલ્યુમ્સને સપોર્ટ કરે તેવી વિશાળ ક્ષેત્રમાં ફેલાયેલી ડિજિટલ ફાઈનાન્સ સેવાઓ ઓફર કરવાનું છે.

(This is only an advertisement for information purpose and not a prospectus announcement. Not for Release or Distribution in the United States.)

**CORRIGENDUM: NOTICE TO INVESTORS**

**AZTEC FLUIDS & MACHINERY LIMITED**

Our Company was originally incorporated as a private limited Company under the name of "Aztec Fluids & Machinery Private Limited" on April 28, 2010 under the provisions of the Companies Act, 1956 with the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Havelli bearing registration number as 060446. Thereafter, our Company was converted from private limited to public limited, pursuant to a special resolution passed by the shareholders of our Company on November 08, 2023 and the name of the Company was changed from "Aztec Fluids & Machinery Private Limited" to "Aztec Fluids & Machinery Limited" vide fresh certificate of incorporation dated November 24, 2023, issued by the Registrar of Companies, Ahmedabad. The Corporate identification number of our Company is U24100GJ2010PLC060446

**Registered Office:** Part H Plinth,4th Floor, Takshashila Square, Near Krishnabag Four Rd, Maninagar, Ahmedabad, Gujarat-380028.

**Contact Person:** Rekha Vishal Jhanwar, Company Secretary & Compliance Officer

**CIN: -** U24100GJ2010PLC060446; **Tel No:** +91-7048333211; **E-mail:** cs@aztecfluids.com; **Website:** www.aztecindia.org

**PROMOTERS OF OUR COMPANY: Pulin Kumudchandra Vaidhya, Amisha Pulin Vaidhya and Kumudchandra Bhagwandas Vaidya**

**"THE ISSUE IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF BSE."**

**THE ISSUE**

**INITIAL PUBLIC OFFER OF UPTO 36,00,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH (THE "EQUITY SHARES") OF AZTEC FLUIDS & MACHINERY LIMITED (FORMERLY KNOWN AS AZTEC FLUIDS & MACHINERY PRIVATE LIMITED) ("OUR COMPANY" OR "AFML" OR "THE ISSUER") AT AN ISSUE PRICE OF ₹ [●] PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UP TO ₹[●] LAKHS ("PUBLIC ISSUE") OUT OF WHICH 1,82,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH, AT AN ISSUE PRICE OF ₹ [●] PER EQUITY SHARE FOR CASH, AGGREGATING ₹ [●] LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY THE MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE PUBLIC ISSUE LESS MARKET MAKER RESERVATION PORTION I.E., ISSUE OF 34,18,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH, AT AN ISSUE PRICE OF ₹ [●] PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UPTO ₹ [●] LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET ISSUE". THE PUBLIC ISSUE AND NET ISSUE WILL CONSTITUTE 26.47% and 25.13% RESPECTIVELY OF THE POST- ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

This corrigendum should be read with the Red Herring Prospectus dated May 03, 2024, **("RHP")** filed with Registrar of Companies, Ahmedabad for Book Built Issue of 36,00,000 Equity Shares of Aztec Fluids & Machinery Limited. Investors should read the following additions in conjunction with the RHP.

The Company has appointed Syndicate Member to the Issue vide Syndicate Agreement dated March 27, 2024 executed between the Company, Book Running Lead Manager and Syndicate Member, accordingly the details of the same has been updated in the following sections of the RHP.

1. In the Chapter titled **"General Information"** on page 45 of RHP, "Details of Key Intermediaries pertaining to this Issue and Our Company" has been updated and must be read as below:

**Syndicate Member**
**Hem Finlease Private Limited**
**Address:** 203, Jaipur Tower, M. I. Road, Jaipur-302001 Rajasthan; **Tel No.:** +91-141-4051000;
**Email Id:** ib@hemsecurities.com **Website:** www.hemsecurities.com; **Contact Person:** Ashok Soni;
**SEBI Registration Number:** INZ000167734

2. In the Chapter titled "Material Contracts and Documents for Inspection" on page 260 of RHP following points has been updated and must be read as below:

**Material Contracts**

8. Syndicate Agreement dated March 27, 2024 between our Company, Book Running Lead Manager and Syndicate Member.

**ALL CAPITALIZED TERMS USED HEREIN AND NOT SPECIFICALLY DEFINED SHALL HAVE THE SAME MEANING AS ASCRIBED TO THEM IN THE RED HERRING PROSPECTUS DATED MAY 03, 2024.**

| BOOK RUNNING LEAD MANAGER TO THE ISSUE | REGISTRAR TO THE ISSUE | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|
| **HEM SECURITIES LIMITED**<br>**Address:** 904, A Wing, Naman Midtown, Senapati Bapat Marg, Elphinstone Road, Lower Parel, Mumbai-400013, Maharashtra, India<br>**Tel No.:** +91-22-4906 0000<br>**Email:** ib@hemsecurities.com<br>**Investor Grievance Email:** redressal@hemsecurities.com<br>**Website:** www.hemsecurities.com; **Contact Person:** Neelkanth Agarwal<br>**SEBI Reg. No.:**INM000010981 | **BIGSHARE SERVICES PRIVATE LIMITED**<br>**Address:** S6-2, 6th Floor, Pinnacle Business Park, Next to Ahura Centre, Mahakali Caves Road, Andheri (East) Mumbai – 400093, India<br>**Telephone:** +91 22 6263 8200<br>**Facsimile:** +91 22 6263 8299<br>**Email: :** ipo@bigshareonline.com<br>**Investor Grievance Email: :** ipo@bigshareonline.com<br>**Website:** www.bigshareonline.com; **Contact Person:** Babu Rapheal C<br>**SEBI Registration Number:** INR000001385 | **Rekha Vishal Jhanwar,**<br>**AZTEC FLUIDS & MACHINERY LIMITED**<br>**Address:** Part H Plinth,4th Floor, Takshashila Square, Near Krishnabag Four Rd, Maninagar, Ahmedabad, Gujarat-380028<br>**Tel No:** +91-7048333211; **E-mail:** cs@aztecfluids.com;<br>**Website:** www.aztecindia.org<br>Investors can contact the Company Secretary and Compliance Officer or the BRLMs or the Registrar to the Issue in case of any pre-issue or post-issue related problems, such as non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account and refund orders, etc. |

**Aztec Fluids & Machinery Limited** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make a Public Issue of its Equity Shares and has filed the Red Herring Prospectus with the Registrar of Companies, Ahmedabad. The Red Herring Prospectus shall be available on the websites of the Company, the BSE and the BRLM at www.aztecindia.org, www.bseindia.com and www.hemsecurities.com, respectively. Applicants should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, see the Red Herring Prospectus, including, the section titled "Risk Factors" beginning on page 22 of the Red Herring Prospectus.

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, ચૈત્ર વદ-15

# લોકતંત્રનો અવાજ બને દેશના યુવાઓ

ભારત દુનિયાનું સૌથી મોટું લોકતંત્ર છે જે યુવા આબાદીની દૃષ્ટિએ દુનિયાનો અવ્વલ દેશ છે. દેશની અડધી આબાદી ૨૫ વર્ષથી ઓછી ઉંમરની છે, જ્યારે ૬૫ ટકા આબાદી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. દેશમાં ૧૮ વર્ષની ઉંમરમાં મતાધિકાર અને ૨૫ વર્ષની ઉંમરમાં ચૂંટણી લડવાનો અધિકાર પ્રાપ્ત છે. ચૂંટણી પંચના તાજા આંકડા અનુસાર દેશમાં હવે કુલ મતદારોની સંખ્યા ૯૭ કરોડ થઈ ગઈ છે, જેમાં ૬૬.૭૬ ટકા મતદારો યુવા છે. આગામી લોકસભા ચૂંટણીમાં ૧૮ વર્ષના ૨ કરોડ મતદારો પહેલી વાર મત આપશે જ્યારે ૧૮ થી ૨૯ વર્ષના ૧.૬ કરોડ મતદારો છે. જોકે યુવાઓ જ દેશ અને સમાજનું ભવિષ્ય હોય છે તેથી યુવાઓએ મતદાન જેવા મૌલિક અધિકાર પ્રત્યે પોતાનું કર્તવ્ય પણ નિભાવવું પડશે. વિચારણીય છે કે ૨૦૨૪ની આ સામાન્ય ચૂંટણી દેશના એ ૧૮ વર્ષના યુવાઓ માટે ૨૦૫૪ની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ સાબિત થવાનું હશે જ્યારે તે પોતાના બાળકોના વાલીની ભૂમિકામાં હશે. અસલમાં પશ્ચિમી દેશોથી ઈતર સામાન્ય ભારતીય પરિવારોની એ માનસિકતા રહે છે કે તે પોતાની આવનારી પેઢીને એવો વારસો સોંપે જે તેના જીવનને સાધન-સંપન્ન બનાવે. યુવાઓએ સમજવું પડશે કે લોકતાંત્રિક વ્યવસ્થાવાળા દેશમાં કોઈપણ બદલાવ માત્ર ચૂંટણી અને મતદાન દ્વારા જ સંભવ છે. ઉલ્લેખનીય છે કે યુવા જ કોઈ પરિવાર અને સમાજની ધરી હોય છે, તેથી આ ચૂંટણીને ધ્યાનમાં રાખતાં યુવા મતદારોમાં ચૂંટણી પરિણામોમાં ફરક લાવવાની ક્ષમતા છે. ઈતિહાસ સાક્ષી છે કે દુનિયામાં જેટલા પણ રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિ પરિવર્તન થયાં છે તેને યુવાઓએ જ અંજામ આપ્યો છે. અલબત્ત, આ સામાન્ય ચૂંટણી દેશ અને યુવાઓના ભવિષ્યની દૃષ્ટિએ બેહદ મહત્ત્વની છે. વિશ્વ બેંક સહિત તમામ આર્થિક વિશેષજ્ઞો ભારતને ૨૦૩૦ સુધી દુનિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થાવાળા દેશ તરીકે જોઈ રહ્યા છે. આ સંભાવનાઓને ધ્યાનમાં રાખતાં આવનાર સમય યુવાઓના ભવિષ્ય માટે બેહદ સંભાવનાઓથી ભરેલો હશે, કારણ કે આજે દેશમાં સૌથી મોટું વર્કફોર્સ યુવાઓનું જ છે. એકંદરે વર્તમાન દોરની વાત કરીએ તો દેશમાં યુવાઓની આટલી મોટી વોટબેંક હોવા છતાં આપણી તરુણાઈ અશિક્ષા, બેરોજગારી, ગરીબી, નશાખોરી, માનસિક તણાવ અને અવસાદ, અપરાધ અને આત્મહત્યા જેવા સામાજિક દૂષણો સામે ઝઝૂમી રહી છે. યુવાઓએ એ વાત પોતાના મનમાં રાખવી પડશે કે મતદાન જ એવું સાધન છે જેના દ્વારા લોકોને સારું શિક્ષણ, સ્વાસ્થ્ય, સુરક્ષા, પારદર્શી પ્રશાસન અને બહેતર રોજગાર ઉપલબ્ધ કરાવી શકાય છે. યુવાઓને આ બદલાવ માટે સો ટકા નિષ્પક્ષ અને સ્વતંત્ર મતદાન પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા સુનિશ્ચિત કરવી પડશે. મુશ્કેલી એ છે કે યુવા મતદારો પોતાના ભવિષ્યને બાજુ પર રાખીને ધાર્મિક, જાતિવાદી અને ક્ષેત્રવાદી રાજકારણનું મોહરું બની રહ્યા છે. ધાર્મિક અને જાતિવાદી માનસિકતા અથવા કોઈ પ્રલોભનને કારણે યુવા મતદારો એવા ઉમેદવારોને મત આપી રહ્યા છે જેમને ચૂંટણી બાદ યુવાઓના મુદ્દા સાથે કોઈ લેવાદેવા નથી રહેતી.

# રાજપીપળા પ્રયોજન વહીવટદાર કચેરીના બુથ ઉપર એક યુવાનના નામે કોઈકે બોગસ મત નાખ્યો હોવાની બુમ

### યુવાને દલીલ કરી તો ઉલ્ટા ચોર કોટવાલ કો દાંટે ની જેમ હાજર સ્ટાફે યુવાનને ખખડાવી પોલીસ બોલાવવાની ધમકી આપી

ભરત શાહ : રાજપીપળા



નર્મદા જિલ્લા માં આજે લોકસભા ચૂંટણી નું શાંતિપૂર્ણ રીતે મતદાન થયું પરંતુ રાજપીપળા લાલ ટાવર પાસે આવેલી પ્રયોજન વહીવટદાર ની કચેરી ના બુથ ઉપર એક યુવાન ને જીવનનો પહેલો મત આપવા જતા જ કડવો અનુભવ થયો કેમ કે આ યુવાન ના નામ ઉપર અન્ય કોઈ બોગસ મતદાન કરી ગયું હોવાનું યુવકનું કહેવું છે અને આ યુવાને દલીલ કરી તો તેને પોલીસ બોલાવવાની ધમકી આપી હતી મળતી માહિતી અનુસાર રાજપીપળા જુનકોટ વિસ્તાર માં રહેતા તડવી હર્ષ રાજેશભાઈ નામના યુવાન આજે સવારે પ્રોજના વહીવટદાર કચેરી ના બુથ ઉપર જીવન નું પહેલું મતદાન કરવા ગયો ત્યારે કતાર માં ઉભા રહ્યા બાદ જ્યારે તેનો નંબર આવ્યો ત્યારે બુથ ઉપર હાજર સ્ટાફે કહ્યું કે તું તો મતદાન કરી ગયો છે..!! ફરી કેમ આવ્યો..? બોગસ મતદાન કરવા આવ્યો હોય તો પોલીસ બોલાવું.? આ ધમકી સાંભળી યુવાન ગભરાઈ ગયો અને પોતાના હાથ ની આંગળીઓ બતાવી કે હું મત આપવા આવ્યો જ નથી મારી એકપણ આંગળી પર નિશાન નથી ત્યારે બુથ પર હાજર સ્ટાફ પણ અચંબા માં મુકાઈ ગયો અને ત્યાં ઓહાપોહ થઈ જતાં મીડિયા ને જાણ થઈ ત્યારે આ યુવક હર્ષ તડવી એ મીડિયા ને જણાવ્યું કે મારા નામે અન્ય કોઈ બોગસ મતદાન કરી ગયું છે અને મને હાજર સ્ટાફ પોલીસ ની ધમકી આપે છે. આ બાબતે અમે પ્રાંત અધિકારી ડો.કિશનદાસ ગઢવી ટેલીફોનીક વાત કરી તો તેમણે જણાવ્યું કે આવું બન્યું હોય તો આ યુવકને ટેન્ડર વોટ નાખવા દેવાશે આમાં એક નિયમ છે કે તમારા નામે બીજું કોઈ વોટ નાખી ગયું હોય તો ટેન્ડર વોટ નાંખી શકાય છે.ત્યારે અમે પ્રાંત ને એ સવાલ કર્યો કે આ યુવક તો ટેન્ડર વોટ નાખશે પરંતુ પહેલા જે વ્યક્તિ આ યુવકના નામે બોગસ વોટ કરી ગયું તેનું શું..? ત્યારે પ્રાંત અધિકારી એ જણાવ્યું કે આગલો બોગસ વોટ હમણાં કેન્સલ નહિ થાય.

## મહીસાગરના વડીલો, મહિલાઓ અને યુવાઓ સવાર સવારમાં જ મતદાન માટે ઉમટ્યા




જગદીશ ત્રિવેદી : લુણાવાડા

લોકશાહીના અવસર સમી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાનની શાંતિપૂર્ણ માહોલમાં શરૂઆત થઈ છે. ત્યારે મહીસાગર જિલ્લામાં વડીલો, મહિલાઓ અને યુવાઓ સવાર સવારમાં જ મતદાન માટે ઉમટ્યા હતાં અને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ સાથે સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં પણ નાગરિકો ઉત્સાહભેર મોટી સંખ્યામાં મતદાન માટે ઉમટી રહ્યાં છે. મહીસાગર જિલ્લાવાસીઓમાં ચૂંટણીનો અનોખો ઉત્સાહભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. ચૂંટણી માટે દિવ્યાંગો, વૃદ્ધો, થર્ડ જેન્ડરો અને મહિલા મતદારો માટે ચૂંટણી તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે તેમજ હીટવેવને ધ્યાને રાખીને તમામ મતદાન મથકો ખાતે પીવાના પાણીની વ્યવસ્થા, છાયાની વ્યવસ્થા તેમજ ORS અને જરૂર પડે તો સારવારની વ્યવસ્થાઓ પણ રાખવામાં આવી છે.

## આદર્શ મતદાન મથક ઝરણાવાડી-2 ખાતે ગ્રામજનો વહેલી સવારથી જ મતદાન કરવા ઉમટયા



ભરત શાહ : રાજપીપળા

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં ભરૂચ-૨૨ જિલ્લામાં સમાવિસ્ટ નર્મદા જિલ્લાના ૧૪૯-દેડિયાપાડા વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ઝરણાવાડી-૨ આદર્શ મતદાન મથક ખાતે વહેલી સવારથી જ યુવાવર્ગ, મહિલાઓ, વડીલો સહિતના મતદારો મતદાન કરવા ઉત્સાહભેર ઉમટી પડ્યા હતા. અને તેમણે તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ આદર્શ મતદાન મથકે આદિવાસી સંસ્કૃતિના અમૂલ્ય વારસાનું દર્શન કરાવતી લોકજીવન તથા સમાજની એક રૂપરેખા ઝાંખી તથા સચિત્ર સાથે આલેખવામાં આવેલા સુશોભિત પ્રવેશ દ્વાર મતદારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. મતદારો માટે સ્વચ્છ રેડ કાર્પેટ પાથરવામાં આવી હતી. જ્યાં યુવા, મહિલાઓ, વડીલોએ પોતાના પરિવાર સાથે મતદાન કરીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પર્વની રંગેચંગે ઉત્સાહભેર ઉજવણી કરી હતી. અને અહીં શાંતિપૂર્ણ માહોલમાં સવારથી મતદાન ચાલુ છે. અને લોકો પોતાની અનુકુળતા મુજબ મતદાન કરવાનો પ્રવાહ સતત આવી રહ્યો છે.

## મહીસાગરમાં દિવ્યાંગ મતદારો ઉત્સાહભેર મતદાન કરીને લોકશાહી પર્વમાં નોંધાવી રહ્યા છે ભાગીદારી

જગદીશ ત્રિવેદી : લુણાવાડા



લોકસભાની ચૂંટણીના મતદાનના દિવસે મતદાન મથકોમાં દિવ્યાંગો અને વૃદ્ધો માટે ચૂંટણી તંત્રના સહાયકો ખડે પડે છે. આ સહાયકો દ્વારા અંધ મતદારોને હાથ પકડીને મતદાન મથક સુધી લઈ જવામાં આવે છે તો ચાલી ન શકનારા દિવ્યાંગ મતદારોને વ્હીલ ચેર મારફતે મતદાન મથક પરિસરથી મતદાન મથક સુધી સહાયકો લઈ જાય છે. આમ એક પણ દિવ્યાંગને મુશ્કેલી ના પડે તેનું ધ્યાન ચૂંટણી તંત્ર દ્વારા રાખવામાં આવ્યું છે. મહીસાગર જિલ્લાના પઠાણ મહેબૂબ ખાન અને જોશી મીતેશભાઈએ ઉમંગભેર મતદાન કરીને જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ દ્વારા દિવ્યાંગો માટે અલગથી પ્રવેશ તથા વ્હીલ ચેર સહિતની વ્યવસ્થા કરવામાં આવી હોવાથી ગણતરીની મિનિટમાં જ અમે વોટિંગ કરી શક્યા છીએ. આ માટે અમે ચૂંટણી પંચનો આભાર વ્યક્ત કરીએ છીએ તથા જિલ્લાના તમામ મતદારો તથા દિવ્યાંગોને પણ આજે અચૂક મતદાન કરવા અપીલ કરીએ છીએ.

## ભારતની ખ્યાતિ પ્રાપ્ત સ્પોર્ટ્સ પર્સનાલિટી વિપુલ નારીગરાએ રાજુલામાં મતદાન કર્યું

ભરત શાહ : રાજપીપળા



મૂળ ડુંગર ના વતની અને ભારત ની ખ્યાતિપ્રાપ્ત વ્યક્તિત્વ વિપુલ નારીગરા એ રાજુલા માં સવારે ૮:૩૦ વાગ્યે મતદાન કર્યું. મતદાન સમયે રાજુલા ના સ્થાનકો વિપુલ નારીગરા સાથે ફોટોઝ પડાવતા નજરે પડ્યા હતા , વિપુલ નારીગરા એ ભારત ના તિરંગા વાળી વેલીયન્ટ ટીશર્ટ પહેરી હતી , જે દેખાઈ આવે છે કે ભારત ના પવિત્ર પર્વ માના એક ચૂંટણી પર્વ માટે લોકો એ જાગરૂક થઈને મતદાન કરવું જોઈએ. જ્યારે નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતે વેલીયન્ટ ક્રિકેટ ના ક્રિકેટર વિશાલ પાઠક એ મતદાન કર્યું રાષ્ટ્ર ના હિત માં અને રાષ્ટ્ર વિકાસ માં મતદાન કર્યું છે.

## ડાયરા દક્ષાબેને મતદાન કરવા અપીલ કરી



દિપક રાવલ : દાહોદ

ચૂંટણી તંત્ર દ્વારા કરાયેલ વ્યવસ્થાના પગલે સરકાર દિવ્યાંગોનો પણ ઉત્સાહ વધારે છે. જેનું ઉદાહરણ જોઈએ તો દાહોદ જીલ્લાના સિંગવડ તાલુકાના આરોડા પ્રાથમિક શાળા ખાતે વિકલાંગ ડાયરા દક્ષાબેન બાબુભાઈએ મતદાન કરી અન્ય મતદારોને પણ મતદાન કરવા અપીલ કરી હતી. દાહોદ લોકસભા મતવિસ્તારમાં મતદારો માટે વિશેષ અને આવશ્યક સુવિધાઓ મતદાન કેન્દ્રો પર ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેમાં દિવ્યાંગ અને અશક્ત મતદારો માટે કોઈપણ પ્રકારની મુશ્કેલી ન સર્જાય તેમજ અગવડતા ન પડે તે હેતુથી સહાયક અને રેમ્પની સુવિધાઓ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી હતી.

## ચૂંટણી ફરજ પર તૈનાત સચિન વિસ્તારમાં સચીન પોલીસ અને હોમગાર્ડઝ યુનિટના જવાનોની પ્રશંસનીય કામગીરી

સુરત । તા. 07



લોકસભા સામાન્ય ચૂંટણીમાં યુવાથી માંડીને વયોવૃધ્ધ, દિવ્યાંગ તેમજ અશક્ત મતદારોએ પણ મતદાનમાં ઉત્સાહપૂર્વક મતદાન કરીને જાગૃત નાગરિક તરીકેની ફરજ અદા કરી હતી, ત્યારે લોકસભા ચૂંટણીમાં ૮૫ વર્ષથી ઉપરના વરિષ્ઠ નાગરિકો માટે ઘરેથી પણ પોસ્ટલ બેલેટથી વોટ કરી શકાય એમ હોવા છતાં સચીન વિસ્તારના કેટલાક વૃદ્ધોએ ઘરેથી વોટ નહિ કરી મતદાન મથકે જઈને મતદાન કરવા મક્કમ બન્યા હતા. તેઓ આજે તા.૭મીએ મતદાન મથકે સરળતાથી પહોંચી શકે એ માટે માટે સચીન પોલિસ અને હોમગાર્ડની ટીમ મદદે આવી હતી. પોલિંગ બુથ પર વૃદ્ધો અને દિવ્યાંગો માટે તંત્ર દ્વારા પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસ અને હોમગાર્ડ ટીમના સભ્યો દિવ્યાંગ, અશક્ત અને સિનીયર સિટીઝનોને મતદાન મથકની અંદર પણ દોરી ગયા હતા અને ફરજના ભાગરૂપે પ્રશંસનીય કામગીરી નિભાવી હતી.

## મુલ્કાપાડા રોડ પરથી પોલીસે પીકઅપ અને ઇકો ગાડી માંથી રૂ.9.98 લાખનો દારૂનો મુદ્દામાલ ઝડપી પાડયો

ભરત શાહ : રાજપીપળા

ડેડીયાપાડા પોલીસ ચેકીંગ દરમિયાન મુલ્કાપાડા ગામના રોડ પરથી રાહુલ મંછીભાઇ વસાવા, રહે.મુલ્કાપાડા, તા. ડેડીયાપાડા, જી.નર્મદા નાઓને પોતાના કબ્જાની પીકઅપ ગાડી નં. GJ-22-U-3801 માં કાચના ક્વાટરીયા નંગ-૫૭૬ કિ.રૂ. ૫૭,૬૦૦/- તથા રમેશ મણીલાલભાઇ વસાવા રહે. વાડવા, તા.ડેડીયાપાડા, જી.નર્મદાનાઓને પોતાના કબ્જાની ઈક્કો ગાડી નં.GJ-22-P-1493 માં કાચના ક્વાટરીયા નંગ-૩૩૬ કિ.રૂ. ૩૩,૬૦૦/- મળી કુલ કાચના ક્વાટરીયા નંગ-૯૧૨ કિ.રૂ. ૯૧,૨૦૦/- નો પ્રોહી. નો મુદ્દામાલ તથા પીકઅપ ગાડીની કિ.રૂ.૫,૦૦, ૦૦૦/- તથા ઈક્કો ગાડીની કિ.રૂ. ૪.૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ-૦૧ કિ.રૂ. ૭,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૯,૯૮,૨૦૦/- નો વાહતુક કરી લઈ આવતા ઝડપી પાડી,આ પ્રોહી. મુદ્દામાલ રાકેશભાઇ બહાદુરભાઇ વસાવા, રહે.દેવસાકી, તા. સાગબારા, જી.નર્મદા તથા અનિલભાઇ વસાવા, રહે. ખડકુની, તા.સાગબારા, જી. નર્મદા એ ભરી આપી તથા અશ્વિનભાઇ મણીલાલભાઇ વસાવા, રહે. વાડવા, તા. ડેડીયાપાડા, જી.નર્મદા, તથા અજયભાઇ મંછીભાઇ વસાવા, રહે.મુલ્કાપાડા, તા.ડેડીયાપાડા, જી.નર્મદા, નાઓએ પકડાયેલ પ્રોહી. મુદ્દામાલ મંગાવી ગુનો કરતા પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે.

## ઉધનાના બાદશાહ પરિવારના દાદી-પૌત્રએ ઉત્સાહભેર કર્યું મતદાન

સુરત । તા. 07



નવસારી સંસદીય બેઠકની ચૂંટણી અંતર્ગત ઉધના ખાતે આવેલી ઉધના સિટીઝન કોમર્સ કોલેજના મતદાન કેન્દ્રમાં ઉધનાના બાદશાહ પરિવારના દાદી-પૌત્રએ ઉત્સાહભેર મતદાન કર્યું હતું. ઉધના હરિનગર-૨માં પરિવાર સાથે રહેતા ૮૨ વર્ષના નિર્મલાબેન બાદશાહે આજ સુધીની મહત્તમ વિધાનસભા-લોકસભા-પંચાયત સહિતની ચૂંટણીઓમાં મતદાન કર્યું છે. છેલ્લા ઘણા વર્ષોથી પોતાના પરિવારજનો સાથે મત આપવા માટે આવે છે. તેમની સાથે આવેલા ૨૪ વર્ષીય પૌત્ર કૃતિક બાદશાહે પણ જીવનનું બીજુ મતદાન કર્યું હતું. આ પહેલાં તેણે ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં દાદી સાથે જ મતદાન કરવાં ગયો હતો. દાદી નિર્મલાબેન બાદશાહે ઉત્સાહથી પ્રતિભાવ આપતા કહ્યું હતું કે, લોકોએ નૈતિક ફરજ સમજીને સમયાંતરે આવતી ચુંટણીઓમાં મતદાન કરી લોકશાહીના ચુંટણી પર્વની ઉજવણી કરવી જોઈએ. દાદી-પૌત્રએ મતદાન કરવાનો હર્ષ વ્યક્ત કરી તમામ નાગરિકોને અચૂક મતદાન કરવા આગ્રહ કર્યો હતો.

## જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રીમતી નેહા કુમારીએ લુણાવાડા ખાતે મતદાન કર્યું



જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહીસાગર જિલ્લાના લુણાવાડા કિસાન માધ્યમિક વિધ્યાલય ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રીમતી નેહા કુમારીએ મતદાન કર્યું હતું અને લોકોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી હતી. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રીમતી નેહા કુમારીએ સૌને મતદાન માટે અપીલ કરતા જણાવ્યું હતું કે, “મે આજે મતદાન કરી લોકશાહીમાં ભાગીદારી નોંધાવી છે. મહીસાગર જિલ્લાના સૌ નાગરિકો પણ આવો અને વોટીંગ કરી બોb લોકશાહીમાં ભાગીદાર બની આપના અધિકારનો ઉપયોગ કરો.” તેમણે આ મહાપર્વમાં ભાગ લઈ વધુમાં વધુ મતદાન કરવા માટે જાહેર અપીલ કરી હતી.



## છ માસનું બાળક લઈ મત આપવા આવેલ મહિલાના બાળકને બુથ ઉપર ઘોડિયાની સુવિધા મળી

ભરત શાહ : રાજપીપળા

છોટાઉદેપુર અને ભરૂચ સંસંદિય મતવિસ્તારમાં સમાવિષ્ટ નર્મદા જિલ્લાની બંને વિધાનસભા મતવિસ્તારમાં જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા 7-7 સખી મતદાન મથકો એટલે કે મહિલા સંચાલિત મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. જે પૈકી વાંસલા : 265/304 માં મતદાન કરવા આવેલા મતદાતા બહેનનું 6 માસનું બાળક હોય તેને મતદાન કરવાના સમય સુધી ઘોડિયામાં સુવડાવવામાં આવ્યુ હતું. બાળકે ઘોડિયાનો આંનદ માણ્યો અને માતાને શાંતિથી મતદાન કરવાનો અનેરો અવસર પ્રાપ્ત થયો હતો. આંગણવાડી કાર્યકર બહેનો દિવ્યાંગ અને અશક્ત મતદારોને મતદાન મથક સુધી પહોંચાડી લોકશાહીના ઉત્સવમાં સહભાગી બની રહી છે.

## ધાનપુર તાલુકાના કોટમ્બી ગામ ખાતે લગ્ન કરવા જતા પહેલાં વરરાજાએ કર્યું મતદાન



દિપક રાવલ : દાહોદ

લોકસભા સામાન્ય ચૂંટણી એ આપણો રાષ્ટ્રીય તહેવાર છે. જેમાં મતદાન એ માત્ર અધિકાર જ નથી, એક નાગરિક તરીકેની મહત્વની જવાબદારી પણ છે. આજનો દિવસ એટલે લોકશાહી પ્રત્યેની આપણી ફરજ નિભાવવાનો દિવસ. આજના દિવસને યાદગાર બનાવવા દાહોદના ધાનપુર તાલુકાના કોટમ્બી ગામ ખાતે લગ્ન કરવા જતા પહેલાં વરરાજા રાકેશભાઈ પર્વતભાઈ પરમારે મતદાન કરી પોતાની નૈતિક ફરજ બજાવીને લોકશાહીના આ મહાપર્વમાં ભાગીદારી નોંધાવી હતી.

## સુરત જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડો.સૌરભ પારધીએ ધર્મપત્ની સાથે મતદાન કર્યું

સુરત । તા. 07



બારડોલી અને ૨૫-નવસારી સંસદીય બેઠકમાં સમાવિષ્ટ સુરત જિલ્લાના નવ વિધાનસભા વિસ્તારોમાં સવારથી જ મતદારોએ લોકશાહીના મહાપર્વમાં ભાગ લેવા માટે યુવાઓ, મહિલાઓ, વૃધ્ધજનોએ મતદાન કરીને પોતાની ફરજ અદા કરી હતી. જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર ડો.સૌરભ પારધી અને તેમના ધર્મપત્ની શ્રીમતી રાગિણી પારધી સાથે નવસારી સંસદીય મતદાર વિભાગમાં સમાવિષ્ટ ૧૬૫-મજુરા વિધાનસભાના અઠવાલાઈન્સ સ્થિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા-૫ ખાતે મતદાન કર્યું હતું. ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ નવસારી લોકસભામાં સમાવિષ્ટ ૧૫૬-મજુરા વિધાનસભાના પીપલોદ સ્થિત કેન્દ્રીય વિદ્યાલય ખાતે પરિવાર સાથે મતદાન કર્યું હતું. આદિજાતિ રાજ્ય મંત્રીશ્રી કુંવરજી હળપતિએ માંડવી તાલુકાની ઝરીમોરા પ્રાથમિક શાળા ખાતે મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરી હતી. બારડોલી સંસદીય મતવિસ્તારમાં સવારના ૭.૦૦ થી બપોરના ૩.૦૦ વાગ્યા દરમિયાન ૫૧.૯૭ ટકા મતદાન થયું હતું. વિગતવાર જોઈએ તો, માંગરોળ વિધાનસભા બેઠક પર ૫૫.૦૬ ટકા, માંડવી બેઠક ૫૭.૨૪ ટકા, કામરેજ બેઠક પર ૩૮.૨૨ ટકા, બારડોલી બેઠક પર ૫૨.૩૮ ટકા, મહુવામાં ૫૨.૭૧ ટકા, વ્યારામાં ૫૭.૧૭ ટકા અને નિઝરમાં ૬૬.૫૪ ટકા મતદાન થવા પામ્યું હતું. નવસારી સંસદીય મતવિસ્તારમાં ૪૮.૦૩ ટકા મતદાન થયું હતું.



રાજપીપળા નગરપાલિકા ના માજી પ્રમુખ અને વર્તમાન કારોબારી ચેરમેન કુલદીપસિંહ ગોહિલે સાંજે રાજેન્દ્ર હાઈસ્કૂલ ખાતે પોતાના મત નો ઉપયોગ કર્યો હતો અને પોતાનો કીમતી મત આપ્યો હતો.
(ભરત શાહ, રાજપીપળા)

## ડેડીયાપાડાનાં સાબુટી ગામે શાળાના ઓરડા નહિ બનતા ગામજનોએ ચૂંટણીનો બહિષ્કાર કરતા અધિકારીઓ દોડી આવ્યા



ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાનાં સાબુટી ગામે શાળાના ઓરડા નહિ બનતા ગામ લોકોએ ચૂંટણીનો બહિષ્કાર કરતા તમામ અધિકારીઓ સાબુટી ગામે દોડી આવ્યા હતા. પ્રાથમિક શાળાના ઓરડાઓ જર્જરિત બનતા તોડી પાડ્યા બાદ નવા ઓરડાઓ નહિ બનતા બાળકોને અભ્યાસમાં ઘણી તકલીફો પડી રહી હતી. વારંવાર રજૂઆતો કરવા છતાં શાળાના ઓરડાઓ નહિ બનતા ગામ લોકોએ લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો. બપોરના ૧૨ વાગ્યા સુધી એક પણ વોટ પડ્યો નહતો. આ ઘટનાની જાણ થતાં જિલ્લા શિક્ષણાધિકારી, તાલુકા શિક્ષણાધિકારી, તાલુકા વિકાસ અધિકારી વગેરે સાબુટી ગામે દોડી આવ્યા હતા.

## લુણાવાડા પંચશીલ હાઇસ્કૂલ સખી મતદાન મથક ખાતે બાળકો માટે રમકડાની સુવિધા ઊભી કરાઇ



જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહિલાઓને મતદાન કરવા જવું છે પણ સાથે નાના બાળકો છે... તો તેમને કોની પાસે સલામત રીતે રાખીને જવા? મહિલાઓની આ સમસ્યા સમજતા મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટર શ્રીમતી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ પંચશીલ હાઈસ્કૂલ લુણાવાડા સખી મતદાન મથક ખાતે રમકડાની વ્યવસ્થા કરવામાં આવી છે. જે આ નાના બાળકોને રમકડાં સાથે રમી મહિલાઓ કોઈ પણ ચિંતા વગર મતદાન કરી શકે. તો હવે તમે તમારા નાના બાળકોને પણ સાથે લઈ જઈને નિશ્ચિંતપણે મતદાન કરવા જાઓ. મહીસાગર જિલ્લામાં દરેક વિધાનસભા મતવિભાગ દીઠ ૦૭ સખી મતદાન મથક બનાવવામાં આવેલ છે.

# શું તમને પણ છે નખ ચાવવાની આદત ?

તમને પણ બાળપણમાં નખ ખાવાની ટેવને કારણે ઠપકો મળ્યો હશે, પરંતુ આ એક આદત છે જે માત્ર બાળકોમાં જ નહીં પરંતુ મોટાઓમાં પણ જોવા મળે છે. ઘણી વખત લોકો જ્યારે નિષ્ક્રિય બેઠા હોય ત્યારે નખ ચાવવાનું શરૂ કરી દે છે, જ્યારે કેટલાક લોકોને ટેન્સન હોય ત્યારે નખ ચાવવાની આદત હોય છે. તેનાથી તમારા નખનો આકાર તો બગડે જ છે, પરંતુ તેનાથી સ્વાસ્થ્ય અને ત્વચા સંબંધિત અન્ય ઘણી સમસ્યાઓ પણ થઈ શકે છે. આ ખરાબ આદતોના કારણે સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડી શકે છે. નખ ચાવવાનું એ એક આદત છે જેના કારણે તમારા શરીરમાં ઘણી બીમારીઓ વિકસી શકે છે, તેથી આ આદતને બાય-બાય કહેવું ખૂબ જ જરૂરી છે. ભલે તે અઘરું હોય, પણ અશક્ય નથી. હમણાં માટે, ચાલો જાણીએ કે નખ ચાવવાની આદતથી શું નુકસાન થઈ શકે છે.



## ત્વચામાં થઇ શકે છે સંક્રમણ

સતત નખ ચાવવાથી આજુબાજુની ત્વચાને પણ નુકસાન થવા લાગે છે અને તેના કારણે ત્વચામાં ચીરા અને ઘાવ જેવી સમસ્યાઓ પણ વધી જાય છે. જેના કારણે સ્કિન ઈન્ફેક્શનની શક્યતા વધી જાય છે. દૃષ્ટિની રીતે પણ તે તદ્દન અસ્વચ્છ લાગે છે.

## ત્વચા ચેપ થઈ શકે છે

સતત નખ ચાવવાથી આજુબાજુની ત્વચાને પણ નુકસાન થવા લાગે છે અને તેના કારણે ત્વચામાં ચીરા અને ઘાવ જેવી સમસ્યાઓ પણ વધી જાય છે. જેના કારણે સ્કિન ઈન્ફેક્શનની શક્યતા વધી જાય છે. દૃષ્ટિની રીતે પણ તે તદ્દન અસ્વચ્છ લાગે છે.

**દાંત અને પેઢાને લગતી સમસ્યા થઈ શકે છે |** નખ કરડવાની આદત તમારા મૌખિક સ્વાસ્થ્યને પણ નુકસાન પહોંચાડે છે. તેનાથી બ્રક્સિઝમ નામની બીમારી થવાની શક્યતા વધી શકે છે. વાસ્તવમાં, આ સમસ્યા સામાન્ય રીતે દાંતના ચુસ્ત ક્લેન્ચિંગ, પીસવા, દવાઓના સેવન વગેરેને કારણે થાય છે. તે જ સમયે, સતત નખ કરડવાની આદતથી પણ આ રોગ થવાની સંભાવના વધી શકે છે.

**વારંવાર બીમાર પડી શકે છે |** નખમાં જમા થયેલી ગંદકીમાં ઘણા પ્રકારના બેક્ટેરિયા વધવા લાગે છે , નખના બેક્ટેરીયા જે મોંમા જાય તો ગંભીર બીમારી થઈ શકે છે. જેના કારણે ઈન્ફેક્શનની શક્યતા વધી જાય છે અને તમે વારંવાર બીમાર થઈ શકો છો.

# ફેસપેક માટે જ નહીં પણ આ રીતે પણ ચંદનથી નિખારો

## ચંદન, ઓટમીલ અને ખાંડની મદદથી ઘરે જ તૈયાર કરો સ્ક્રબ

ચંદનનો ઉપયોગ ઘણા વર્ષોથી ત્વચાની સંભાળ લેવા માટે કરવામાં આવે છે. આ આપણી ત્વચા માટે વરદાનથી ઓછું નથી. આ જ કારણ છે કે આજકાલ ઘણી સ્કિન કેર પ્રોડક્ટ્સમાં ચંદનનો ઉપયોગ વધી ગયો છે. તેનાથી તમારી સ્કિન ગ્લોઈંગ તો બને જ છે પરંતુ તમને ચંદનથી બીજા ઘણા ફાયદા પણ થાય છે. ગ્લોઈંગ સ્કિન માટે તમે કોઈને કોઈ સમયે ચંદન ફેસ પેકનો ઉપયોગ કર્યો જ હશે, પરંતુ શું તમે જાણો છો કે તમે અન્ય ઘણી રીતે તેનો ઉપયોગ કરી શકો છો.



### જાણી લો ચંદનના ફાયદા

ચંદનમાં એન્ટી-બેક્ટેરિયલ ગુણો જોવા મળે છે, જે તમારી ત્વચાના પિમ્પલ્સને જ નહીં પરંતુ ડાઘના નિશાન પણ ઘટાડે છે. ઉનાળાની ઋતુમાં ચંદનનો ઉપયોગ કરવાથી સનબર્ન અને સન ટેનથી પણ રાહત મળે છે. એટલું જ નહીં તે તમારી સ્કીનના કલરને પણ સુધારે છે.

### ચંદન વડે સ્ક્રબ બનાવો

આપણે હંમેશા ચંદનથી ફેસ પેક લગાવીએ છીએ પરંતુ શું તમે જાણો છો કે તમે તેની સાથે સ્ક્રબ પણ તૈયાર કરી શકો છો. આનાથી મૃત કોષો દૂર થશે અને ત્વચા કુદરતી રીતે ચમકતી રહેશે. ચંદન વડે સ્ક્રબ બનાવવા માટે તેમાં ઓટમીલ અથવા ખાંડ સાથે ચંદન પાવડર મિક્સ કરો. તમે તેમાં મધ અને નારિયેળ તેલ જેવા મોઈશ્ચરાઈઝિંગ એજન્ટો પણ ઉમેરી શકાશે. હવે મૃત કોષોને દૂર કરવા માટે તૈયાર કરેલી પેસ્ટથી ફેસને સ્ક્રબ કરો.

### ચંદન વડે ટોનર બનાવો

તમે ટોનર તરીકે ચંદનનો ઉપયોગ સરળતાથી કરી શકો છો. આ માટે ચંદન પાવડર અથવા ચંદનનું તેલ ગુલાબજળ સાથે મિક્સ કરો. જો તમારો ચહેરો પહેલેથી જ તૈલી છે તો આ ટોનરનો ઉપયોગ તમારી મદદ કરશે.

### ચંદનથી મોઇશ્ચરાઇઝર તૈયાર કરો

મોઈશ્ચરાઈઝર ત્વચાની સંભાળમાં મહત્વનો ભાગ ભજવે છે. તમારે ત્વચાના પ્રકાર અનુસાર ઉત્પાદનોનો ઉપયોગ કરવો જોઈએ. ચંદનની મદદથી તમે ઘરે સરળતાથી મોઈશ્ચરાઈઝર તૈયાર કરી શકો છો. આ માટે તમે ચંદનના પાવડરમાં કોઈપણ બ્યુટી ઓઈલના થોડા ટીપાં મિક્સ કરી શકો છો. તમારા ચહેરાને ધોયા પછી દરરોજ તમારા ચહેરા પર આ મોઈશ્ચરાઈઝર લગાવો.

# એલચીથી થશે બ્લડ સુગરનો નાશ, જાણો કઈ રીતે કરશો સેવન

દુનિયાભરમાં કરોડો લોકો ડાયાબિટીસની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. આ બીમારીને કારણે શરીરના અન્ય ભાગ પર અસર પડે છે. ડાયાબિટીસને સાઈલેન્ટ કિલર પણ કહેવામાં આવે છે. ડાયાબિટીસના દર્દીઓમાં ઈંસુલિન બની શકતું નથી. તેવામાં બ્લડ સુગરનું સ્તર વધવા લાગે છે. હાલત ગંભીર થવા પર આ સ્થિતિ વ્યક્તિ માટે જીવલેણ સાબિત થઈ શકે છે. તેવામાં તેને કંટ્રોલ કરવી જરૂરી છે. તમે કેટલાક ઘરેલું ઉપાય કરી શકો છો. તે માટે એલચીનું સેવન કરી શકો છો. એલચીનું પાણી અને એલચીની ચા ડાયાબિટીસના દર્દીઓ માટે ખુબ ફાયદાકારક માનવામાં આવે છે. લીલી એલચીનો ઉપયોગ ભોજનનો સ્વાદ વધારવા માટે કરવામાં આવે છે. તે ભોજનના



સ્વાદમાં ચાર ચાંદ લગાવી દે છે. એલચી સ્વાદમાં જેટલી શાનદાર હોય છે એટલે સ્વાસ્થ્ય માટે લાજવાબ હોય છે. તેના દ્વારા સ્વાસ્થ્યની ઘણી સમસ્યાઓ ખતમ થઈ શકે છે. એલચીમાં કેલ્શિયમ, પોટેશિયમ, એન્ટીઓક્સીડેન્ટ્સ જેવા ઘણા પોષક તત્વો હોય છે. એલચીનું પાણી અને તેની ચા ડાયાબિટીસના દર્દીઓ માટે ખુબ ફાયદાકારક માનવામાં આવે છે. એલચીનું પાણી પીવાથી બ્લડ સુગર લેવલ કંટ્રોલમાં રહે છે. તેવામાં નિયમિત રૂપથી એલચીનું પાણી તમારા ડાઈટમાં સામેલ કરી શકો છો. તમે એલચીની ચાનું સેવન પણ કરી શકો છો. તો આ ચામાં આદુ પણ નાખી શકો છો. તેમાં એલચી, લવિંગ, કાળા મરી અને તજને મિક્સ કરી શકો છો. તેનાથી વધુ ફાયદો મળશે. પરંતુ આ બધુ કરતા પહેલા ડોક્ટરની સલાહ જરૂર લેવી જોઈએ. નાની એલચી તેના પાચન ગુણો માટે જાણીતી છે. તે અપચો, સોજા, ગેસ અને અન્ય પેટ સંબંધી સમસ્યામાં રાહત અપાવવાનું કામ કરે છે. તે પેટમાં રહેલ એન્જાઈમોને એક્ટિવ કરે છે, જેનાથી પાચન શક્તિ મજબૂત બને છે. જો કોઈ વ્યક્તિનું કોલેસ્ટ્રોલ લેવલ વધેલું રહે છે તો દરરોજ એલચીના પાણીનું સેવન કરવું જોઈએ. તે કોલેસ્ટ્રોલના લેવલને ઠીક કરે છે. તે હાર્ટ સાથે જોડાયેલી બીમારીઓમાં પણ ઉપયોગી થાય છે.

# પેટની સમસ્યાઓમાં રામબાણ છે રસોઈની 1 વસ્તુ, ફાયદા જાણી કરો ડાયટમાં સામેલ

**ઉનાળાની ઋતુમાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. મોટાભાગના લોકો ઉનાળામાં પાણીની અછતથી પીડાય છે, જેનાથી શરીરને ઘણું નુકસાન થાય છે. આ બધી સમસ્યાઓથી બચવા માટે તમે દરરોજ ઘઉંના ફાડાનું સેવન કરી શકો છો. તો જાણો તે હેલ્થ માટે કઈ રીતે લાભદાયી સાબિત થઈ શકે છે.**



**ફાડાના ફાયદા |** ફાડા (દલિયા)માં પ્રોટીન અને ફાઈબર જેવા પોષક તત્વો હોય છે, જે પાચનતંત્રને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે અને એસિડિટી, કબજિયાત અને પેટ સંબંધિત સમસ્યાઓથી પણ રાહત આપે છે. જો તમે સ્થૂળતાથી પરેશાન છો, તો દરરોજ નાસ્તામાં તેને ખાવાનું શરૂ કરો. તેનાથી પેટ ભરેલું લાગે છે, જે વજન ઘટાડવામાં ઘણી મદદ કરે છે.

**ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક |** ફાડા એ ઉચ્ચ ફાઈબરયુક્ત ખોરાક છે, જેમાં બીટા-ગ્લુકેન નામનું ફાઈબર હોય છે. જે કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડવામાં મદદ કરે છે અને હૃદય સંબંધિત બીમારીઓને દૂર રાખે છે. એટલું જ નહીં, દરરોજ નાસ્તામાં તેનું સેવન કરવું ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે. તેમાં મેગ્નેશિયમ અને ફોસ્ફરસ સારી માત્રામાં હોય છે. જે હાડકાને મજબૂત બનાવે છે.

**સ્કીન માટે પણ ફાયદાકારક છે |** સ્વાસ્થ્ય સિવાય ફાડાને સ્કીન માટે પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તે ત્વચાને હાઈડ્રેટ કરે છે અને પિમ્પલ્સ ઘટાડવામાં મદદ કરે છે. દરરોજ તેનું સેવન કરવાથી ચહેરા પર ચમક આવે છે. તમે નાસ્તો, લંચ અને ડિનરમાં પણ ખાઈ શકો છો. આ એક પૌષ્ટિક આહાર છે, જેને તમે ગમે ત્યારે ખાઈ શકો છો. ધ્યાનમાં રાખો કે તેનું વધુ પડતું સેવન કરવાથી કેટલાક લોકોને સમસ્યા થઈ શકે છે.

# આઈસ્ક્રીમ ખાધા પછી ભૂલથી પણ ન ખાઓ આ વસ્તુઓ, થઈ શકે છે નુકસાન

**ઉનાળાની ઋતુ શરૂ થતાં જ મોટાભાગના લોકો હવામાનની ગરમીથી બચવા આઈસ્ક્રીમ ખાવાનું શરૂ કરી દે છે. આ સિઝનમાં તમને અલગ-અલગ ફ્લેવરનો આઈસ્ક્રીમ મળે છે. ઉનાળાની ઋતુમાં જમ્યા પછી મોટાભાગના લોકો મીઠાઈ માટે આઈસ્ક્રીમ ખાવાનું પસંદ કરે છે.**



### ખાટા ફળો ન ખાવા

આઈસ્ક્રીમ ખાધા પછી કે તેની સાથે લીંબુ, નારંગી અને દ્રાક્ષ જેવા ખાટા ફળો ન ખાવા જોઈએ. આ કારણે તમને એસિડિટી અથવા અપચોની સમસ્યા થઈ શકે છે. સાઈટ્રસ ફળોમાં એસિડ હોય છે જે આઈસ્ક્રીમમાં હાજર દૂધ સાથે પ્રક્રિયા કરી શકે છે, જેનાથી પેટ ખરાબ થાય છે.

### બહુ મસાલેદાર વસ્તુઓ ન ખાઓ

આઈસ્ક્રીમ ખાધા પછી તરત જ મસાલેદાર વસ્તુઓ ખાવાથી પેટમાં બળતરા, અપચો અને ઝાડા થઈ શકે છે. મસાલેદાર ખોરાકમાં કેપ્સેસિન હોય છે જે આઈસ્ક્રીમમાં હાજર દૂધ સાથે પ્રતિક્રિયા કરી શકે છે.

### દારૂ ન પીવો

આઈસ્ક્રીમ ખાધા પછી આલ્કોહોલ પીવાથી તમારા માટે સમસ્યા થઈ શકે છે. આલ્કોહોલ પીવાથી આઈસ્ક્રીમમાં હાજર દૂધનું પાચન ધીમું થઈ જાય છે, જેનાથી પેટ ખરાબ થવાની સાથે-સાથે ઉલ્ટી અને ઝાડા જેવી સમસ્યાઓ પણ થઈ શકે છે.

**વધુ પડતો તેલયુક્ત ખોરાક ન ખાવો |** આઈસ્ક્રીમ ખાધા પછી તરત જ બિરયાની, મટન અથવા ડીપ ફ્રાઈડ જેવા તેલયુક્ત ખોરાક ખાવાનું ટાળો. આ વસ્તુઓ તમારા પેટ માટે ભારે બની શકે છે અને અપચોનું કારણ બની શકે છે. આઈસ્ક્રીમની સાથે ભારે ખોરાકને પચવામાં સમય લાગે છે જેના કારણે તમને પેટમાં દુખાવો અને ભારેપણું લાગે છે.

# જલદી સ્ટેજ પર આવી જા સગાઈનું મૂરત વીતી ના જાય...

આખા બંગલા માં સૌથી સુંદર અને ઉતમ હોય તો એ પૂજા ઘર છે.ખૂબ મોટા ઓરડામાં છત ,દીવાલ અને ફર્શ સફેદ આરસ થી મઢેલી છે.ઝરૂખા જેવી બારીઓ ની પાળ પર તુલસી ના છોડ ની હારમાળા ગોઠવેલ છે.પૂજાઘર માં પ્રવેશતા જ તુલસી ની સુગંધ આવે છે,ભગવાન ને તુલસી ની સુગંધ અને માળા બહુ પ્રિય છે ,એટલે એ વાતનું ખાસ ધ્યાન રાખીને સજાવેલ છે.. અતિસુંદર મંગળા ના દર્શન આપતી શ્રીનાથજી બાવા ની મોટા કદ ની અદભૂત છબીજી બિરાજે છે.ત્યાં શ્રીનાથજી બાવા ની નીચે સોના નાં હિરે મઢેલ પારણાં માં લાલજી બિરાજેલ છે.મંદિર માં સિહાસન વગેરે ને લાલ રંગ ના મખમલ અને રેશમી કપડા થી સજાવ્યા છે.જેથી સફેદ આરસ માં લાલ રંગ ની આભા અત્યંત સરસ લાગતી હતી.ત્યાં પ્રવેશ દ્વાર ની દીવાલ ની લાઈન માં આરસ ના સોફા બનાવ્યા હતા ,સોફા ને પીળા રેશમી કાપડ ના ગાદી તકિયા થી સજાવ્યા હતા.પૂજાઘર નો દરવાજો એ ઘર ની બહાર ફૂલોથી સજાવેલ ગાર્ડન માં ખૂલતો હતો.ત્યાં માત્ર ઘરના સદસ્યો ,વૈષ્ણવ સત્સંગી અને એમના ગુરૂજી ને જ પ્રવેશવા ની છૂટ હતી.ઘરમાં ધર્મ પ્રત્યેનું વલણ એ સૌના આત્મા સાથે જોડાયેલું વધારે હતું.

નીતિન ફ્રેશ થઈને નાહી ને રેશમી સફેદ ધોતી પહેરીને પૂજા ઘર માં ગયો, રૂટિન પૂજા ની પૂર્ણાહુતિ કરીને ઉપર જઈ બ્લેક કલર નું જીન્સ , બ્લેક અને ગ્રે કલર ના ચેક્સ નું શર્ટ પહેરીને નીચે આવી દીદી અને માં ના આશીર્વાદ લઈને જમવા બેઠો,જમતી વખતે વાતો કરવાની મનાઈ છે એટલે ચૂપચાપ માં એ બનાવેલ ચોખ્ખા ઘી ની વાનગીઓ આરોગીને ઓફિસ જવા નીચે ઉતરી ને પોતાની લુક્ઝુરિયશ ગાડી માં ગોઠવતા જ ડ્રાઈવર રઘુ એ દરવાજો બંધ કરીને ગાડી સ્ટાર્ટ કરી દીધી.નીતિન ના મન માંથી કાલ વાળી વાત ક્યાંય ભૂસાઈ ગઈ હતી.આખો દિવસ ઓફિસ માં સખત કામ હોવાના કારણે જે વાત રાત્રે સતત પરેશાન કરી રહી હતી એ એના દિમાગ માંથી નીકળી ગઈ.એની પેઢી નો વેપાર એ સ્વિત્ઝર્લેન્ડ માં વધુ ફેલાયેલ હતો.વળી આજે ક્લાઈન્ટ મિટિંગ વધુ લાંબો સમય ચાલી હતી.કહે છે ને કે વેપારી ઓ નું મન વેપાર સિવાઈ અન્ય ક્યાંય ઓછું લાગે છે. બધું કામ પતાવીને મહેશ સોની જલદી ઘરે પોહચી ગયા..

આજ એના નાના ભાઈ બ્રીજસોની ની એક ની એક દીકરી દીપલ નું સગપણ છે. આમ તો દીપલ ના સાસરિયાં મુંબઈ માં રહે છે,કાપડ નો મોટો હોલસેલ નો ધંધો છે. પોતાના ફાર્મહાઉસ,બંગલા વગેરે સુરત મા પણ છે એ લોકો તો કાલ થી આવી ગયા હતા.ઘરે જલદી પોહચી ને મહેશભાઈ નિત્ય નું રૂટિન ની પૂર્ણાહુતિ કરીને ભાઈને ત્યાં જવા નીકળ્યા.પત્ની લતા,બાઅને દીકરી નેહા તો સવાર થી જ ત્યાં હતા.ત્યાં


સગાઈ
- રુપાલી દવે

નીતિન નું આટલું જલદી જવું શક્ય નહતું, ફેક્ટરી ઓની મુલાકાતે જવાનું હતું.હીરા ના કાચા માલ ના સ્ટોક અંતર્ગત ઓર્ડર પરદેશ રવાના કરવાના હતા.

ફેક્ટરી નું કામકાજ પતાવીને નીતિન ઘરે જઈને રેડ ઝરી વાળો કુર્તો ને સફેદ પાયજામા સજ્જ થઈને કાકા ના ઘરે જવા રવાના થયો.

નીતિન વધારે પડતો હેન્ડસમ લાગતો હતો,એના ગળા માં સોનાનો મોટી પટ્ટી વાળો ચેઈન, હાથ માં પહેરેલ સોનાનું કડું અને ડાબા હાથ પર ની મોટા ડાયલ વાળી રાડો ની લેટેસ્ટ મોડેલ ની ઘડિયાળ ખૂબ શોભતી હતી.કાકા નું ઘર એના ઘર થી ખાસ દૂર નહતું ,માત્ર અડધી કલાક નો જ રસ્તો હતો.આમ પણ સુરત માં ફ્લાય ઓવર ની સંખ્યા વધારે છે,એટલે સુરત ના એક છેડે થી બીજા છેડે પોહચતાં વધારે સમય નથી લાગતો. રાત્રે સુરત ની સુંદરતા વધારે સુંદર લાગતી હતી,પુલ ની બન્ને બાજુએ વહેતી તાપી નદી માં પડતાં પ્રતિબિંબ અદભૂત લાગતા હતા. કાકા નો બંગલો ‘શ્રીજી સદન‘ આવતા જ બંગલા ના પાર્કિંગ માં ગાડી પાર્ક કરી દીધી.

પરિવાર ના દરેક સભ્યો ખાસ કરીને દીપલ નીતિન ની કાગડોળે રાહ જોઈ રહી હતી. દીપલ એ નીતિન કરતા ૬મહિને નાની હતી એટલે બન્ને એ બાળપણ થી સાથે મોટા થયા હતાં ને પ્રત્યેક અવસર સાથે વિતાવ્યા હતા.શરૂઆત માં મહેશભાઈ અને નાના ભાઈનો પરિવાર સાથે રહેતા હતા.ધંધા માં સતત થતી બરકત ના લીધે ને નાના ભાઈ માટે બીજો બંગલો બનાવી ને ત્યાં તેને શિફ્ટ કરી દિધો હતો.દીપલ ને પોતાના ભાઈ રોહિત કરતા પણ નીતિન સાથે વધારે લગાવ હતો.એ નીતિન ની હાજરી માં જ સગાઈ કરવા માગતી નહતી...

નીતિન ના હોલ માં પ્રવેશતાં જ કાકા ની નજર નીતિનના પર પડતાં બોલ્યાં કે હીરો,ક્યાં રહી ગયો હતો ?દીપલ ક્યારની તારી રાહ જોતી બેઠી છે.જલદી સ્ટેજ પર આવી જા સગાઈ નું મૂરત વીતી ના જાય. બંગલા ના સભાખંડ ની રોનક ની તો વાત જ અલગ હતી.બોમ્બે થી ખાસ વૈશ્નવ સમાજને અનુકૂળભોજન માટે કેટરિંગ ની વ્યવસ્થા કરવામાં આવી હતી..સગાઈ બાદ ભોજન એ પછી વિરામ બાદ સાંજના બોમ્બે ની પ્રસિદ્ધ ગાયકો અને ગાયિકા ઓ ના કંઠે ભજન સંધ્યા રાખવા માં આવી હતી. આખા બંગલા માં નોકર નોકરાણી ને બાદ કરતા બધા જ મોંઘીદાટ જ્વેલરી અને ભારેભરખમ પોષક માં સજ્જ હતા. સંગીતનાં ધીમા ફિલ્મી સુર માં દીપલ ના હાથમાં રિયલ ડાયમંડ ની લાખો રૂપિયાની વિટી જમાઈ એ પહેરાવી એ ભેગા કુત્રિમ રીતે લાલ ગુલાબ ના ફૂલ ની પાંદડી નો વરસાદ થયો ને બધાએ તાળીઓ સાથે સગાઈ નો પ્રસંગ વધાવી લીધો...

અચાનક નીતિન ની નજર સ્ટેજ પરથી દૂર ખૂણામાં ટ્રે લઇ ઉભેલ સ્ત્રીના ચહેરા તરફ પડતાં જ એ વિચારવા લાગ્યો કે ઓહ!! આ ચહેરો ખુબજ ઓળખીતો છે કદાચ ચાર પાંચ દિવસમાં જ નજીક થી નિહાળ્યો છે પણ ક્યાં?સુરત માં..ના..ના બિલકુલ નહિ તો ક્યાં? ઓહ!!આ સ્ત્રીનું સૌંદર્ય તો નોકરાણી ના વેશ માં પણ અત્યંત સુંદર લાગે છે.કોણ છે આ? કેમ યાદ નથી આવતું? ત્યાં એની નજીક જઈને પૂછું તો..પણ લોકો શું સમજશે.. વિચાર ના તોફાનો માં ફસાયેલ નીતિન આગળ કશું વિચારે એ પહેલાં એ સ્ત્રી એ જગ્યા એથી ગાયબ થઇ ગઇ...ખૂબ શોધી પણ મળી નહિ..કેમ?..

# સુપ્રીમ કોર્ટ: સાત ફેરા વિના હિંદુ લગ્ન માન્ય નહીં

જબ તક પૂરે ના હો ફેરે સાત, તબ તક દુલ્હન નહીં દુલ્હા કી...’નદિયા કે પાર’ ફિલ્મનું આ ગીત મોટાભાગના લોકોએ સાંભળ્યું હશે.સુપ્રીમ કોર્ટે હાલમાં જ કહ્યું છે કે હિન્દુ મેરેજ એક્ટ હેઠળ લગ્ન માટે માત્ર પ્રમાણપત્ર જ પૂરતું નથી, પરંતુ લગ્ન સમારોહ અને રીતિ-રિવાજોનું પાલન પણ યોગ્ય રીતે થવું જોઈએ.સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો કોઈ લગ્નમાં આવાં આયોજનનો અભાવ હોય તો તે કપલને વૈવાહિક દરજ્જો આપી શકાય નહીં, એટલે કે હિન્દુ વિવાહ ત્યારે જ માન્ય ગણાશે જ્યારે સમાજની સામે સંપૂર્ણ મંત્રોચ્ચારની વચ્ચે અગ્નિની સામે સાત પવિત્ર ફેરા લેવા જેવી પ્રથા નિભાવવામાં આવી હોય.આ નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે હિન્દુ લગ્ન એ એક સંસ્કાર છે અને તે ‘ગીત-નૃત્ય‘, ‘ખાવા-પીવાનું‘ આયોજન નથી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો જરૂરી વિધિઓ કરવામાં આવી ન હોય તો હિન્દુ લગ્ન રદબાતલ છે અને નોંધણી આવા લગ્નને માન્ય ગણી શકતી નથી.સુપ્રીમ કોર્ટે એક નિર્ણયમાં હિન્દુ મેરેજ એક્ટ 1955 હેઠળ હિન્દુ લગ્નની કાનૂની જરૂરિયાતો અને પવિત્રતાને સ્પષ્ટ કરી છે. જસ્ટિસ બી નાગરત્નાએ પોતાના નિર્ણયમાં કહ્યું કે, હિંદુ વિવાક એક સંસ્કાર છે, જેને ભારતીય સમાજમાં એક મહાન મૂલ્યની સંસ્થાના રૂપમાં દાખલ કરવામાં આવવો જોઈએ.હિન્દુ મેરેજ એક્ટ હેઠળ માન્ય લગ્ન માટે, વૈવાહિક વિધિઓ કરવી આવશ્યક છે અને કોઈપણ વિવાદના કિસ્સામાં, તે સમારોહના પુરાવા દર્શાવવા આવશ્યક છે. હિંદુ સનાતન વિવાહ પદ્ધતિમાં લગ્નને એક સંસ્કાર ગણવામાં આવે છે. જેથી હસ્તમેળાપ બાદ વર-વધુ એક થઈ જાય છે.જ્યારે અન્ય ધર્મોમાં લગ્નને પતિ-પત્ની વચ્ચેનો એક કરાર ગણવામાં આવે છે, જેને કેટલીક પરિસ્થિતિઓમાં તોડી પણ શકાય છે. પરંતુ હિંદુ ધર્મમાં લગ્ન સમજી-વિચારીને કરવામાં આવતો સંસ્કાર છે.કાયદાની કલમ 7 મુજબ, કોઈપણ હિંદુ લગ્ન માન્ય રહેશે નહીં સિવાય કે પક્ષકારોએ આવા સમારોહમાં ભાગ લીધો હોય. આવી સમારંભો વિના કોઈપણ સંસ્થા દ્વારા પ્રમાણપત્ર આપવાથી ન તો વૈવાહિક દરજ્જાની પુષ્ટિ થશે અને ન તો હિંદુ કાયદા હેઠળ લગ્ન માન્ય ગણાશે.



(ક્રિમા વી સોની, કોટડા જ.કચ્છ)

# અભિનેત્રી કંગના રનૌતે ચૂંટણી રેલીમાં આપ્યું મોટું નિવેદન

## 'અમિતાભ બચ્ચન પછી મને ઈન્ડસ્ટ્રીમાં સૌથી વધુ પ્રેમ અને સન્માન મળે છે'



બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતે રાજકારણમાં પ્રવેશ કર્યો છે. તે હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહી છે. દરમિયાન, એક રેલીમાં ભાષણ આપતાં કંગનાએ કહ્યું કે અમિતાભ બચ્ચન પછી તેને ઈન્ડસ્ટ્રીમાં સૌથી વધુ પ્રેમ અને સન્માન મળે છે.

સ્ટેજ પર ભાષણ આપતાં કંગનાએ કહ્યું- 'આખો દેશ આશ્ચર્યમાં છે કે કંગના રાજસ્થાન જાય કે પશ્ચિમ બંગાળ, દિલ્હી કે મણિપુર, બધી જગ્યાએ આટલો પ્રેમ અને આદર મળે છે હું ચોક્કસ કહી શકું છું કે અમિતાભ બચ્ચનજી પછી આજે ઈન્ડસ્ટ્રીમાં કોઈને માન અને પ્રેમ મળતો હોય તે મને મળે છે.' વર્ક ફ્રન્ટ પર કંગનાની આગામી ફિલ્મ 'ઈમરજન્સી' છે. તે આ વર્ષે 14 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આ ફિલ્મમાં કંગના ભારતના પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના રોલમાં જોવા મળશે. કંગનાએ પોતે જ તેનું નિર્દેશન કર્યું છે. 2015માં 'તનુ વેડ્સ મનુ' રિલીઝ થઈ ત્યારથી કંગનાએ છેલ્લા 9 વર્ષમાં 10 ફિલ્મો કરી છે. તેમાંથી માત્ર 'મણિકર્ણિકા' અને 'પંગા' એવરેજ હતી. અન્ય તમામ ફિલ્મો ફ્લોપ રહી છે. તેની છેલ્લી બે ફિલ્મો 'તેજસ' અને 'ધાકડ' 5 કરોડ રૂપિયા પણ કમાઈ શકી ન હતી.

# ધર્મેન્દ્રએ સોલ્જરની સ્ટોરી રિજેક્ટ કરી દીધી

## બોબી દેઓલને આ ફિલ્મમાં કામ કરવાની ના પાડી દીધી હતી, કહ્યું હતું, 'મારો પુત્ર પિતાની હત્યાનો રોલ નહીં કરે...'

1998માં રિલીઝ થયેલી 'સોલ્જર' બોબી દેઓલના કરિયર માટે મહત્વની ફિલ્મ સાબિત થઈ હતી. આ ફિલ્મ પછી, બોબીનું કરિયર પાછું પાટા પર આવી ગયું કારણ કે તેની પ્રથમ ફિલ્મ 'બરસાત' ફ્લોપ રહી હતી. પરંતુ શું તમે જાણો છો કે ફિલ્મ 'સોલ્જર'ની વાર્તા સાંભળ્યા બાદ ધર્મેન્દ્ર નહોતા ઈચ્છતા કે તેમનો પુત્ર બોબી આ ફિલ્મમાં કામ કરે.

હાલમાં જ ફિલ્મના ડાયરેક્ટર અબ્બાસ મસ્તાને એક ઈન્ટરવ્યુમાં આ વાત શેર કરી છે. તેણે કહ્યું, 'બોબીએ પૂરા ઉત્તેજના સાથે ફિલ્મ સાઈન કરી હતી પરંતુ ધરમજીએ અમને ઘરે બોલાવ્યા અને કહ્યું - મારો પુત્ર નવોદિત છે, તેની પાસે માત્ર એક જ ફિલ્મ છે. તમે લોકો 'સોલ્જર'નું નિર્દેશન કરી રહ્યા છો, પરંતુ હું તેની વાર્તા સાંભળીશ.

અબ્બાસ મસ્તાને વધુમાં કહ્યું કે ધરમજીએ સ્ક્રિપ્ટનું થોડું સાંભળ્યું અને બોબીને તે કરવા દેવાની ના પાડી. વાસ્તવમાં, તેને એ વાત પર વાંધો હતો કે ફિલ્મમાં બોબીનું પાત્ર તેના પિતાને મારી નાખે છે. બાદમાં જ્યારે અબ્બાસ-મસ્તાને ધરમજીને આખી વાત કહી અને તેમને સમજાવ્યા ત્યારે તેઓ રાજી થયા.

આખી વાર્તાને આગળ જણાવતા અબ્બાસે કહ્યું, 'ફિલ્મની વાર્તામાં ઘણા ટ્વિસ્ટ અને ટર્ન્સ હતા. જ્યારે ધર્મેન્દ્રજીએ સાંભળ્યું કે બોબીનું પાત્ર તેના પિતાને શૂટ કરે છે, ત્યારે તેઓ પોતાની સીટ પરથી ઉભા થયા અને કહ્યું- મારો પુત્ર હત્યાનો રોલ નહીં કરે. જ્યારે અમે તેમને કહ્યું કે કૃપા કરીને આખી



વાર્તા સાંભળો, વાર્તામાં ટ્વિસ્ટ આવ્યો. બાદમાં તેણે આખી વાર્તા સાંભળી અને કહ્યું કે તે કેટલી સરસ ફિલ્મ બનાવશે.

'સોલ્જર' 1998માં રિલીઝ થઈ હતી અને સુપરહિટ સાબિત થઈ હતી. આ ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ' પછી 1998ની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હતી. આ ફિલ્મને બોબીના કરિયરની સૌથી સફળ ફિલ્મોમાંની એક માનવામાં આવે છે.


# સલમાનના ઘરની ફાયરિંગ કેસમાં વધુ 1 કાર્યવાહી

## મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે 5માં આરોપીની ધરપકડ કરી, આરોપી મોહમ્મદ ચૌધરીને મંગળવારે મુંબઈની કોર્ટમાં રજૂ કરવામાં આવશે

બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કેસમાં વધુ એક મોટી કાર્યવાહી થઈ છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સલમાન ખાનના ઘરે ફાયરિંગ કેસમાં વધુ એક આરોપીની ધરપકડ કરી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનમાંથી 5માં આરોપીની ધરપકડ કરી છે, જેનું નામ મોહમ્મદ ચૌધરી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમે જણાવ્યું હતું કે, આરોપી મોહમ્મદ ચૌધરીએ શૂટર સાગર પાલ અને વિકી ગુપ્તા બંનેને પૈસા આપવામાં અને રેકી કરવામાં મદદ કરી હતી. મોહમ્મદ ચૌધરીને આજે એટલે કે મંગળવારે મુંબઈ લાવવામાં આવશે, જ્યાં તેને કોર્ટમાં રજૂ કરવામાં આવશે અને કસ્ટડીની માંગણી કરવામાં આવશે.

આ પહેલા સલમાન ખાનના ઘરે ફાયરિંગના કેસમાં એક આરોપીએ પોલીસ કસ્ટડીમાં આત્મહત્યા કરી લીધી હતી.

ધરપકડ બાદ પોલીસ કસ્ટડીમાં જીવ ગુમાવનાર આરોપી અનુજના પરિવારે બોમ્બે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા તેના મૃત્યુની તપાસની માંગણી કરી હતી. પોલીસનો દાવો છે કે અનુજે લોકઅપમાં આત્મહત્યા કરી હતી જ્યારે તેની માતા રીટા દેવીએ હાઈકોર્ટમાં દાખલ કરેલી અરજીમાં આરોપ લગાવ્યો હતો કે તેના પુત્રની હત્યા કરવામાં આવી છે. અરજીમાં દેવીએ હાઈકોર્ટને તેમના પુત્રના મૃત્યુની તપાસ સીબીઆઈને સોંપવાની વિનંતી કરી છે. જલંધરથી ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ સોનુ સુભાષ ચંદર (37) અને અનુજ થાપન (32) તરીકે થઈ છે. બંને આરોપીઓ પંજાબના અબોહરના રહેવાસી છે. આરોપી અનુજ ટ્રકમાં હેલ્પર તરીકે કામ કરતો હતો. જ્યારે સુભાષ એક ખેડૂત છે અને કરિયાણાની દુકાન પણ ચલાવે છે.



# શાહિદ કપૂરને પ્રેમમાં બોલિવૂડની આ 2 હિરોઈનોએ આપ્યો ધોખો

બોલિવૂડ એક્ટર શાહિદ કપૂર પોતાની પ્રોફેશનલ લાઈફ માટે જ નહીં પરંતુ પર્સનલ લાઈફ માટે પણ સોશિયલ મીડિયા પર લોકપ્રિય રહે છે. શાહિદ કપૂરે તેના કરતા 12 વર્ષ નાની મીરા રાજપૂત સાથે અરેન્જ મેરેજ કર્યા છે. મીરા અને શાહિદ બોલિવૂડના સૌથી ક્યૂટ કપલ્સમાંથી એક છે. તે બંને તેમના ફેન્સને જબરદસ્ત કપલ ગોલ આપે છે અને એકબીજા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરવામાં ક્યારેય શરમાતા નથી.

શાહિદ કપૂર પોતાના કામની સાથે સાથે તેની પત્ની મીરા રાજપૂત સાથે પણ ક્વોલિટી ટાઈમ વિતાવતો જોવા મળે છે. હાલમાં શાહિદ કપૂર નેહા ધૂપિયાના ચેટ શોમાં તેની પત્ની મીરા રાજપૂત સાથે જોવા મળ્યો હતો. આ શોમાં શાહિદે તેની કેટલીક એક્સ ગર્લફ્રેન્ડ વિશે ખુલીને વાત કરી અને કહ્યું હતું કે કેવી રીતે તેને પ્રેમમાં છેતરવામાં આવ્યો હતો. શાહિદે કહ્યું હતું કે તેની સાથે છેતરપિંડી કરનાર તેની એક્સ ગર્લફ્રેન્ડ બોલિવૂડની બે ખૂબ જ પ્રખ્યાત હિરોઈન છે.

જ્યારે નેહા ધૂપિયાએ ચેટ શોમાં શાહિદ કપૂરને પૂછ્યું કે તેને પ્રેમમાં કેટલી વાર છેતરવામાં આવ્યો છે તો અભિનેતા હસવા લાગ્યો હતો. તેના પર શાહિદ કપૂરે કહ્યું હતું કે હું તમને એક વિશે કહી શકું છું. જોકે બીજા વિશે મને થોડી શંકા છે. મને લાગે છે કે તેમાંના બે એવા છે જેમણે મને દગો આપ્યો છે. હું તેમાંથી કોઈનું નામ નહીં લઉં.

ત્યાર બાદ નેહા ધૂપિયાએ શાહિદ કપૂરને પૂછ્યું હતું કે, શું આ એ જ બે ફેમસ હિરોઈન છે જેમને તમે ડેટ કર્યા છે? જો લોકોનું માનીએ તો નેહા ધૂપિયા કરીના કપૂર ખાન અને પ્રિયંકા ચોપરા તરફ ઈશારો કરી રહી હતી. જો કે આ વાત સાંભળીને શાહિદ કપૂર પણ હસવા લાગ્યો હતો. નેહા ધૂપિયા અને શાહિદ કપૂરનો આ વીડિયો રેડિટ પર શેર કરવામાં આવ્યો છે .

# હોસ્પિટલમાંથી રજા મળતા જ ભારતી સિંહ કામ પર પરત ફરી

## 'ડાન્સ દીવાને 4' શો માટે શૂટિંગ કરતી જોવા મળી હતી, પથરીની સર્જરી માટે દાખલ કરવામાં આવશે

ભારતી સિંહને થોડા દિવસો પહેલા પિત્તાશયની પથરીને કારણે હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી, પરંતુ હવે તે ઘરે પરત ફરી છે. ભારતી સિંહે તેના નવા યુટ્યુબ વીડિયોમાં આ માહિતી આપી છે. વીડિયોમાં તેણે ઘરે પરત ફરવાની ખુશી વ્યક્ત કરી છે અને તેના પુત્ર ગોલાને મળવાની વાત પણ કરી છે. આટલું જ નહીં, ડિસ્ચાર્જના એક દિવસ પછી તેણે રિયાલિટી શો 'ડાન્સ દીવાને 4'નું શૂટિંગ પણ શરૂ કર્યું.

ભારતી સોમવારે શોનું શૂટિંગ કરતી જોવા મળી હતી. ભારતીએ વીડિયોમાં કહ્યું, 'હું ખૂબ ખુશ છું કે હું ઘરે પાછી આવી છું. હું ખુશ છું કે હું મારા પુત્ર ગોલા અને પરિવારને ફરી મળી શકી. જોકે, સર્જરી હજુ બાકી છે. પિત્તાશયમાં પથરીને કારણે ઈન્ફેક્શન થયું છે જે કંઈક અંશે સારું છે તેથી હું ડિસ્ચાર્જ થઈ શકી છું'.


ભારતી કેટલાક ટેસ્ટ કરાવ્યા બાદ ઘરે પરત ફરી છે પરંતુ સર્જરી માટે તેને થોડા દિવસો બાદ ફરીથી હોસ્પિટલમાં દાખલ કરવી પડશે. હાલમાં જ એક વિડીયો શેર કરતા ભારતીએ પોતાની હોસ્પિટલની સફર વિશે જણાવ્યું હતું. આ સમય દરમિયાન, તે તેના અઢી વર્ષના પુત્ર ગોલાથી દૂર રહીને ખૂબ જ ભાવુક દેખાઈ હતી.

તેણે વીડિયોમાં કહ્યું હતું કે, 'એક માતા જેનું નાનું બાળક છે તે તેનાથી ક્યાંય દૂર રહી શકતી નથી, પછી ભલે તે હોસ્પિટલ હોય. મારું બાળક અઢી વર્ષનું છે અને આજ સુધી મેં તેના વિના એક દિવસ પણ વિતાવ્યો નથી. ઘરમાં ઘણા લોકો છે, દાદી, કાકી, કાકા પણ હું નથી. મારા માટે પ્રાર્થના કરો કે હું જલ્દી સાજી થઈ જાઉં અને મારા પુત્ર પાસે પાછી જાઉં. હર્ષ (પતિ) એ મને કહ્યું કે ગોલા રમતો રહે છે પણ પછી પૂછે છે કે મમ્મી ક્યાં છે તો બધા કહે છે કે મમ્મી શૂટિંગ માટે ગઈ છે. ભારતીએ 2017માં લેખક હર્ષ લિમ્બાચીયા સાથે લગ્ન કર્યા હતા. તેણે 2022માં પુત્રને જન્મ આપ્યો હતો. ભારતી હર્ષ કરતા 7 વર્ષ મોટી છે. લગભગ 7 વર્ષ સુધી ડેટ કર્યા બાદ બંનેએ લગ્ન કરી લીધા. હર્ષે પીએમ નરેન્દ્ર મોદીની બાયોપિકના ડાયલોગ્સ લખ્યા હતા.



# સંજય લીલા ભણશાળીની ભાણેજ શર્મિને કોમેન્ટસ ઓફ કરવી પડી

સંજય લીલા ભણશાળીની વેબ સીરિઝ 'હીરામંડી'માં આલમઝેબનો રોલ ભજવનારી તેમની ભાણેજ શર્મિન તેની ભંગાર એક્ટિંગના કારણે ભારે ટ્રોલ થઈ રહી છે. તેના પર ટીકાઓનો મારો ચાલતાં તેણે સોશિયલ મીડિયા એપ પર કોમેન્ટસ ઓફ કરી દેવી પડી છે.



શર્મિને 'હીરામંડી'ના પોતાના પાત્રના ગેટઅપમાં જ એક મેગેઝિન શૂટની તસવીરો પોસ્ટ કરી હતી. તે પછી તેની નીચે કોમેન્ટસમાં અત્યંત ઉગ્ર ટીકાઓનો મારો ચાલુ થયો હતો. સંખ્યાબંધ નેટ યૂઝર્સ દ્વારા જણાવાયું હતું કે શર્મિનને માત્ર સંજય લીલા ભણશાળીની ભાણેજ હોવાના કારણે આ રોલ મળી ગયો છે બાકીતેના કરતાં વધારે પ્રતિભાશાળી અનેક હિરોઈનો બોલીવૂડ તથા ટીવી ઈન્ડસ્ટ્રીમાં મોજુદ છે.

લોકોએ જણાવ્યું છે કે સમગ્ર સીરિઝમાં શર્મિનના હાવભાવ એકસરખા જ રહ્યા છે. તેનો ચહેરો જાણે સપાટ લાકડું હોય તેમ કોઈ લાગણીના ચઢાવ ઉતાર જોવા મળતા નથી. તેની ડાયલોગ ડિલિવરીનાં પણ કોઈ ઠેકાણાં નથી.

શર્મિન અગાઉ સંજય લીલા ભણશાળીની કેટલીક ફિલ્મોમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર તરીકે પણ કામ કરી ચૂકી છે. 'હીરા મંડી' સીરિઝની તે સૌથી નબળી કડી હોવાનું લોકોએ ઠેરવ્યું છે.



# જોલી એલએલબી 3 માં હુમા કુરેશીનું કાસ્ટિંગ કરાયું...

## અજમેરમાં કરશે શૂટિંગ, સેટ પરથી અક્ષયની તસવીર સામે આવી




જોલી એલએલબી ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ 'જોલી એલએલબી 3'નું શૂટિંગ શરૂ થઈ ગયું છે. દરમિયાન, હવે સમાચાર છે કે 'જોલી એલએલબી 2' માં જોવા મળેલી હુમા કુરેશીને આ ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવી છે. આ સિવાય ફિલ્મના સેટ પરથી અક્ષયની તસવીર પણ સામે આવી છે.

પિંકવિલાના તાજેતરના અહેવાલ મુજબ, હુમા કુરેશીએ ફિલ્મ 'જોલી એલએલબી 3' સાઈન કરી છે. અહેવાલમાં સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, હુમા ટૂંક સમયમાં મુંબઈથી અજમેર જવા રવાના થશે, જ્યાં તે તેના ભાગનું શૂટિંગ કરશે. હુમા કુરેશીએ 'જોલી એલએલબી 2' માં પુષ્પા મિશ્રાની ભૂમિકા ભજવી હતી.

ફિલ્મના સેટ પરથી એક ફેન પેજ પર અક્ષય કુમારનો એક વીડિયો શેર કરવામાં આવ્યો છે. જે વીડિયો સામે આવ્યો છે તેમાં અક્ષય શર્ટલેસ જોવા મળી રહ્યો છે. અક્ષય કપાળ પર તિલક લગાવીને અને ચશ્મા પહેરીને સનબાથ લેતો જોવા મળે છે.

ફ્રેન્ચાઈઝીના ત્રીજા હપ્તામાં, અગાઉની બે ફિલ્મોની જોલી સાથે જોવા મળશે. ફિલ્મનું શૂટિંગ શરૂ થતાંની સાથે જ ફિલ્મ નિર્માતાઓએ ફિલ્મનો કોન્સેપ્ટ દર્શાવતો વીડિયો રિલીઝ કર્યો હતો. આ ફિલ્મમાં, જોલી ઉર્ફે જગદીશ ત્યાગી (અરશદ વારસી અને અક્ષય કુમાર) બંને પોતાને વાસ્તવિક જોલી તરીકે સાબિત કરવા માટે એકબીજા સાથે લડતા જોવા મળશે. વીડિયોમાં સૌરભ શુક્લા પણ જોવા મળ્યા હતા.

હુમા કુરેશીની કાસ્ટિંગ બાદ અંદાજ લગાવી શકાય છે કે 'જોલી એલએલબી-1'માં જોવા મળેલી અમૃતા રાવને પણ ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવી શકે છે.

# હાઉસફુલ 5માં અભિષેક બચ્ચનની એન્ટ્રી

## સાજિદ નડિયાદવાલાએ જાહેરાત કરી, ઓગસ્ટથી UKમાં શૂટિંગ શરૂ થશે

હાઉસફુલ ફ્રેન્ચાઈઝીની 4 સફળ ફિલ્મો બાદ તેની પાંચમી ફિલ્મ 'હાઉસફુલ 5'ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ ફિલ્મમાં અક્ષય કુમાર અને રિતેશ દેશમુખને કાસ્ટ કરવામાં આવ્યા હતા, ત્યારબાદ હવે અભિષેક બચ્ચન પણ ઓનબોર્ડ આવી ગયા છે.

તાજેતરમાં જ ફિલ્મના નિર્માતા સાજિદ નડિયાદવાલાએ અભિષેક બચ્ચનની કાસ્ટિંગ અંગે સત્તાવાર જાહેરાત કરી છે. તેણે અભિષેકની એક તસવીર શેર કરી અને લખ્યું,- અમને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે હવે અભિષેક બચ્ચન ફરીથી હાઉસફુલ પરિવારનો ભાગ બની ગયો છે. અમે તેમને મેળવીને ખૂબ જ ખુશ છીએ.

ફિલ્મ 'હાઉસફુલ 5'નું શૂટિંગ ઓગસ્ટથી યુનાઈટેડ કિંગડમમાં શરૂ થવાનું છે. ફિલ્મમાં જોડાવા પર અભિષેક બચ્ચને ફિલ્મફેરને કહ્યું કે, 'હાઉસફુલ મારી ફેવરિટ કોમેડી ફ્રેન્ચાઈઝીમાંથી એક છે અને તેમાં જોડાવું એ ઘરે પરત ફરવા જેવું છે. સાજિદ નડિયાદવાલા સાથે જોડાવું એ એક મહાન અનુભવ છે. હું અક્ષય કુમાર અને રિતેશ સાથે સેટ પર મસ્તી કરવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યો છું. હું મારા નજીકના મિત્ર તરુણ મનસુખાની સાથે બીજી વખત કામ કરવા માટે પણ ઉત્સાહિત છું'.

તરુણ મનસુખાની ફિલ્મ 'હાઉસફુલ 5'નું નિર્દેશન કરી રહ્યા છે. આ પહેલા તેણે અભિષેક બચ્ચનની ફિલ્મ 'દોસ્તાના'



ડિરેક્ટ કરી હતી. નડિયાદવાલા 'ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટ'ના બેનર હેઠળ સાજિદ નડિયાદવાલા દ્વારા ફિલ્મ 'હાઉસફુલ 5' બનાવવામાં આવી રહી છે. આ ફિલ્મ 6 જૂન, 2025ના રોજ રિલીઝ થવાની છે.

અત્યાર સુધી 'હાઉસફુલ ફ્રેન્ચાઈઝી'ની 4 સફળ ફિલ્મો રિલીઝ થઈ છે. આ ફ્રેન્ચાઈઝીએ વિશ્વભરમાં રૂ. 800 કરોડની કમાણી કરી છે, જે તેને ભારતની સૌથી વધુ કમાણી કરનાર કોમેડી ફિલ્મ ફ્રેન્ચાઈઝી બનાવે છે. તે ભારતની 7મી સૌથી વધુ કમાણી કરનાર ફ્રેન્ચાઈઝી ફિલ્મ પણ છે.

# મનોજ વાજપેયીની ફેમિલી મેન થ્રીનું શૂટિંગ શરૂ થઇ ગયું



મનોજ વાજપેયીની બહુ વખણાયેલી વેબ સીરિઝ 'ફેમિલી મેન થ્રી' નું શૂટિંગ શરુ થઈ ગયું છે. ફિલ્મની ટીમે જ આ અંગે સત્તાવાર જાહેરાત કરતાં ચાહકો ખુશ થઈ ગયા છે. આ સીરિઝના બંને ભાગ બહુ જ લોકપ્રિય બન્યા હતા. ત્યારથી ચાહકો તેના ત્રીજા ભાગની ડિમાન્ડ કરી રહ્યા હતા. આજે આ સીરિઝનું શૂટિંગ ફરી શરુ થયાના સમાચાર અપાતાં ચાહકોએ ભારે ખુશી વ્યક્ત કરી હતી અને હવે ઝડપભેર શૂટિંગ ક્યારે પૂરું થશે તેવી પૂછપરછ કરી હતી. હાલની માહિતી પ્રમાણે મનોજ વાજપેયી ફરી શ્રીકાંત તિવારીની મુખ્ય ભૂમિકા ભજવશે.

પરિવારને બહુ ચાહતી પરંતુ મનોજ વાજપેયી પૂરતો સમય નહિ ફાળવી શકતો હોવાથી દ્વિધામાં રહેતી પત્નીની ભૂમિકામાં પ્રિયમણી પણ રિપીટ થઈ રહી છે. મનોજના સાથીદાર તરીકે શરીબ હાશ્મી પણ દેખાશે.

જોકે, આ સીરિઝના બીજા ભાગમાં આત્મઘાતી આતંકીની ભૂમિકામાં સામંથા રુથ પ્રભુ છવાઈ ગઈ હતી. તે આ સીરિઝના ત્રીજા ભાગમાં નહિ હોય તો તેના જેવી કોઈ અન્ય સરપ્રાઈઝ એન્ટ્રી હશે કે કેમ તે વિશે અટકળો વ્યક્ત થઈ રહી છે.

# સૂર્યાએ મેચ વિનિંગ સિક્સર સાથે સદી પૂરી કરી

## ટ્રેવિસ હેડ નો-બોલ પર બોલ્ડ થયો, કિશને ફ્લાઈંગ કેચ ઝડપ્યો; મોમેન્ટ્સ



એજન્સી હૈદરાબાદ તા 07

સોમવારે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2024)માં મુંબઈ ઈન્ડિયન્સે સનરાઈઝર્સ હૈદરાબાદને 7 વિકેટે હરાવ્યું હતું. હૈદરાબાદે વાનખેડે સ્ટેડિયમમાં 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 173 રન બનાવ્યા હતા. મુંબઈએ 17.2 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને લક્ષ્ય મેળવી લીધું હતું. મેચનો હીરો સૂર્યકુમાર યાદવ રહ્યો હતો. મેચ વિનિંગ સિક્સ રમવાની સાથે તેણે પોતાની સદી પણ પૂરી કરી હતી. તેમજ, હૈદરાબાદના ઓપનર ટ્રેવિસ હેડને 2 જીવનદાન મળ્યા હતા. ઈશાન કિશને પણ મેચમાં શાનદાર કેચ ઝડપ્યો હતો. મેચ મોમેન્ટ્સ.... 1. કંબોજે હેડને બોલ્ડ કર્યો, અમ્પાયરે નો-બોલ આપ્યો અંશુલ કંબોજે સોમવારે મુંબઈ ઈન્ડિયન્સ તરફથી ડેબ્યૂ કર્યું હતું. આ દરમિયાન તેણે મેચની 5મી ઓવરમાં ટ્રેવિસ હેડને બોલ્ડ કર્યો હતો. મુંબઈ ઈન્ડિયન્સના તમામ ખેલાડીઓ ઉજવણી કરવા લાગ્યા, પરંતુ અમ્પાયરે તેને નો-બોલ આપ્યો હતો. કંબોજે ઓવરના પાંચમા બોલ પર ફુલ લેન્થ બોલ ફેંક્યો. હેડ તેને રમી શક્યો ન હતો અને બોલ ઓફ સ્ટમ્પ સાથે અથડાયો હતો. અમ્પાયરે તેને નો-બોલ ગણાવ્યો અને હેડ બચી ગયો હતો. આગળનો બોલ ફ્રી હિટ હતો, જેને હેડે મિડ-ઓન પર ફોર માટે રમ્યો હતો. જો કે, આ બોલ પણ નો-બોલ નીકળ્યો અને પછી હેડે મિડ-ઓન પર બીજો ચોગ્ગો ફટકાર્યો. આ એક બોલ પર કુલ 10 રન બનાવ્યા હતા. અંશુલ કંબોજે આખરે 8મી ઓવરમાં હેડની વિકેટ પર નો બોલ મળતાં તેની પ્રથમ આઈપીએલ વિકેટ મળી હતી. કંબોજે SRH મયંક અગ્રવાલને બોલ્ડ કર્યો. અંશુલે ઓવરનો ચોથો બોલ ફુલ લેન્થ ફેંક્યો હતો. અગ્રવાલ તેને લેગ સાઈડ પર રમવા માંગતો હતો. જો કે, તે શોટ ચૂકી ગયો અને બોલ સીધો સ્ટમ્પમાં ગયો. અગ્રવાલ 5 રન બનાવીને આઉટ થયો હતો. SRH એ પ્રથમ વિકેટ માટે 56 રનની ભાગીદારી સાથે શાનદાર શરૂઆત કરી હતી, પરંતુ જસપ્રિત બુમરાહે છઠ્ઠી ઓવરના પાંચમા બોલ પર અભિષેક શર્માની વિકેટ લઈને તેને તોડી નાખ્યો હતો. છઠ્ઠી ઓવરમાં બુમરાહે એક રાઉન્ડ ધ વિકેટ બોલ ફેંક્યો હતો. બોલ અંદરની તરફ આવ્યો, પરંતુ અથડાયા પછી બાર સ્વિંગ થઈ ગયો. બોલ અભિષેકના બેટના બહારના કિનારે અથડાયો અને વિકેટકીપર ઈશાન કિશન તરફ ગયો. કિશને શાનદાર ડાઈવ મારીને અભિષેકનો કેચ પકડ્યો હતો. અભિષેકે 16 બોલમાં 11 રન બનાવ્યા હતા. 4. થુષારાએ હેડનો કેચ છોડ્યો MI ખેલાડી નુવાન થુષારાએ ટ્રેવિસ હેડનો ઈઝી કેચ છોડ્યો હતો. અંશુલ કંબોજે 8મી ઓવરનો બીજો બોલ હેડને ઓફ સ્ટમ્પની બહાર ફેંક્યો હતો. હેડ તેને ડીપ થર્ડ તરફ રમ્યો. ત્યાં ફિલ્ડિંગ કરી રહેલો નુવાન થુષારા કેચ કરવા તૈયાર હતો, પરંતુ બોલ તેના હાથમાં આવીને છટકી ગયો અને હેડને જીવનદાન મળ્યું હતું.મુંબઈ ઈન્ડિયન્સના સ્પિનર પીયૂષ ચાવલાએ હેનરિક ક્લાસનને ગુગલી બોલ પર બોલ્ડ કર્યો હતો. 13મી ઓવરના પહેલા જ બોલ પર ચાવલાએ ગુડ લેન્થ પર ફ્લાઈટેડ ગુગલી ફેંકી. આના પર ક્લોસને મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો પરંતુ બોલ તેના બેટની કિનારી સાથે અથડાયો અને તે બોલ્ડ થયો.

# સૂર્યાની સદીની મદદથી મુંબઈને ચોથી જીત મળી:IPLની બીજી સેન્ચુરી ફટકારી

## હૈદરાબાદને 7 વિકેટે હરાવ્યું; હાર્દિક-ચાવલાએ 3-3 વિકેટ લીધી

હૈદરાબાદ તા 07

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2024)માં સતત 4 હાર બાદ 5 વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે જીત મેળવી હતી. ટીમે સનરાઈઝર્સ હૈદરાબાદને 7 વિકેટે હરાવ્યું છે. મુંબઈની 12 મેચમાં આ ચોથી જીત હતી. મુંબઈ તરફથી સૂર્યકુમાર યાદવે સદી ફટકારી છે. આ તેની IPL કરિયરની બીજી સદી છે. તેણે 51 બોલમાં 102* રન બનાવ્યા. ટીમ તરફથી પીયૂષ ચાવલા અને હાર્દિક પંડ્યાએ 3-3 વિકેટ લીધી હતી. વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સે ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. હૈદરાબાદે 20 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 173 રન બનાવ્યા હતા. મુંબઈએ 17.2 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કરી લીધો હતો. મુંબઈના સૂર્યકુમાર યાદવે 18મી ઓવરના બીજા બોલ પર સિક્સર ફટકારી હતી. આ સાથે તેણે પોતાની સદી પૂરી કરી અને ટીમને જીત તરફ પણ દોરી. સૂર્યા 52 બોલમાં 102 રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. તેણે તિલક વર્મા સાથે 143 રનની ભાગીદારી પણ કરી



હતી. તિલકે 32 બોલમાં 37 રન બનાવ્યા હતા. સૂર્યકુમાર યાદવે શાહબાઝ અહેમદ સામે ફાઈન લેગ તરફ ચોગ્ગો ફટકાર્યો. આ સાથે તેણે તિલક વર્મા સાથે સદીની ભાગીદારી પણ પૂરી કરી હતી. ટીમે 31 રનના સ્કોર પર 3 વિકેટ ગુમાવી દીધી હતી.સૂર્યાએ 30 બોલમાં ફિફ્ટી પૂરી કરી સૂર્યકુમાર યાદવે માર્કો યાન્સેન સામે 2 રન લીધા હતા, આ સાથે તેણે પોતાની ફિફ્ટી પૂરી કરી હતી. સૂર્યાએ 30 બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. યાન્સેન સામે 22 રન બનાવ્યા પાવરપ્લે બાદ બીજી જ ઓવરમાં મુંબઈ ઈન્ડિયન્સે 22 રન બનાવ્યા હતા. આ ઓવરમાં સૂર્યકુમાર યાદવે 2 સિક્સ અને 2 ફોર ફટકારી હતી.

# T20 વર્લ્ડ કપ માટે ટીમ ઈન્ડિયાની નવી જર્સી લોન્ચ, :બ્લૂ સાથે ઓરેન્જ કલરનું કોમ્બિનેશન

આગામી મહિને વેસ્ટ ઈન્ડિઝ અને USAમાં યોજાનાર T20 વર્લ્ડ કપમાં ટીમ ઈન્ડિયા નવી જર્સીમાં જોવા મળશે. ટીમના સત્તાવાર કિટ સ્પોન્સર એડિડાસે સોમવારે સોશિયલ મીડિયાથી નવી જર્સી બહાર પાડી. નવી ડિઝાઈન કરેલી જર્સી વાદળી રંગની છે. આની સાથે ઓરેન્જ કલરનું કોમ્બિનેશન છે. તે જ સમયે, વી આકારના કોલર પર તિરંગો છે.એડિડાસે લોન્ચનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. વીડિયોમાં કેપ્ટન રોહિત શર્માની સાથે કુલદીપ યાદવ અને રવીન્દ્ર જાડેજાને પણ બતાવવામાં આવ્યા હતા. આ વીડિયો ધર્મશાલાના HPCA સ્ટેડિયમનો છે.ન્યૂઝીલેન્ડની જર્સી 1999 વર્લ્ડ કપથી પ્રેરિત ક્રિકેટ ન્યૂઝીલેન્ડે ગયા સોમવારે તેની 15 સભ્યોની ટીમની જાહેરાત કર્યા બાદ મેન્સના T20 વર્લ્ડ કપ માટે તેની જર્સીનું અનાવરણ કર્યું છે. ન્યૂઝીલેન્ડે 1999ના વર્લ્ડ કપથી પ્રેરિત વાદળી જર્સી ગ્રીન જર્સી લોન્ચ કરી છે જોશ હેઝલવૂડ કહે છે કે જ્યારે તમે ગ્રીન અને ગોલ્ડ વિચારો છો ત્યારે તમે ઓસ્ટ્રેલિયા વિચારો છો. શિવમ દુબે T20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમમાં સામેલ, ગિલ અને રિંકુ સિંહ રિઝર્વ ખેલાડીઓ 2 જૂનથી શરૂ થઈ રહેલા T20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની 30 એપ્રિલે જાહેરાત કરવામાં આવી છે. ટુર્નામેન્ટ માટે સંજુ સેમસન અને રિષભ પંતને વિકેટકીપર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. હાર્દિક પંડ્યાની સાથે શિવમ દુબેની પણ પેસ બોલિંગ ઓલરાઉન્ડરની શ્રેણીમાં પસંદગી કરવામાં આવી છે. શુભમન ગિલ અને રિંકુ સિંહ મુખ્ય ટીમમાં જગ્યા બનાવી શક્યા નથી. આને ટ્રાવેલિંગ રિઝર્વનો ભાગ બનાવવામાં આવ્યા છે.

# મહિલા T20 વર્લ્ડ કપ 2024નું શેડ્યૂલ જાહેર


નવી દિલ્હી તા 07

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે આ વર્ષે 3 થી 20 ઓક્ટોબર દરમિયાન બાંગ્લાદેશમાં યોજાનાર મહિલા T20 વર્લ્ડ કપ માટે શેડ્યૂલની જાહેરાત કરી છે. આ વર્લ્ડ કપમાં 10 ટીમ ભાગ લેશે. 18 દિવસમાં 23 મેચ યોજાશે. રવિવારે ઢાકામાં આયોજિત એક કાર્યક્રમમાં મહિલા T20 વર્લ્ડ કપ 2024નું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ નઝમુલ હસન, ICCના સીઈઓ જ્યોફ એલાર્ડીસ, ભારતીય ટીમની કેપ્ટન હરમપ્રીત કૌર અને બાંગ્લાદેશની કેપ્ટન નિગાર સુલતાનાએ હાજરી આપી હતી. ભારત ગ્રુપ Aમાં 6 વખતની ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા સાથે છે. આ સિવાય આ ગ્રુપમાં પાકિસ્તાન, ન્યૂઝીલેન્ડ અને ક્વોલિફાયરની એક ટીમ સામેલ છે. જ્યારે યજમાન બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઈન્ડિઝ અને ક્વોલિફાયર-2 ટીમ ગ્રુપ Bમાં છે. આ ગ્રુપની તમામ મેચ ઢાકામાં રમાશે. વર્લ્ડ




કપના કાર્યક્રમની જાહેરાત દરમિયાન બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીના સાથે ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌર અને બાંગ્લાદેશની કેપ્ટન નિગાર સુલતાના. વર્લ્ડ કપના કાર્યક્રમની જાહેરાત દરમિયાન બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીના સાથે ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌર અને બાંગ્લાદેશની કેપ્ટન નિગાર સુલતાના. ભારત અને પાકિસ્તાન વચ્ચે 6 ઓક્ટોબરે મેચ રમાશે ભારતીય ટીમ તેના વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત 4 ઓક્ટોબરે ન્યૂઝીલેન્ડ સામે કરશે. તે 6 ઓક્ટોબરે પાકિસ્તાન સાથે ટકરાશે. જ્યારે ઓસ્ટ્રેલિયા તેના અભિયાનની શરૂઆત 4 ઓક્ટોબરે ક્વોલિફાયર-1 ટીમ સામે કરશે. બંને ગ્રુપમાંથી ટોચની બે ટીમ સેમિફાઈનલમાં પહોંચશે બંને ગ્રુપની ટોચની બે ટીમ સેમિફાઈનલમાં પહોંચશે. પ્રથમ સેમિફાઈનલ 17 ઓક્ટોબરે સિલહટમાં અને બીજી સેમિફાઈનલ 18 ઓક્ટોબરે ઢાકામાં રમાશે. ફાઈનલ 20 ઓક્ટોબરે ઢાકામાં રમાશે. ક્વોલિફાયર-1 અને 2નો નિર્ણય સાતમી મેના રોજ થશે જ્યારે વર્લ્ડ કપ માટે ક્વોલિફાયર-1 અને ક્વોલિફાયર-2નો નિર્ણય સાતમી મેના રોજ ICC મહિલા T20 વર્લ્ડ કપ ક્વોલિફાયરની ફાઈનલ દ્વારા લેવામાં આવશે. ઢાકામાં 27 સપ્ટેમ્બરથી 1 ઓક્ટોબર વચ્ચે 10 પ્રેક્ટિસ મેચ રમાશે.

# રિયલ મેડ્રિડે 36મી વખત લા લીગા ટાઈટલ જીત્યું



રિયલ મેડ્રિડે શનિવારે કેડિઝને 3-0થી હરાવી રેકોર્ડ 36મી વખત લા લિગા ટાઈટલ જીત્યું હતું. આ જીત બાદ મેડ્રિડના 87 પોઈન્ટ છે અને હજુ ચાર મેચ બાકી છે. તેઓ પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને રહેલી વેરોના કરતા 13 પોઈન્ટ આગળ છે. મેડ્રિડ તરફથી બ્રાહિમ ડિયાઝ, જુડ બેલિંગહામ અને જોસેલુએ એક-એક ગોલ કર્યા હતા. મેડ્રિડ 4 મેચ બાકી રહેતા પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું કેડિઝ પરની જીત સાથે, મેડ્રિડ ચાર ગેમ બાકી રહેતા ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે. મેડ્રિડના 34 મેચમાં 87 પોઈન્ટ છે. તેઓ વેરોના કરતાં 13 પોઈન્ટ આગળ છે. શનિવારે રમાયેલી મેચમાં વેરોનાએ બાર્સેલોનાને 4-2થી હરાવ્યું હતું. બાર્સેલોનાના 34 મેચમાં 73 પોઈન્ટ છે. રિયલ મેડ્રિડ લીગની સૌથી સફળ ટીમ 2022 પછી રિયલ મેડ્રિડનું આ પહેલું લા લીગા ટાઈટલ છે. બાર્સેલોનાએ 2023માં આ ખિતાબ જીત્યો હતો. મેડ્રિડ લીગની સૌથી સફળ ટીમ છે. તેણે સૌથી વધુ 36 વખત આ ખિતાબ જીત્યો છે. બાર્સેલોના બીજા સ્થાને છે જેણે 27 વખત ટ્રોફી જીતી છે. મેડ્રિડ તરફથી બ્રાહિમ ડિયાઝ, જુડ બેલિંગહામ અને જોસેલુએ એક-એક ગોલ કર્યા હતા. મેડ્રિડ 4 મેચ બાકી રહેતા પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું કેડિઝ પરની જીત સાથે, મેડ્રિડ ચાર ગેમ બાકી રહેતા ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે. મેડ્રિડના 34 મેચમાં 87 પોઈન્ટ છે. તેઓ વેરોના કરતાં 13 પોઈન્ટ આગળ છે.

# T-20 વર્લ્ડ કપ પહેલા PCBની જાહેરાત

## ટ્રોફી જીતવા પર દરેક ખેલાડીને 2 કરોડ 77 લાખ રૂપિયા મળશે; ભારત-પાકિસ્તાન એક જ ગ્રુપમાં છે

એજન્સી પાકિસ્તાન તા 07

પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના અધ્યક્ષ મોહસિન નકવીએ જો ટીમ T20 વર્લ્ડ કપ 2024 ટ્રોફી જીતે તો તેના માટે પ્રાઈઝની જાહેરાત કરી છે. જિયો ન્યૂઝના અહેવાલ મુજબ ANIએ આ સમાચાર પ્રકાશિત કર્યા છે. જિયો ન્યૂઝ અનુસાર, નકવીએ રવિવારે આ જાહેરાત કરી હતી. જિયો ન્યૂઝ અનુસાર, જો પાકિસ્તાનની ટીમ T20 વર્લ્ડ કપ જીતશે તો દરેક ખેલાડીને 100,000 ડોલરનું ઈનામ આપવામાં આવશે. હાલમાં આ રકમ પાકિસ્તાનમાં 2 કરોડ 77 લાખ રૂપિયાથી વધુ છે અને ભારતમાં 83 લાખ 38 હજાર રૂપિયા છે. જો કે PCBએ હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી. T20 વર્લ્ડ કપ 2 જૂનથી શરૂ થઈ રહ્યો છે અને 29 જૂને ફાઈનલ રમાશે. T20 વર્લ્ડ કપમાં દરેક 5 ટીમોને 4 ગ્રુપમાં વહેંચવામાં આવી હતી. ભારત અને પાકિસ્તાનને એક જ ગ્રુપમાં રાખવામાં આવ્યા છે. આયર્લેન્ડ, કેનેડા અને અને પાકિસ્તાન તેમની તમામ મેચ અમેરિકામાં જ રમશે.



### વર્લ્ડ કપ પહેલાં પાક ટીમ બે T20 સિરીઝ રમશે

વર્લ્ડ કપ પહેલાં પાકિસ્તાને આયર્લેન્ડ સામે ત્રણ T20 મેચની સિરીઝ રમવાની છે અને ચાર ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણે રમવાની છે. બંને શ્રેણી વિરોધી ટીમોના ઘરે યોજાશે. પાકિસ્તાન અને આયર્લેન્ડ વચ્ચે 10 મેથી ત્રણ મેચની T20 શ્રેણી શરૂ થવા જઈ રહી છે. તે જ સમયે, પાકિસ્તાનની ટીમ 22 મેથી ઘરઆંગણે ઈંગ્લેન્ડ સામે ચાર મેચની T20 શ્રેણી રમશે.

### ઈંગ્લેન્ડ-આયર્લેન્ડ સામેની શ્રેણી માટે પાકિસ્તાનની ટીમ

બાબર આઝમ (કેપ્ટન), અબરાર અહેમદ, આઝમ ખાન, ફખર ઝમાન, હારિસ રઉફ, હસન અલી, ઈફ્તિખાર અહેમદ, ઈમાદ વસીમ, અબ્બાસ આફ્રિદી, મોહમ્મદ આમિર, મોહમ્મદ રિઝવાન (વિકેટકીપર), ઈરફાન ખાન, નસીમ શાહ, સૈમ અયુબ, સલમાન અલી આગા, શાદાબ ખાન, શાહીન શાહ આફ્રિદી અને ઉસ્માન ખાન.

# હાર્દિક પંડ્યાએ મુંબઈ ઈન્ડિયન્સ તરફથી IPL ડેબ્યૂ કરાવ્યું?



મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ આ સિઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે ટીમમાં બીજી વખત ડેબ્યૂ કર્યું હતું. તેણે 23 વર્ષના ઓલરાઉન્ડર અંશુલ કંબોજને તક આપી. અંશુલ કંબોજ હરિયાણાના કરનાલનો રહેવાસી છે અને તે ભારત તરફથી અંડર-19 પણ રમી ચૂક્યો છે. ડેબ્યૂ મેચમાં જ આ ખેલાડી સાથે એવી ઘટના બની, જે બાદ બધાનું ધ્યાન તેના પર ગયું હતું. મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હૈદરાબાદ સામે ડેબ્યૂ કર્યું છે. 23 વર્ષીય અંશુલ હરિયાણાના કરનાલનો રહેવાસી છે. અંશુલે ડેબ્યૂ હતો. પરંતુ તેનો તે બોલ નો બોલ હતો. ત્યારબાદ બીજી ઓવરમાં હેડે શોટ ફટકાર્યો અને બાઉન્ડ્રી પર તુષારાએ કેચ છોડ્યો અને હેડને અંશુલ કંબોજની બોલિંગમાં બીજીવાર જીવનદાન મળ્યું.

# ભારતીય પુરુષ-મહિલા રિલે ટીમ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થઈ

## બંને ટીમ બહામાસ વર્લ્ડ એથ્લેટિક્સ રિલે 4x400mમાં બીજા સ્થાને રહી

એ જન્સી નવી દિલ્હી તા 07

ભારતીય મહિલા અને પુરુષોની રિલે ટીમ 4x400 મીટર રિલેમાં પેરિસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થઈ ગઈ છે. ભારતીય મહિલા ટીમ સોમવારે બહામાસમાં ચાલી રહેલા વર્લ્ડ એથ્લેટિક્સ રિલેમાં બીજા રાઉન્ડની હીટમાં બીજા સ્થાને રહી હતી. પુરૂષોની ટીમ પણ તેની બીજી હીટમાં બીજા સ્થાને રહીને પેરિસ માટે ક્વોલિફાય થઈ હતી.

મહિલાઓની 4x400 મીટર રિલેમાં, રૂપલ ચૌધરી, એમઆર પૂવમ્મા, જ્યોતિકા શ્રી દાંડી અને સુભા વેંકટેસન 3 મિનિટ અને 29.35 સેકન્ડમાં અને જમૈકાની ટીમ 3.28.54 સાથે પ્રથમ ક્રમે રહી હતી. સુભા વેંકટેશન, જ્યોતિકા શ્રીદાંડી, MR પૂવમ્મા અને રૂપલ ચૌધરી



(ડાબેથી), જેમણે 4x400 મીટર રિલેમાં ઓલિમ્પિક ક્વોટા મેળવ્યો. પુરૂષોની 4x400 મીટર રિલેમાં, મોહમ્મદ અનસ યાહિયા, મોહમ્મદ અજમલ, અરોકિયા રાજીવ અને અમોજ જેકબની ટીમ 3 મિનિટ અને 3.23 સેકન્ડના સમય સાથે બીજા સ્થાને રહી હતી. જ્યારે USAની પુરૂષ ટીમ 2:59.9ના સમય સાથે પ્રથમ ક્રમે રહી હતી. પુરુષ અને મહિલા ટીમ પ્રથમ રાઉન્ડમાં ક્વોલિફાય કરી શકી ન હતી

ભારતીય મહિલા ટીમ રવિવારે પ્રથમ રાઉન્ડની ક્વોલિફાઈંગ હીટમાં 3 મિનિટ અને 29.74 સેકન્ડના સમય સાથે પાંચમા સ્થાને રહી હતી. જ્યારે રાજેશ રમેશે અધવચ્ચેથી ખસી જવાને કારણે પુરૂષોની ટીમ પ્રથમ ગરમીમાં ક્વોલિફાય કરી શકી ન હતી.

પેરિસ ઓલિમ્પિક માટે બહામાસમાં આયોજિત વિશ્વ એથ્લેટિક્સ રિલેમાં ત્રણ હીટમાંથી પ્રથમ બે સ્થાન મેળવનારી ટીમને ઓલિમ્પિક ક્વોટા મળવાનો છે.

# અખબાર-દૂધના પેકેટમાંથી બોલ અને નારિયેળના છાલમાંથી બેટ બનાવી ક્રિકેટ રમવાની કરી શરૂઆત

નવી દિલ્હી તા 07

સામાન્ય રીતે કોઈપણ ક્રિકેટ ખેલાડી 20 થી 30 વર્ષની વય વચ્ચે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરે છે. પરંતુ આશા શોભનાએ 33 વર્ષની ઉંમરે ડેબ્યૂ કર્યું છે. આ સાથે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરનાર સૌથી મોટી ઉંમરની ખેલાડી બની ગઈ છે. આશાની રાષ્ટીય ટીમ સુધીની સફર ખૂબ જ સંઘર્ષ અને તકલીફોથી ભરેલી રહી છે. તેની આ કહાની કરોડો ક્રિકેટરો માટે પ્રેરણારુપ છે. અખબાર-દૂધના પેકેટમાંથી બોલ અને નારિયેળના છાલમાંથી બેટ બનાવી ક્રિકેટ રમવાની કરી શરૂઆત, હવે 33 વર્ષની ઉંમરે ડેબ્યૂ કરી બનાવ્યો રેકોર્ડ ભારતીય ક્રિકેટમાં અનેક પ્રતિભા છે. પરંતુ ડોમેસ્ટિક ક્રિકેટમાં પ્રદર્શન



કરવા છતાં ઘણા ખેલાડીઓને રાષ્ટ્રીય ટીમમાં રમવાની તક મળતી નથી. આ બાબતમાં ખાસ કરીને મહિલા ક્રિકેટરો વધુ પાછળ રહી જાય છે, કારણ કે આપણા દેશમાં તેમને રમવા માટે ઘણો સંઘર્ષ કરવો પડે છે. આવું જ કંઈક 33 વર્ષની મહિલા ક્રિકેટર આશા શોભના સાથે થયું. પરંતુ વુમન્સ પ્રીમિયર લીગ (WPL)ના કારણે તે લાઈમલાઈટમાં આવી અને હવે તેને ભારતીય ટીમમાં ડેબ્યૂ કરવાની તક મળી છે. શોભનાને રાષ્ટ્રીય ટીમ સુધી પહોંચવામાં બે દાયકા લાગ્યા. પરંતુ તેણે આવતાની સાથે જ ઈતિહાસ રચી દીધો છે.સામાન્ય રીતે કોઈપણ ક્રિકેટ ખેલાડી 20 થી 30 વર્ષની વય વચ્ચે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરે છે. પરંતુ આશા શોભનાએ 33 વર્ષની ઉંમરે ડેબ્યૂ કર્યું છે. આ સાથે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કરનાર સૌથી મોટી ઉંમરની ખેલાડી બની ગઈ છે. આ પહેલા આ રેકોર્ડ શ્રીલંકાની સીમા પુજારેના નામે હતો, જેણે 31 વર્ષની ઉંમરે પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તમને પોતાની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ રમનાર શોભનાના તમામ સાથી ખેલાડીઓએ 30 વર્ષની ઉંમર પહેલા જ ડેબ્યૂ કર્યું હતું.

# જે મેચમાં ધોનીએ રચ્યો ઈતિહાસ, તે જ મેચમાં જાડેજાએ તોડ્યો ધોનીનો જ રેકોર્ડ

ધર્મશાલા તા 07

ધર્મશાલામાં રમાયેલી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે પંજાબ કિંગ્સને 28 રનથી હરાવ્યું હતું. CSKની આ જીત દરમિયાન ધોનીએ ઈતિહાસ રચ્યો અને જાડેજાએ મોટો રેકોર્ડ બનાવ્યો. આ બંને ખેલાડીઓએ એક જ મેચમાં એક જ ટીમ તરફથી રમતા એક-એક રેકોર્ડ બનાવ્યો હતો. જેમાં જાડેજાએ તો ધોનીને જ પાછળ છોડી દીધો હતો. પહેલા એમએસ ધોની ઈતિહાસ રચે છે અને પછી બીજી જ ક્ષણે જાડેજાએ તેનો મોટો રેકોર્ડ તોડે છે. આ બંને ઘટના 5 મેના રોજ પંજાબ કિંગ્સ સામે રમાયેલી મેચમાં બની હતી. ધોનીએ જે ઈતિહાસ રચ્યો તે ફિલ્ડિંગ વખતે બન્યો. પરંતુ જાડેજાએ તેનો એક રેકોર્ડ તોડ્યો તે ઘટના CSK અને PBKS વચ્ચે રમાયેલી મેચ પછી બની હતી. ધોની દ્વારા રચવામાં આવેલો ઈતિહાસ IPLમાં તેના 150 કેચ પકડવાથી સંબંધિત હતો. આ સાથે જ જાડેજાએ આ મેચમાં પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીતીને ધોનીનો રેકોર્ડ તોડ્યો હતો. પંજાબ સામેની મેચમાં જાડેજાએ બેટ અને બોલ બંનેથી પ્રભાવિત કર્યા, જેના કારણે તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો.જો કે, સૌથી પહેલા ધોનીએ રચેલા ઈતિહાસની વાત કરીએ. તે IPL ઈતિહાસમાં 150 કેચ લેનારો પ્રથમ ખેલાડી બની ગયો છે. ધોનીએ જીતેશ શર્માનો 150મો કેચ લીધો હતો. આ 150 કેચમાંથી ધોનીએ કીપર તરીકે 146 કેચ લીધા છે. તેણે ફિલ્ડર તરીકે 4 કેચ લીધા છે. જો આપણે IPLમાં ધોનીના ઓવરઓલ શિકારની વાત કરીએ તો આ આંકડો 192 છે, જેમાં 150 કેચ અને 42 સ્ટમ્પિંગ સામેલ છે.

# રવિચંદ્રન અશ્વિને એવું શું પૂછ્યું કે ડેવિડ વોર્નર થઈ ગયો ભાવુક?

નવી દિલ્હી તા 07

IPL 2024માં દિલ્હી કેપિટલ્સ તરફથી રમી રહેલા ડેવિડ વોર્નરે તાજેતરમાં રવિચંદ્રન અશ્વિનને એક ઈન્ટરવ્યુ આપ્યો છે. આ દરમિયાન IPL વિશે ચર્ચા થઈ હતી. તેની સાથે વાત કરતી વખતે અશ્વિને તેને આવો સવાલ પૂછ્યો હતો, જેનો જવાબ આપતાં વોર્નર ભાવુક થઈ ગયો હતો. ડેવિડ વોર્નર IPLના સૌથી સફળ ખેલાડીઓમાંથી એક છે. ચાહકોને તેની બેટિંગની સાથે ક્રિકેટના મેદાન પર તેની ફની સ્ટાઈલથી ચાહકોનું દિલ પણ જીતી લે છે. આ ઉપરાંત તેણે ભારતીય સિનેમાના વાયરલ ડાયલોગ્સ અને ગીતોની રીલથી પણ ભારતીય ક્રિકેટ ચાહકોને દિવાના બનાવ્યા છે. પરંતુ IPL 2024 તેના માટે કંઈ ખાસ રહ્યું નથી.



શરૂઆતની મેચોમાં તે ફોર્મમાં દેખાતો નહોતો અને પછી ઈજા બાદ તેને બહાર બેસવું પડ્યું હતું. હવે તે ડગઆઉટમાં બેસીને ખેલાડીઓને પાણી આપતો જોવા મળે છે. આ બધાથી તેના ચાહકો ખૂબ જ દુઃખી છે.

આ દરમિયાન વોર્નર રવિચંદ્રન અશ્વિનના શોમાં આવ્યો હતો અને આ દરમિયાન તેને કંઈક એવું પૂછવામાં આવ્યું જેનાથી તે ઈમોશનલ થઈ ગયો.IPL 2024માં દિલ્હી કેપિટલ્સ તરફથી રમનાર ડેવિડ વોર્નર રવિચંદ્રન અશ્વિનના શો કુટ્ટી સ્ટોરીઝમાં ગયો હતો. આ દરમિયાન અશ્વિને તેને સનરાઈઝર્સ હૈદરાબાદમાંથી હાંકી કાઢવા અંગે એક પ્રશ્ન પૂછ્યો હતો,

જેનો જવાબ આપતાં તે ભાવુક થઈ ગયો હતો. તેણે કહ્યું કે તે નથી જાણતો કે ટીમે તેને શા માટે બહાર કર્યો, પરંતુ તે ખૂબ જ દુઃખી હતો. વોર્નરે કહ્યું કે ફેન્સ સાથે તેનું ખૂબ સારું કનેક્શન છે. સોશિયલ મીડિયા પર ઘણા ચાહકો તેની સાથે વાત કરતા હતા. તેણે કહ્યું કે આટલો સમય વીતી ગયો પરંતુ આજ સુધી તે નથી જાણતો કે સનરાઈઝર્સ હૈદરાબાદ ફ્રેન્ચાઈઝીએ તેને કેમ બહાર કર્યો. આ વાત કહેતા જ વોર્નર ભાવુક થઈ ગયો હતો.

# માલદીવમાં ભારતીય પ્રવાસીઓમાં 40%નો ઘટાડો: પ્રવાસન મંત્રીએ ભારતીયોને આવવા માટે અપીલ કરી

માલદીવ્સ અને ભારત વચ્ચે ચાલી રહેલા મડાગાંઠની અસર ત્યાંના પ્રવાસન પર પડી હતી. જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં માલદીવ્સમાં આવનારા ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં 40 ટકાનો ઘટાડો થયો છે. માલદીવ્સના પર્યટન મંત્રાલયે જણાવ્યું કે જાન્યુઆરીથી એપ્રિલ સુધીમાં ભારતમાંથી 43,991 પ્રવાસીઓ આવ્યા હતા. 2023માં આ દરમિયાન આ સંખ્યા 73,785 હતી. સોમવારે (6 મે) માલદીવ્સના પર્યટન મંત્રી ઈબ્રાહિમ ફૈઝલે ભારતીયોને તેમના દેશની મુલાકાત લેવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું- આપણી અર્થવ્યવસ્થા પર્યટન પર નિર્ભર છે. માલદીવ્સના પર્યટન મંત્રી ઈબ્રાહિમ ફૈઝલને રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુના નજીકના માનવામાં આવે છે.



માલદીવ્સના પર્યટન મંત્રી ઈબ્રાહિમ ફૈઝલને રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝ્ઝુના નજીકના માનવામાં આવે છે. પર્યટન મંત્રીએ કહ્યું કે માલદીવ્સ હંમેશા ભારત સાથે મિત્ર બનવા માંગે છે. અમારી સરકાર ભારતીયોના સ્વાગત માટે હંમેશા તૈયાર છે. માલદીવ્સમાં સૌથી વધુ પ્રવાસીઓ ભારતમાંથી આવ્યા હતા. હવે આ સંખ્યા છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે. અગાઉ માલદીવ્સે કહ્યું હતું કે તે ભારતીય પ્રવાસીઓને આકર્ષવા માટે ભારતના ઘણા શહેરોમાં રોડ શોનું આયોજન કરશે. જો કે કયા શહેરમાં અને ક્યારે રોડ શો યોજાશે તેની માહિતી આપવામાં આવી નથી. માલદીવ્સ એસોસિયેશન ઓફ ટૂર એન્ડ ટ્રાવેલ ઓપરેટર્સ (MATATO) એ જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે પ્રવાસ અને પ્રવાસન સહયોગ વધારવા પર ભારતીય હાઈ કમિશનર મુનુ મહાવર સાથે ચર્ચા કરવામાં આવી હતી. ખરેખરમાં, જાન્યુઆરી 2024 થી, માલદીવ્સની મુલાકાતે આવતા ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેનું કારણ ત્યાંના નેતાઓ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કરવામાં આવેલી વિવાદીત ટિપ્પણી છે.7 જાન્યુઆરીના રોજ, હેશટેગ બોયકોટ માલદીવ્સ ભારતમાં ટ્રેન્ડ થયો. પીએમ મોદીએ તેમના લક્ષદ્વીપ પ્રવાસનો વીડિયો શેર કર્યો હતો. આમાં લક્ષદ્વીપ હવે સુંદરતાના મામલે માલદીવ્સને ટક્કર આપતો જોવા મળી રહ્યો છે. આ પછી લોકો સોશિયલ મીડિયા પર કહેવા લાગ્યા કે માલદીવ્સ જવા માટે લાખો રૂપિયા ખર્ચવા કરતાં લક્ષદ્વીપ જવું સારું છે.આના કારણે માલદીવ્સના મંત્રીઓ અને નેતાઓ નારાજ દેખાયા. તેણે સોશિયલ મીડિયા પર પોસ્ટમાં પીએમ મોદી માટે વાંધાજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો.

### ન્યૂઝ ફ્લેશ

## ભૂતિયા ફ્લાઈટ સ્કેન્ડલમાં ફસાઇ એરલાઈન્સ, 86000 મુસાફરો સાથે છેતરપિંડી

ભૂતિયા ફ્લાઈટ સ્કેન્ડલમાં ફસાયેલી કંતાસ એરલાઈન્સે ફ્લાઈટો કેન્સલ કર્યા બાદ લગભગ 86000 કસ્ટમર્સને ટિકિટ વેંચવી ભારે પડી છે. આ મામલે ઓસ્ટ્રેલિયન એરલાઈન્સે છેવટે ભૂલ સ્વિકારી લીધી છે અને 6.6 કરોડ ડૉલર ચુકવવા પણ તૈયાર થઈ ગઈ છે. આ ઉપરાંત એરલાઈન્સ તમામ કસ્ટમર્સને 1.3 ડૉલરનું વળતરણ પણ ચુકવશે. વાસ્તવમાં કંતાસ એરલાઈન્સે કોવિડ લોકડાઉન હટ્યા બાદ કસ્ટમર્સ સાથે છેતરપિંડી કરી હતી, જેનો એરલાઈન્સની સીઈઓ વેનેસા હડસને આ મામલે હડસને માફી માંગી છે. તેમણે કહ્યુ કે, લોકડાઉન હટ્યા બાદ અમારા દ્વારા કસ્ટમર્સ સાથે છેતરપિંડી કરવામાં આવી, અમે અમારા સ્ટાન્ડર્ડને નબળું પાડ્યું. અમારી ભુલના કારણે ઘણા કસ્ટમર્સ પરેશાન થયા. અમે આ મામલે માફી માંગીએ છીએ. (Vanessa Hudson) સ્વિકાર કર્યો છે. ઓસ્ટ્રેલિયન પ્રતિસ્પર્ધા પંચે જણાવ્યું કે, કંતાસ એરલાઈન્સે પોતાની ભુલ સ્વિકારી લીધી છે. એરલાઈન્સે સ્વિકાર કર્યો છે કે, તેણે કેન્સલ થયેલી ફ્લાઈટોની જાહેરાત આપી હતી, જેના કારણે ઘણા કસ્ટમર્સોએ બે દિવસ પહેલા ટિકિટો પણ બુક કરાવી લીધી હતી. આ મામલે હડસને માફી માંગી છે. તેમણે કહ્યુ કે, લોકડાઉન હટ્યા બાદ અમારા દ્વારા કસ્ટમર્સ સાથે છેતરપિંડી કરવામાં આવી, અમે અમારા સ્ટાન્ડર્ડને નબળું પાડ્યું. અમારી ભુલના કારણે ઘણા કસ્ટમર્સ પરેશાન થયા. અમે આ મામલે માફી માંગીએ છીએ.

## 6 મહિના પહેલા લીધો હતો રાજકિય સંન્યાસ, હવે ૫ વર્ષ બનશે રાષ્ટ્રપતિ

જોસ રાઉલ મુલીનો (૬૩ વર્ષ) મધ્ય અમેરિકીના દક્ષિણ ભાગમાં આવેલા પનામા દેશની ચુંટણીમાં વિજેતા બન્યા છે. નવાઈની વાત તો એ છે કે જેસ રાઉલ મુલીનોએ ૬ મહિના પહેલા જ રાજકારણમાંથી નિવૃતિ લેવાની જાહેરાત કરી હતી હવે તેઓ પાંચ વર્ષ માટે રાષ્ટ્રપતિ બન્યા છે. ખુદ મુલિનોને આટલા સારા પરિણામની આશા ન હતી પરંતુ તેમના સમર્થકોના ઉત્સાહના લીધે આ પરિણામ તેમની ફેવરમાં આવ્યું હતું. રવીવારની રાત્રી સુધી ૮૮ ટકા મતોની ગણતરી થઈ હતી. પનામાની ચુંટણી પ્રક્રિયા મુજબ જે ઉમેદવારને સૌથી વધુ મતો મળે છે તેને વિજેતા જાહેર કરવામાં આવે છે. મુલીનો ચુંટણી પરિણામોની શરુઆતથી આગળ રહયા હતા.

એક ઐતિહાસિક અને ઉત્તેજનાપૂર્ણ માહોલમાં યોજાયેલી ચુંટણીમાં જોસ સૌથી આગળ નિકળી ગયા હતા. પનામાનું અર્થતંત્ર ખૂબજ નાજૂક તબક્કામાંથી પસાર થઈ રહયું છે. લોકો મોટા પાયે માઈગ્રેશન કરી રહયા છે. આ બે મુદ્દા ચુંટણી પ્રચારમાં ખૂબ જ મહત્વના હતા. પનામા નહેરને અવરોધરુપ બનતો દુષ્કાળ અને ગેરકાયદેસર ખનીજ ચોરી પ્રવૃતિ પણ સમસ્યા રહી છે. પનામાની ચુંટણીમાં પૂર્વ રાષ્ટ્રપતિ રિકાર્ડો માર્ટિનેલીના સ્થાને છેલ્લી ઘડીએ જોસ ચુંટણી મેદાનમાં ઉતર્યા હતા. માર્ટિનેલીને નાણાકિય ઉચાપતના મામલે ૧૦ વર્ષની જેલની સજા થતા ચુંટણી લડવા પર પ્રતિબંધ મુકાયો હતો. રવીવારની રાત્રી સુધી ૮૮ ટકા મતોની ગણતરી થઈ હતી. પનામાની ચુંટણી પ્રક્રિયા મુજબ જે ઉમેદવારને સૌથી વધુ મતો મળે છે તેને વિજેતા જાહેર કરવામાં આવે છે. મુલીનો ચુંટણી પરિણામોની શરુઆતથી આગળ રહયા હતા.

# બોઈંગનું સ્ટારલાઇનર મિશન ટળ્યું:ભારતીય મૂળની સુનિતા વિલિયમ્સ સ્પેસ સ્ટેશન જવાની હતી

એજન્સી વૉશિંગ્ટન તા 07

ભારતીય મૂળની અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોરને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર લઈ જનાર બોઈંગનું સ્ટારલાઈનર મિશન મોકૂફ રાખવામાં આવ્યું છે. તે આજે સવારે 8:04 વાગ્યે ફ્લોરિડામાં કેપ કેનાવેરલ સ્પેસ ફોર્સ સ્ટેશનથી ULA ના એટલાસ V રોકેટથી લોન્ચ કરવાનું હતું. રોકેટના ઓક્સિજન રિલીફ વાલ્વમાં સમસ્યાને કારે આ મિશન મોકૂફ રાખવામાં આવ્યું છે. મિશન ટળ્યા બાદ અવકાશયાત્રીઓ ક્રૂ ક્વાર્ટર્સમાં પાછા ફર્યા છે. હવે પછીનું લોન્ચિંગ ક્યારે થશે તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. જો આ મિશન સફળ થશે તો ઈતિહાસમાં પ્રથમ વખત અમેરિકા પાસે અવકાશયાત્રીઓને સ્પેસમાં મોકલવા માટે બે સ્પેસક્રાફ્ટ હશે. હાલમાં, અમેરિકા પાસે માત્ર એલોન મસ્કની કંપની સ્પેસએક્સનું ડ્રેગન સ્પેસક્રાફ્ટ જ છે. ડાબેથી જમણે, નાસાના અવકાશયાત્રી બૂચ વિલ્મોર અને સુનિતા વિલિયમ્સ યુનાઈટેડ લોન્ચ એલાયન્સ એટલાસ V રોકેટ અને બોઈંગના સ્ટારલાઈનર સ્પેસક્રાફ્ટ સાથે પોઝ આપે છે. ફોટો ક્રેડિટ: નાસા ડાબેથી જમણે, નાસાના અવકાશયાત્રી બૂચ વિલ્મોર અને સુનિતા વિલિયમ્સ યુનાઈટેડ લોન્ચ એલાયન્સ એટલાસ V રોકેટ અને બોઈંગના સ્ટારલાઈનર સ્પેસક્રાફ્ટ સાથે પોઝ આપે છે. ફોટો ક્રેડિટ: નાસા સ્ટારલાઈનની પૃથ્વીથી સ્પેસ સ્ટેશન અને પૃથ્વી પર પાછા જવાની યાત્રાને 9 પોઈન્ટ્સમાં જાણો એટલાસ V રોકેટ લોન્ચ થશે. 15 મિનિટ પછી તે સ્ટારલાઈનર અવકાશયાન રિલીઝ કરશે. અવકાશયાનનું એન્જિન ફાયર થશે અને તે સ્પેસ સ્ટેશનની લગભગ 24 કલાકની સફર માટે ભ્રમણકક્ષામાં લોન્ચ થઈ જશે. સ્ટારલાઈનર હાર્મની મોડ્યુલના ફોરવર્ડ પોર્ટ પર ડોક કરશે. તેના સ્ટે દરમિયાન, ક્રૂ સ્ટારલાઈનરની અંદર જશે, હેચ બંધ કરશે અને દર્શાવશે કે ભાવિ કાટમાળ સાથે અથડામણની રિસ્ક જેવી સ્થિતિમાં અવકાશયાન 'સુરક્ષિત આશ્રયસ્થાન' તરીકે કામ કરી શકે છે. વિલ્મોર અને વિલિયમ્સ પૃથ્વી પર પાછા ફરતા પહેલાં લગભગ એક અઠવાડિયા સુધી એક્સપેડિશન 71 ક્રૂ સાથે રહેશે અને કામ કરશે. અનડૉકિંગ કર્યા પછી, સ્ટારલાઈનરના મેન્યુઅલ પાયલોટિંગનું મૂલ્યાંકન કરવામાં આવશે. ક્રૂ અનડૉકિંગથી લઈને લેન્ડિંગ સુધી લગભગ છ કલાક પસાર કરશે. આ વર્ષે જાન્યુઆરીમાં બોઈંગ 737 સિરીઝના અન્ય એરક્રાફ્ટ મેક્સ-9નો દરવાજો 16 હજાર ફૂટની ઊંચાઈથી તૂટીને પડ્યો હતો. જેના કારણે ફરી એકવાર બોઈંગ પ્લેનમાં સુરક્ષાને લઈને સવાલો ઊઠવા લાગ્યા છે.




## અવકાશયાન 28,000 કિમી/કલાકની ઝડપે ધીમું થવાનું શરૂ કરશે

પૃથ્વીના વાતાવરણમાં રીએન્ટ્રી દરમિયાન, . આ સમય દરમિયાન ક્રૂ 3.5 ગ્રામ સુધીનો ભાર અનુભવી શકે છે. રીએન્ટ્રી પછી, પેરાશૂટ સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે અવકાશયાનની ફોરવર્ડ હીટ શિલ્ડ દૂર કરવામાં આવશે. બે ડ્રેગ અને ત્રણ મુખ્ય પેરાશૂટ સ્ટારલાઈનરને વધુ ધીમું કરશે. બેઝ હીટ શીલ્ડ ડ્યુઅલ એરબેગ સિસ્ટમને ખુલ્લું પાડશે. 6 પ્રાયમરી એરબેગ્સ કેપ્સ્યુલના આધાર પર ડિપ્લોય થશે. આ લેન્ડિંગ દરમિયાન કુશનની જેમ કામ કરશે. લેન્ડિંગ દરમિયાન અવકાશયાનની ગતિ લગભગ 6 કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. સંભવિત ઉતરાણ સ્થળોમાં એરિઝોનાનું વિલ્કોક્સ અને યુટાનું ડગવે પ્રોવિંગ ગ્રાઉન્ડનો સમાવેશ થાય છે. કેલિફોર્નિયામાં એડવર્ડ્સ એરફોર્સ બેઝ ઈમર્જન્સી લેન્ડિંગ સાઈટ તરીકે ઉપલબ્ધ છે. ટચડાઉન પછી, ક્રૂ પેરાશૂટ તૈનાત કરશે, અવકાશયાન પાવર બંધ કરશે અને સેટેલાઈટ ફોન કોલ દ્વારા મિશન કંટ્રોલ લેન્ડિંગ અને રિકવરી ટીમોનો સંપર્ક કરશે.

## શું પ્રાઈવેટ અવકાશયાત્રીઓ પણ સ્ટારલાઇનરમાં જશે?

શા માટે નાસાને પ્રાઈવેટ પ્લેયર્સની જરૂર હતી? જવાબ: નાસાને અવકાશ ક્ષેત્રમાં પ્રાઈવેટ કંપનીઓના પ્રવેશથી અદ્યતન ટેક્નોલોજી વિકસાવવામાં મદદ મળી છે. આનાથી મિશન ખર્ચમાં પણ ઘટાડો થયો છે. 2011માં સ્પેસ શટલ પ્રોગ્રામ બંધ થયા પછી, યુએસ ISS સુધી પહોંચવા માટે રશિયાના સોયુઝ અવકાશયાન પર નિર્ભર બની ગયું હતું. જોકે, સ્પેસએક્સ જેવી પ્રાઈવેટ પ્લેયર્સની એન્ટ્રી સાથે તેની રશિયા પરની નિર્ભરતા ઘટી છે. સ્પેસએક્સના માલિક ઈલોન મસ્ક તેના ડ્રેગન અવકાશયાન સાથે. નાસા હાલમાં આ અવકાશયાન સાથે અવકાશયાત્રીઓને સ્પેસ સ્ટેશન પર મોકલે છે. જવાબ: બોઈંગ તેના 737 મેક્સ વિમાનોને લઈને વિવાદોમાં છે. ઑક્ટોબર 2018માં તેનો ઉપયોગ શરૂ થયો તેના એક વર્ષ બાદ તે અકસ્માતનો શિકાર બન્યું હતું. ઈથિયોપિયા એરલાઈન્સના કાફલાનો ભાગ બનેલું આ પ્લેન ટેક ઓફ કર્યાના 13 મિનિટ બાદ ક્રેશ થયું હતું. જેમાં 189 લોકોના મોત થયા હતા. 2019માં વધુ એક અકસ્માત થયો હતો, જેમાં 157 લોકોના મોત થયા હતા.

## મુંબઈ એરપોર્ટ પર રૂ. 18 કરોડના સોનાની દાણચોરીમાં ઝડપાયા મહિલા રાજદૂત

ઝાકિયા વર્દાકે કહ્યું, 'હું અનેક અંગત હુમલાઓ અને માનહાનિના કારણે રાજીનામું આપી રહી છું. વર્તમાન પરિસ્થિતિએ, મારી ભૂમિકાને અસરકારક રીતે નિભાવવાની મારી ક્ષમતા પર ગંભીર અસર કરી છે. ભારતમાં સૌથી વરિષ્ઠ અફઘાન રાજદ્વારીએ ગઈકાલ શનિવારે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. વાસ્તવમાં તેને ગયા મહિને મુંબઈ એરપોર્ટ પરથી અટકાયતમાં લેવામાં આવી હતી. ઝાકિયા વર્દાક પર દુબઈથી અંદાજે $2.2 મિલિયનની કિંમતનું 25 કિલોગ્રામ સોનાની દાણચોરી કરવાનો પ્રયાસ કરવાનો આરોપ હતો. આવા સમાચારો વચ્ચે આખરે તેમણે ગઈકાલ શનિવારે પોતાનું પદ છોડી દીધું હતું. વર્દાકને ત્રણ વર્ષ પહેલા મુંબઈમાં કોન્સલ જનરલ તરીકે ભારત મોકલવામાં આવી હતી. તે ગયા વર્ષના અંતથી નવી દિલ્હીમાં કાર્યકારી રાજદૂત તરીકે કામ કરી રહી હતી.

ઝાકિયા વર્દાકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પોસ્ટ કર્યું, વર્તમાન પરિસ્થિતિએ મારી ભૂમિકાને અસરકારક રીતે નિભાવવાની મારી ક્ષમતા પર ગંભીર અસર કરી છે. તેણે પોતાની પોસ્ટમાં વધુમાં કહ્યું કે મેં આ નિર્ણય ખૂબ જ અફસોસ સાથે લીધો છે. ગયા વર્ષથી હું અંગત હુમલા અને બદનક્ષીનો સામનો કરી રહ્યી છું. આવું માત્ર મારી સાથે જ નહીં, મારા પરિવારના નજીકના લોકો સાથે પણ થયું છે.

DRI અધિકારીઓને વિશ્વસનીય માહિતી મળી હતીઅહેવાલો અનુસાર, ઝાકિયા વર્દાકની ધરપકડ કરવામાં આવી નથી, કારણ કે તેને રાજદ્વારી પ્રતિરક્ષા છે. સામાન્ય રીતે, જો દાણચોરીના સોનાની કિંમત રૂ. 1 કરોડથી વધુ હોય, તો શંકાસ્પદની ધરપકડ કરવામાં આવે છે અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવે છે. વર્દાક પાસે ઈસ્લામિક રિપબ્લિક ઓફ અફઘાનિસ્તાન દ્વારા ઈસ્યું કરાયેલ રાજદ્વારી પાસપોર્ટ છે.

## નેતન્યાહૂ અલ-જજીરા નેટવર્ક બંધ કરાવશે : કહ્યું 'તે હમાસનું મુખપત્ર છે'

ઝરાયેલી વડાપ્રધાન કહે છે : દેશને નુકસાન કરે તેવી ચેનલ્સ બંધ કરવા કેબિનેટે નિર્ણય લીધો છે તેલઅવીવ : ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામીન નેતન્યાહૂએ યુદ્ધ બંધ કરવા માટેની હમાસની ઈઝરાયલ જો હમાસ બંધકોને છોડવા તૈયાર હોય તો અમે યુદ્ધ બંધ કરવા તૈયાર છીએ.' તે ઈસ્લામિક જૂથ (હમાસ) સત્તા ઉપર જ ચાલુ રહે અને ઈઝરાયલ સામે સતત ભય બની રહે. આ ઉપરાંત, નેતન્યાહૂએ કટાર સ્થિત અલ જજીરા ન્યૂઝ નેટવર્ક દેશમાં બંધ કરવા નિર્ણય લીધો છે. તેમણે કહ્યું છે કે, આગામી ૪૫ દિવસ સુધી તે નેટવર્ક બંધ કરવા અમારી કેબિનેટે નિર્ણય લીધો છે. આ અંગે પોતાના તીવ્ર પ્રતિભાવો આપતાં પેલેસ્ટાઈની સરકારે નેતન્યાહૂના આ પગલાને ડેન્જરસ કહ્યું છે. તે ઉપરાંત અલ જજીરાના સંવાદદાતાઓએ અને અન્ય પત્રકારોએ પણ ઈઝરાયલનાં આ પગલાને વખોડી કાઢ્યું છે. અલ જજીરાના એક સંવાદદાતાએ કહ્યું હતું કે આથી દુનિયા સમક્ષ ગાઝા પટ્ટી અને વેસ્ટ બેન્કની સાચી પરિસ્થિતિની દુનિયાને જાણ નહીં થઈ શકે. આમ છતાં રવિવારે નેતન્યાહૂના નેતૃત્વ નીચે મળેલી ઈઝરાયલની કેબિનેટે લીધેલો તે નિર્ણય નહીં જ ફેરવવા નેતન્યાહૂ મક્કમ છે. આ નિર્ણય અંગે કેટલાક નિરીક્ષકોનું કહેવું છે કે, નેતન્યાહૂનો આ નિર્ણય હમાસ-ઈઝરાયલ શાંતિ મંત્રણામાં અવરોધ ઊભો કરશે તે નિશ્ચિત નીચેના વેસ્ટ બેંકમાં ઈઝરાયલના લશ્કરી હુમલા દરમિયાન નિધન થયા પછી ઈઝરાયલ અને અલ જજીરા વચ્ચેના સંબંધો એકદમ બગડી ગયા છે.

## ઈઝરાયેલની પૂર્વ રાફા ઉપર હુમલાની તૈયારી લોકોને સુરક્ષિત સ્થાનો પર જવા કહી દીધું

તેલઅવીવ, નવી દિલ્હી : ઈઝરાયલે પૂર્વ રાફા ઉપર હુમલો કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સાથે નાગરિકોને સુરક્ષિત સ્થળો ઉપર પહોંચી જવા જણાવી દીધું છે. હમાસે કેરેમ શલોમ ક્રોસિંગ ઉપર હુમલો કરી ૩ ઈઝરાયલી સૈનિકોને મારી નાખ્યા છે. તેનું વેર વાળવા ઈઝરાયલે જવાબી કાર્યવાહીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ઈઝરાયલ ડીફેન્સ (આઈડીએફ) તરફથી કહેવામાં આવ્યું છે કે રાફામાં હુમલો પ્રમાણમાં મર્યાદિત રહેશે.

હમાસના હુમલા પછી ઈઝરાયલે ચેક પોસ્ટ બંધ કરી દીધું છે. ગાઝા યુદ્ધ અંગે કેરોમા થયેલી વિડીયો કોન્ફરન્સ અનિર્ણિત રહી. હવે હમાસના પ્રતિનિધિઓ મંત્રણા માટે અને સલાહ-સૂચન માટે કટાર જવાના છે. હમાસનાં પ્રતિનિધિ મંડળે મધ્યસ્થીઓના પ્રસ્તાવો પર પ્રતિક્રિયા આપી હતી. ઈજીપ્ત અને કટારના પ્રતિનિધિઓ સાથે પણ ચર્ચા કરી હતી. તે પછી રવિવારે સાંજે તેમણે કેરો છોડી કટાર જવા નિર્ણય લીધો, અને કટાર સ્થિત તેમના નેતાઓ સાથે પરામર્શ કરવા પણ નિશ્ચય કર્યો. હીનાઓથી ગાઝામાં ચાલી રહેલા સંઘર્ષમાંથી માર્ગ કાઢવા, મંત્રણાનો નવો દોર શનિવારથી કેરોમાં શરૂ થયો પરંતુ ઈઝરાયલે તેનો કોઈ પ્રતિનિધિ મોકલ્યો ન હતો. ઈઝરાયલ તે જોવા માગતું હતું કે અમેરિકા પણ જેમાં સામેલ છે, તે મધ્યસ્થીઓનો છેલ્લામાં છેલ્લો પ્રસ્તાવ હમાસ સ્વીકારે છે કે કેમ ? વાસ્તવમાં તે પ્રસ્તાવમાં ઈઝરાયલ હમાસ વચ્ચે બહુસ્તરીય સમાધાન થવાની આશા વ્યક્ત કરાઈ હતી.

## ફ્રાન્સમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગનો વિરોધ:કાફલાના માર્ગ પર 'ફ્રી તિબેટ'ના બેનરો લાગ્યા

પેરિસ તા 07

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ 2 દિવસની ફ્રાંસની મુલાકાતે છે. દરમિયાન સોમવારે પેરિસમાં તિબેટીયનોએ તેમની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. તિબેટની આઝાદીની માગણી કરતા વિરોધીઓએ રાષ્ટ્રપતિ શી જિનપિંગના કાફલાને 'ફ્રી તિબેટ'ના ધ્વજ બતાવ્યા. આ ઉપરાંત ઉઈગુર મુસ્લિમ સમુદાયે પણ જિનપિંગ પર માનવાધિકારનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવીને તેમની ફ્રાંસ મુલાકાતનો વિરોધ કર્યો હતો. હકીકતમાં, 23 મે 1951ના રોજ ચીને તિબેટ પર બળજબરીથી કબજો જમાવ્યો હતો. ત્યારથી તિબેટના લોકો સતત અલગ અલગ પ્લેટફોર્મ પરથી તેનો વિરોધ કરી રહ્યા છે. જિનપિંગ 2019 પછી પ્રથમ વખત યુરોપની મુલાકાતે છે. આ મુલાકાતના વિરોધમાં સ્ટુડન્ટ્સ ફોર અ ફ્રી તિબેટ (SFT) નામની સંસ્થાએ ચીન વિરુદ્ધ બેનર અને ઝંડા ફરકાવ્યા હતા. આ પછી પોલીસે બે કાર્યકરોની અટકાયત કરી હતી.હ્યુમન રાઈટ્સ વોચ (HRW) એ ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને જિનપિંગ સાથે ઉઈગુર, તિબેટીયન અને હોંગકોંગના લોકોની સ્વતંત્રતા અને અધિકારોનો મુદ્દો ઉઠાવવાની માગ કરી છે. તેમજ તે લોકોને જેલમાંથી મુક્ત કરવા માટે કહેવામાં આવ્યું છે, જેઓ પોતાના અધિકારો માટે અવાજ ઉઠાવવા માટે વર્ષોથી ચીનની જેલમાં બંધ છે. તિબેટીયન લોકોએ મેક્રોનને કહ્યું કે તેમણે ચીનની બોર્ડિંગ સ્કૂલોમાં તિબેટીયન બાળકોના જુલમ અંગે જિનપિંગને જવાબ આપવા માટે કહેવું જોઈએ. તે જ સમયે, ઘણા ફ્રેન્ચ નેતાઓ યુક્રેન યુદ્ધમાં રશિયાને સમર્થન આપવા બદલ જિનપિંગનો વિરોધ કરશે.જિનપિંગ ફ્રાન્સ અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોના 60 વર્ષની ઉજવણી કરવા પહોંચ્યા હતા. આ મુલાકાત બાદ તેઓ હંગેરી અને સર્બિયાની પણ મુલાકાત લેશે. ફ્રાન્સના વડાપ્રધાન ગેબ્રિયલ અટાલે રવિવારે (5 મે) પેરિસ એરપોર્ટ પર જિનપિંગ અને તેમની પત્ની પેંગ લિયુઆનનું સ્વાગત કર્યું. જિનપિંગ આજે એલસી પેલેસ ખાતે યુરોપિયન કમિશનના ચીફ ઉર્સુલા વોન ડેર લેયેન અને મેક્રોન સાથે રાજ્ય ભોજ કરશે.

# કેનેડા પોતે જ ગેંગસ્ટાર્સની ફોજ ઉભી કરે છે : તે ડાકુઓને ખાલિસ્તાન, પાકિસ્તાન સાથે સંબંધ છે

કેનેડા પોતે જ ગેંગસ્ટાર્સની ફોજ ઉભી કરે છે : તે ડાકુઓને ખાલિસ્તાન, પાકિસ્તાન સાથે સંબંધ છે - ખાલિસ્તાની નિજ્જરની હત્યા અંગે ૩ ભારતીયો ગિરફતાર : સ્ટુડન્સ વીઝા પર કેનેડા ગયેલા તે ત્રણે ક્રિમિનલ બેકગ્રાઉન્ડ ધરાવે છે ઓટાવા : ખાલીસ્તાનવાદી નેતા હરદીપસિંહ નિજ્જરની હત્યા કેસમાં ૩ ભારતીય સંદિગ્ધોની ધરપકડ કરવામાં આવી છે. આ ત્રણે 'સ્ટુડન્ટ વીસા' ઉપર કેનેડા પહોંચ્યા હતા. આ ત્રણે કમલપ્રીત સિંઘ, કરતપ્રીત સિંઘ અને કરણ સિંઘ બ્રાર ક્રિમીનલ બેકગ્રાઉન્ડ ધરાવે છે. કમલપ્રીત જલંધરનો રહેવાસી છે. કરતપ્રીતનાં કુટુમ્બીજનો ડ્રાઈવરનું કામ કરે છે. કરન બ્રાર પણ સ્ટુડન્ટ વીસા પર કેનેડા ગયો હતો. કેનેડા કહે છે કે તે ત્રણેની ધરપકડ પછી તે હત્યા સાથે ભારતના કનેકશનની પણ તપાસ આવે છે. પરંતુ ભારતને કોઈ નક્કર સાબિતી કેનેડા હજી સુધી આપી શક્યું નથી. બીજી તરફ જો સી. એન.એન. ન્યૂઝ એજન્સીનો રીપોર્ટ માનીએ તો (કેનેડાના) જાસૂસી વિભાગે આપેલી માહિતી પ્રમાણે કેનેડાના ખાલીસ્તાની સમર્થકો, પાકિસ્તાનની ખતરનાક ઈન્ટર સર્વિસ ઈન્ટેલિજન્સ (આઈએસઆઈ) સાથે મળીને કામ કરે છે,

અને અપરાધી બેકગ્રાઉન્ડ ધરાવતા લોકોને કેનેડાના વીઝા અપાવે છે. ઓછામાં ઓછા એવા ૭ લોકો છે કે જેઓ પંજાબમાં ગુનાઓ કરી કેનેડા નાસી ગયા છે. આ બધા ઉપર ખંડણી લેવાના, ડ્રગ તસ્કરીના, હત્યા કે હત્યાના પ્રયાસોના તથા આતંકી ગતિવિધિઓમાં સામેલ થવાના કે તેને સાથ આપવાના આરોપો છે.

નિજ્જર હત્યામાં સંડોવાયેલો મનો પહેલો ગેંગસ્ટર લખવીર સિંહ લાંડા, પંજાબનાં બરીકેમો વતની છે. ૨૦૧૭માં તે કેનેડા નાસી ગયો હતો. તેની ઉપર




ખંડણી ઉઘરાવવાના, ડ્રગ તસ્કરીના અને ટાર્ગેટ કીલીંગના આરોપો હતા. તે 'બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ'નો સભ્ય છે. તેણે રોકેટ લોન્ચર દ્વારા (ભારત સ્થિત) પંજાબ પોલીસ ઈન્ટેલિજન્સ હેડક્વાર્ટર પર હુમલો પણ કરી ચુક્યો છે. બીજું નામ રણદીપ સિંઘ ઉર્ફે 'રમણ-જજ'નું છે તે જયપાલ ભુલ્લર ગેંગ સાથે જોડાયેલો છે તે 'ખાલીસ્તાન ટાઈગર ફોર્સ'નો સભ્ય છે. આ રીતે ચરણજિત સિંહ ઉર્ફે રીન્કુ ગુરૂવિંદર સિંઘ ઉર્ફે બાળા ડલ્લા, અર્શદીપ સિંઘ, ઉર્ફે અર્શ ડલ્લા, સતવીર સિંહ અને સ્નોવીર સિંહ ઉર્ફે ઢિલ્લો, તે સર્વે પંજાબના એવા ગેંગસ્ટર્સ છે કે જેઓ પોલીસથી છુપાતા ફરતા હતા અને પછીથી કેનેડા ચાલ્યા ગયા.

આ કાર્યવાહીમાં તેમને પાકિસ્તાનની લશ્કરી જાસૂસી સંસ્થા ઈન્ટર સર્વિસ ઈન્ટેલિજન્સ (આઈએસઆઈ) તથા કેનેડામાં રહેતા ખાલીસ્તાની સમર્થકો સાથ આપે છે. આ ગેંગસ્ટર્સ ભારતીય કાનૂનના પંજામાંથી છૂટી ગયા છે, પરંતુ ત્યાં અપરાધિક ગતિવિધિઓમાં જોડાયેલા રહે છે.

## પુતિનના ખતરનાક ઈરાદા : સેનાઓને કહ્યું પરમાણુ શસ્ત્રો સાથે અભ્યાસ શરૂ કરો

મોસ્કો : છેલ્લાં બે વર્ષથી પણ વધુ સમયથી યુક્રેન યુદ્ધ ચાલી રહ્યું છે. હવે રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિનના ખતરનાક ઈરાદાઓ બહાર આવ્યા છે. તેણે યુક્રેનની સીમા પર રહેલી ભૂમિસેના અને નૌસેનાના ઓફીસર્સ કમાન્ડીંગને પરમાણુ શસ્ત્રો સાથે યુદ્ધાભ્યાસ કરવા જણાવી દીધું છે, સહજ રીતે જ આ આદેશ આપતાં પૂર્વે પ્રમુખ પુતિને તેની ત્રણે સેનાઓના વડાઓ સાથે મંત્રણા કરી જ લીધી હોય. રશિયાનાં સંરક્ષણ મંત્રાલયે સોમવારે આ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પ્રમુખે પરમાણુ શસ્ત્રો કેવી રીતે વાપરવા તે માટે પાકી જાણકારી મેળવવા માટે તે ઓફીસર્સ કમાન્ડીંગ તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓને જણાવી દીધું છે. પુતિને આ નિર્ણય તેટલા માટે લીધો છે કે તેની સેનાઓના વડાઓએ જણાવી દીધું છે કે, રશિયાને પશ્ચિમના દેશો તરફથી પણ ખતરો છે. તેથી સેનાભ્યાસમાં પરમાણુ શસ્ત્રો તૈનાત કરી યુદ્ધમાં ક્યા મોર્ચા ઉપર તેનો કઈ રીતે અને ક્યારે ઉપયોગ કરવો તેની પૂરેપૂરી સમજણ મેળવવી જોઈએ. રશિયન સેનાના ટોચના અધિકારીઓએ કહ્યું હતું કે, આ દ્વારા અમે તે દર્શાવવા માંગીએ છીએ કે અમે અમારી અખંડતા તત્પર અને તૈયાર છીએ. રશિયન સેનાએ કહ્યું કે પશ્ચિમના દેશો તરફથી પણ અમને ખતરો છે.

## મતદાનનો વિડિયો સોશિયલ મિડીયામાં વાયરલ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત આજે બનાસકાંઠા જિલ્લામાં મતદાન હતું. જે દરમિયાન મતદાન કરતો એક વિડિયો કોઈ અજાણ્યા ઈસમે સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. જે વિડિયોને ગંભીરતાથી લઈ ચુંટણી પંચની માર્ગદર્શિકા ભંગ કરવા મામલે અજાણ્યા ઈસમ સામે વાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. ભારતના ચુંટણી પંચની માર્ગદર્શિકા મુજબ મતદાન મથકમાં મતદારોને મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ છે. કોઈ અસામાજિક તત્ત્વ દ્વારા ઇ.વી.એમ. મશીનમાં મતદાન કરતો વિડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કરાયો હતો.

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 08 MAY-2024
AHMEDABAD

## ક્ષત્રિય આગેવાનોનો દાવોઃ ભાજપ 7 બેઠકો ગુમાવે છે

ગુજરાત લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન રાજકોટના ઉમેદવાર પરશોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય સમાજને લઈને નિવેદન થયા બાદ રોષ ફાળી નીકળ્યો હતો. ભાજપ વિરુદ્ધમાં મતદાન કરવા પણ આહવાન કરવામાં આવ્યું હતું. આજે લોકસભા ચૂંટણીનું મતદાન સંપન્ન થયું છે. ત્યારે ક્ષત્રિય સમાજની સંકલન સમિતી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ક્ષત્રિય સમાજ સહિત અન્ય સમાજના પ્રભુત્વવાળા વિસ્તારોમાં 80 ટકા ઉપરાંત મતદાન થયું છે. અમે આહવાન કર્યું હતું તેને ઝીલી લેવામાં આવ્યું છે.ભાજપ 7 બેઠકો ગુમાવે છે અને ચારમાં રસાકસી આવશે.



### ચાર કેન્દ્રીય મંત્રી સહિત 266 ઉમેદવારનું ભાવિ EVMમાં કેદ

### મતદાન દરમિયાન 3 કર્મચારીના મોત

# ગુજરાતની 25 બેઠક પર મતદાન પૂર્ણ

## 57 ટકા જેટલું મતદાન થયું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

લોકસભા ચૂંટણી 2024 માટે આજે ગુજરાતની 25 સીટ પર મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જ્યારે સુરત સીટ બિનહરિફ થઈ જતા ભાજપને ફાળે ગઈ છે. આમ હવે 25 સીટ પર ભાજપ અને ઈન્ડિયા ગઠબંધન વચ્ચે જંગ જામ્યો છે. આ ઉપરાંત પોરબંદર, વિજાપુર, ખંભાત, વાઘોડિયા અને માણાવદર એમ 5 વિધાનસભા સીટની પેટાચૂંટણી પણ યોજાઈ છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી માટે કુલ 266 ઉમેદવારો તથા વિધાનસભાની પેટાચૂંટણી માટે 24 ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાઈ રહી છે. આ 25 લોકસભા સીટ માટે ભાજપના 25, કોંગ્રેસના 23 અને આપના 2 ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે. આ ઉમેદવારોમાં રૂપાલા, અમિત શાહ, દેવુસિંહ ચૌહાણ અને માંડવિયા 4 કેન્દ્રીય મંત્રી છે. તેમજ નવસારી સીટ પરથી ભાજપના પ્રદેશ પ્રમુખ પાટીલ ઉમેદવાર છે. આમ 4 કેન્દ્રીય મંત્રી અને એક પ્રદેશ પ્રમુખનું ભાવિ ઈવીએમમાં કેદ થયું છે. શાંતિપૂર્ણ માહોલમાં વોટિંગ પૂર્ણ થઈ ગયું છે.



### જાફરાબાદ ની સરકારી પ્રાથમિક સાગર શાળામાં ચૂંટણીમાં ફરજ બજાવતા મહિલા કર્મચારીનું હાર્ટએટેક આવતા મૃત્યુ નિપજ્યું

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

લોકસભા ચૂંટણી દરમિયાન જાફરાબાદ ખાતે આવેલ પ્રાથમિક સાગર શાળામાં ચૂંટણીમાં ફરજ બજાવતા મહિલા કર્મચારી કૌશિકા બેન બાબરીયા અચાનક પડી જતાં તેઓની સારવાર અર્થે એમ્બ્યુલન્સ મારફતે રાજુલા સરકારી હોસ્પિટલમાં લઈ જતા ત્યાંના ફરજ પરના તબીબે કૌશિકા બેનને મૃત જાહેર કર્યો હતા ડોક્ટર દ્વારા જણાવાયું હતું કે તેઓનું મૃત્યુ હાર્ટએટેક આવતા થયું છે. આ મહિલા કર્મચારી નું મૃત્યુના સમાચાર મળતાં ઘટના સ્થળે એસપી સહિત નો પોલીસ કાફલો ઘટના સ્થળે આ મહિલા કર્મચારી લોકસભાની ચૂંટણીમાં મતદાન મથકમાં ફરજ પર હતા તેઓનું હાર્ટએટેક થી મૃત્યુ થતાં કર્મચારીઓ માં ચોકનું મોજું ફરી વળ્યું હતું.

### EVM સંદર્ભે 11 અને બોગસ વોટિંગની 18 ફરિયાદો મળી

EVMમાં ખામીઓની ફરિયાદ મળી ત્યાં તુરંત જ ઈવીએમ બદલી દેવામાં આવ્યા હતા. આજે મતદાનના દિવસે 186 જેટલી ફરિયાદો મળી હતી. ઓફિસ ખાતેના કન્ટ્રોલ રૂમાં EVM સંદર્ભે 11 અને બોગસ વોટિંગ અંગેની 18 ફરિયાદો મળી હતી. આજના દિવસે 6 જેટલી FIR કરવામાં આવી છે. જ્યારે મતદાન ઓળખ ભંગની બે ફરિયાદ કરવામાં આવી છે. ગાંધીનગરના વાસણ ગામની ફરિયાદ મળી હતી.વાસણમા એક વ્યક્તિએ ફેવિકવિક લગાવી દીધું હતું. જેથી તે ઉમેદવારનું બટન પ્રેસ થતું ન હતું. પ્રાથમિક માહિતી પ્રમાણે ભરૂચના કેસર, સુરતના સણધરા તેમજ બનાસકાંઠાના ભાખરી ગામે ગ્રામજનોએ મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હોવાની જાણકારી મળી છે. જ્યારે માંગરોળના ભાટગામ તથા બાલાસિનોરના બોડોલી અને પુંજરા ગામે આંશિક બહિષ્કારની જાણકારી મળી છે. પારદર્શક ચૂંટણી યોજવાના નિર્ધાર સાથે રાજ્યના 25,000 જેટલા મતદાન મથકો ખાતેથી વૅબ કાસ્ટીંગ કરવામાં આવ્યું હતું.

## 2024ની ચૂંટણીમાં સીટ વાઈઝ વોટિંગ

| સીટ | 2019 | 2024 |
|---|---|---|
| કચ્છ | 62% | 52.34 |
| બનાસકાંઠા | 65% | 64.48 |
| પાટણ | 62% | 55 |
| મહેસાણા | 66% | 55.23 |
| સાબરકાંઠા | 68% | 61.14 |
| ગાંધીનગર | 66% | 56.3 |
| અમદાવાદ ઈસ્ટ | 62% | 49.95 |
| અમદાવાદ વેસ્ટ | 61% | 50.29 |
| સુરેન્દ્રનગર | 58% | 53.81 |
| રાજકોટ | 63% | 58.28 |
| પોરબંદર | 57% | 50.31 |
| જામનગર | 61% | 53.13 |
| જુનાગઢ | 61% | 57.42 |
| અમરેલી | 56% | 46.11 |
| ભાવનગર | 59% | 48.59 |
| આણંદ | 67% | 62.2 |
| ખેડા | 61% | 53.83 |
| પંચમહાલ | 62% | 54.7 |
| દાહોદ | 66% | 54.87 |
| વડોદરા | 68% | 60.87 |
| છોટા ઉદેપુર | 74% | 64.69 |
| ભરુચ | 73% | 64.18 |
| બારડોલી | 74% | 61.01 |
| નવસારી | 66% | 56.09 |
| વલસાડ | 75% | 68.66 |
| સુરત | 65% | બિનહરિફ |

# અમદાવાદમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ

### મતદાન મથકમાં EVM સીલ કરાયા, પશ્ચિમમાં 50.29 ટકા મતદાન



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ સહિત ગુજરાતમાં લોકોએ લોકશાહીનો મહાપર્વ મનાવ્યો. અમદાવાદની બે લોકસભા બેઠક એટલે કે પૂર્વ બેઠક અને પશ્ચિમ બેઠક ઉપર વહેલી સવારથી જ લોકો મતદાન કરવા ઉમટી પડ્યા હતા. ત્યારે સાંજે પાંચ વાગતા સુધીમાં અમદાવાદ પૂર્વ બેઠક પર 49.95 ટકા અને પશ્ચિમ બેઠક ઉપર 50.29 ટકા મતદાન થયું છે. અમદાવાદ પૂર્વ બેઠક ઉપર ભાજપના ઉમેદવાર હસમુખ પટેલ અને કોંગ્રેસના ઉમેદવાર હિંમતસિંહ પટેલે ઉમેદવારી નોંધાવી હતી. જ્યારે પશ્ચિમ બેઠક પર ભાજપના ઉમેદવાર દિનેશ મકવાણા અને કોંગ્રેસના ઉમેદવાર ભરત મકવાણા ઉમેદવારી નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ પૂર્વ બેઠક એટલે ભાજપનો અભેદ્ય કિલ્લો જ્યાં વર્ષ 1989થી આજ સુધી, એટલે કે છેલ્લાં 35 વર્ષોથી અહીં ભાજપના ઉમેદવારો જ વિજયી થયા છે.



### ઉનાળો અને વેકેશનના કારણે ચાર ટકા જેટલું મતદાન ઓછું થયું: પાટીલ

ગુજરાતમાં યોજાયેલા ત્રીજા તબક્કાના મતદાન અંગે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, લોકશાહીનું પર્વ એટલે લોકસભાની ચૂંટણીમાં 25 સીટો પર મતદાન આજે પૂર્ણ થયું છે. એક પણ અનિછીય બનાવ બન્યો નહીં. મતદાતા ભાઈ-બહેનો સને કાર્યકરોએ પણ મદદ કરી હતી. લોકશાહીને મજબૂત કરવાનો સૌ લોકોએ પ્રયત્ન કર્યો છે. જે લોકોના સાથ સહકારની જરૂર હતી,તે સફળ થયું છે. હજી સુધી તમામ સીટોનું કેટલા ટકા મતદાન થયું તેનું ચિત્ર સ્પષ્ટ થયું નથી. ઉનાળો અને વેકેશનના કારણે ત્રણથી ચાર ટકા જેટલું મતદાન ઓછું થયું છે, આમ છતાં સૌ મતદાતાઓનો આભાર માનું છું. મીડિયાએ પણ નિષ્પક્ષ રીતે લોકો સમક્ષ વાત મૂકી છે. સૌ લોકોએ લાઇનમાં ઉભા રહી મતદાન કર્યું તે બદલ આભાર વ્યક્ત કરું છું.

## નારણપુરા સબ ઝોનલ ઓફિસ મતદાન મથક ખાતે સહપરિવાર સાથે અમિત શાહે મતદાન કર્યું હતુ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગાંધીનગર લોકસભા ક્ષેત્રના ભાજપા ઉમેદવાર અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહે દેશમાં યોજાઈ રહેલા લોકસભા ચુંટણીઓના ત્રીજા તબક્કાના મતદાન હેઠળ નારણપુરા સબ ઝોનલ ઓફિસ મતદાન મથક ખાતે સહપરિવાર મતદાન કર્યું હતું. તેમની સાથે તેમના ધર્મપત્ની સોનલબેન શાહ, જયભાઈ શાહ તેમજ રિશિતા જયભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ૭ મે ના રોજ લોકસભા ચુંટણીઓ અન્વયે સમગ્ર ગુજરાતમાં ત્રીજા તબક્કાનું મતદાન યોજાઇ ગયું હતું. લોકશાહીના આ મહાપર્વે અમિતભાઇ શાહે સવારે સપરિવાર મતદાન કરી પ્રચંડ જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ગાંધીનગર સંસદીય ક્ષેત્રમાં શાહની અપાર લોકચાહનાના પરિણામ સ્વરૂપ નારણપુરા સબ ઝોનલ મતદાન મથક ખાતે નાગરિકોએ વિશાળ સંખ્યમાં શાહનું સ્વાગત કર્યું હતું. શાહે ઉપસ્થિત જનમેદનીનું અભિવાદન ઝીલી આભાર વ્યક્ત કર્યો હતો.

## રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મતદાન કર્યું

### ભૂપેન્દ્ર પટેલે કહ્યું, ભારતના ભાવિ વિકાસને દિશા આપવાનો અવસર

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મતદાન કર્યા બાદ અપીલ કરતાં કહ્યું કે, ગુજરાતમાં આજે લોકસભા ચૂંટણી અંતર્ગત મતદાન છે. લોકશાહીનું મહાપર્વ ગુજરાતના આંગણે આવ્યું છે. ભારતના ભાવિ વિકાસને દિશા આપવાનો આ અવસર છે. મતદાન એ આપણો અધિકાર પણ છે અને ફરજ પણ છે. ગુજરાતના સૌ મતદારો મહત્તમ મતદાન કરીને લોકતંત્રને મજબૂત બનાવવામાં પોતાનું યોગદાન આપે તેવી અપીલ સૌને કરું છું. ખાસ કરીને, યુવા મતદારો - ફર્સ્ટ ટાઈમ વોટર્સ માટે તો મતદાન થકી ભારતનું અને પોતાનું ભવિષ્ય ઘડવાની આ તક છે. આ અમૂલ્ય અવસરને ચૂકશો નહીં.



### ગરમીથી બેભાન થતાં ચાર લોકોને હોસ્પિટલ ખસેડાયા

આજે લોકસભાની ચૂંટણી દરમિયાન અમદાવાદમાં ગરમીના કારણે બેભાન થવાના ચાર કિસ્સા સામે આવ્યા છે. અસારવા વિસ્તારમાં મતદાન મથકના નોડલ ઓફિસરને હાઈપર ટેન્શન અને ગરમીના કારણે સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે ગુલબાઈ ટેકરા વિસ્તારમાં પંકજ હાઈસ્કૂલમાં 54 વર્ષીય વ્યક્તિ ગરમીના કારણે બપોરે અઢી વાગ્યાની આસપાસ ઢળી પડતા તાત્કાલિક 108 ઈમરજન્સી દ્વારા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યારે જશોદાનગર વિસ્તારમાં એક મહિલાને બ્લડ પ્રેશર વધી જતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત વડોદરા અને આંકલાવમાં પણ 108 ઈમરજન્સીને મતદાન મથક પર તાત્કાલિક સારવારનો કોલ મળતા તેઓએ દર્દીને હોસ્પિટલ ખસેડ્યા હતા.

### પશ્ચિમ વિસ્તારમાં કોંગ્રેસના ટેબલ ઓછા જોવા મળ્યા

આજે લોકસભાની ચૂંટણીમાં અમદાવાદમાં ગાંધીનગર લોકસભા અને અમદાવાદ પશ્ચિમ લોકસભામાં ખૂબ ઓછી સંખ્યામાં કોંગ્રેસના ટેબલ જોવા મળ્યા હતા. માત્ર જમાલપુર, દરિયાપુર, દાણીલીમડા, શાહપુર જેવા વિસ્તારોમાં કોંગ્રેસના ટેબલ ઉપર વધારે ભીડ જોવા મળી હતી, પરંતુ રાણીપ, શિલજ, ઘાટલોડિયા, નારણપુરા જેવા વિસ્તારોમાં કોંગ્રેસના ટેબલો દેખાયા નહોતા.

### મતદાનના દિવસે મારામારી, પોલીસ કાફોલ ખડકી દેવાયો

મિરઝાપુર સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે બેરા સમોસા નામની દુકાન બહાર મારામારી થતાં ત્રણથી ચાર પોલીસ ગાડીઓ સ્થળ પર ખડકી દેવાઈ હતી. મતદાનના દિવસે મારામારીની ઘટના સામે આવતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. મિરઝાપુર સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના મતદાન મથકથી 50 મીટરની હદમાં જ આ ઘટના બનતા પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. મતદાન મથકની એકદમ બાજુમાં આ બેરા સામોસા નામની દુકાન આવેલી છે અને પાછળ આવેલા મોહલ્લા વચ્ચે કોઈ માથાકૂટમાં આ ઘટના બની હોવાનું સૂત્રએ જણાવ્યું હતું. જો કે, પોલીસ આ મામલે કોઈ પણ પ્રકારની માહિતી આપવા તૈયાર નથી.

### ખજુરીની પોળના 20 મતદારોને યાદીમાં મૃત જાહેર કર્યા

શાહપુરની ખજુરીની પોળમાં રહેતા જયેશ પટેલે જણાવ્યું હતું કે, આગળના ઈલેક્શન વિધાનસભામાં મત આપ્યો છતાં આ ઈલેક્શનમાં મને મૃત જાહેર કરવામાં આવ્યો છે. જ્યારે અન્ય એક વ્યક્તિએ જણાવ્યું હતું કે, મતદાર યાદીમાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા છે. જે હયાત છે, વોટર કાર્ડ છે છતાં મત આપવા નથી દેતા. આ એક નથી ખજુરીની પોળમાં 20 નામ સામે આવ્યા છે. જ્યારે શાહપુર વિસ્તારમાં કેટલા થયા હશે તેનો અંદાજો અમને નથી.

### 41 ડિગ્રી તાપમાન પહોંચતા કેટલાક મતદાન મથક ખાલી દેખાયા હતા

બપોરે બે વાગ્યા બાદ અમદાવાદમાં મતદાન મથકો પર લાઈનો ઓછી થઈ ગઈ છે. માત્ર એકલદોકલ વ્યક્તિઓ મતદાન કરવા માટે આવી રહ્યા છે. મણિનગરની દિવાન બલ્લુભાઈ સ્કૂલમાં બે મતદાન મથકો ઉપર પોલિંગ સ્ટાફ પણ બપોરના સમયે થોડો આરામ મળ્યો હોય તેવી રીતે બેઠા જોવા મળ્યા હતા. મતદાન મથકો ઉપર સવારે સાત વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધી જે લાઈનો જોવા મળતી હતી તે લાઈનો હવે જોવા મળતી નથી. અમદાવાદમાં 41 ડિગ્રીની આસપાસ તાપમાન પહોંચ્યું હતુ. ત્યારે મતદાન મથકો ઉપર પણ ગરમીની અસર જણાઈ રહી છે અને માત્ર એકલદોકલ લોકો બપોરના સમયે મતદાન કરવા માટે આવ્યા હતા.

### અમદાવાદમાં ઉધોગપતિ ગૌતમ અદાણીએ લાઇનમાં ઊભા રહીને આપ્યો મત

લોકસભા ચૂંટણી 2024ના ત્રીજા તબક્કા હેઠળ, આજે એટલે કે 7 મે, 2024ના રોજ 12 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની 93 બેઠકો પર પ્રતિનિધિઓને ચૂંટવા માટે મતદાન થઈ રહ્યું છે. આ બેઠકો પર સવારે 7 વાગ્યાથી મતદાન શરૂ થયું હતું. આ પહેલા પીએમ મોદીએ ત્રીજા તબક્કામાં મતદાનનો રેકોર્ડ બનાવવાની અપીલ કરી હતી. અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી પોતાનો આપ્યો વોટ દેશભરમાં લોકસભાની ચૂંટણીનો માહોલ જામી ગયો છે, ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન વહેલી સવારથી જ ચાલુ થઈ ગયું છે. લોકોએ સવારથી જ લાઈનમાં ઊભા રહીને મત આપવાની શરૂઆત કરી હતી. ત્યારે રાજ્યના દિગ્ગજ નેતાઓ પણ મત આપવા માટે વહેલી સવારથી મતદાન મથકે પહોંચી ગયા હતા. આજનો દિવસ લોકસભાની ઘણી બેઠકો માટે તેમજ અનેક રાજકીય અગ્રણીઓ માટે ખાસ છે. ત્યારે લોકસભા ચૂંટણી માટે ત્રીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણી પોતાનો મત આપવા ગુજરાતના અમદાવાદમાં એક મતદાન મથક પર પહોંચ્યા હતા.